# વિરાગ વેલડી




૯૧


-મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

ન્યાયવિશારદ મહામહોપાધ્યાય
શ્રી યશોવિજયજી મહારાજાના વૈરાગ્યકલ્પલતા
ગ્રન્થ (દસ હજાર શ્લોક પ્રમાણ)ના પ્રથમ
સ્તબક (શ્લોક ૨૬૯) ઉપર સંક્ષિપ્ત
સંવેદનશીલ અનુવાદ...

# વિરાગ-વેલડી

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

૯૧

**પ્રકાશક :**

કમલ પ્રકાશન ટ્રસ્ટ
૧૦૨/એ, ચંદનબાળા કોમ્પલેક્ષ,
આનંદનગર પોસ્ટ ઓફિસ પાસે, ભઠ્ઠા, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન નં. ૨૬૬૦૫૩૫૫

**લેખક પરિચય :**

સિદ્ધાન્ત મહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
પૂજ્યપાદ આ. ભગવન્ત શ્રીમદ્ વિજય
**પ્રેમસૂરીશ્વરજી મહારાજાના વિનેય**
**મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી**

**દ્વિતીય સંસ્કરણ : નકલ ૧૦૦૦**

**વિ.સં. ૨૦૭૦,**
**વીર સંવત ૨૫૪૦**

**મૂલ્ય : રૂા. ૧૦૦/-**

**:: મુદ્રક ::**

જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નિતીન શાહ - જય જિનેન્દ્ર)
૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટઝેવિયર્સ હાઈસ્કુલ,
નવરંગપુરા, અમદાવાદ મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪.
E-mail : jayjinendra90@yahoo.com

# પ્રસ્તાવિકમ્

મહોપાધ્યાય શ્રીમદ્ **યશોવિજયજી મહારાજ** સાહેબ રચિત **'વૈરાગ્ય કલ્પલતા'** (દશ હજાર શ્લોક પ્રમાણ) એક મોટો દળદાર ધર્મગ્રંથ છે. તે ગ્રંથના પ્રથમ સ્તબક **'વિરાગ-વેલડી'**ના ૨૬૯ શ્લોક છે. આ પ્રથમ સ્તબકનો ભાવાનુવાદ મુનિશ્રી **ચંદ્રશેખરવિજયજી** મહારાજ સાહેબે ગુજરાતીમાં કરેલ છે.

શ્રી રાજ સૌભાગ આશ્રમમાં દર મહિને આધ્યાત્મિક શિબિરોનું આયોજન થાય છે. મોક્ષમાર્ગના પથદર્શક એવા પ.પૂ. ભાઈશ્રી નલીનભાઈ કોઠારી, આ શિબિરોમાં અલગ અલગ વિષયોને લઈ, અર્થપૂર્ણ વિવેચન દ્વારા સૂક્ષ્મ સમજણ આપે છે. **'વિરાગ-વેલડી'** એક એવો ઉત્તમ વિષય છે કે જેના અભ્યાસથી સાધકોને વૈરાગ્યનું માહાત્મ્ય સુવિશેષ સમજાશે.

વૈરાગ્ય તે અધ્યાત્મનો પાયો છે. જો આ પાયો દ્રઢ અને મજબુત હોય તો જ સાધક તેની ઉપર આધ્યાત્મિક ચણતર કરી શકે છે.

વૈરાગ્યભાવમાં વિકાસ કરી રહેલા સાધકે સતત મોહરાજાના આક્રમણ સામે લડવું પડે છે અને ત્યારે પોતાની રક્ષા અર્થે તે ચારિત્રધર્મરાજાનું શરણ લઈને કેવો બળવાન બને છે એનું સુંદર ચરિત્રદર્શન આ પુસ્તકમાં અપાયું છે.

પુસ્તકના ૧૨૪મા શ્લોકમાં જણાવે છે કે :- 'વૈરાગ્યભાવના સર્વસ્વ સમાં સમાધિભાવને પામવાને માટે સઘળો પ્રયત્ન ભવ્યાત્માએ કરી છૂટવો જોઈએ.' અને શ્લોકમાં ૧૨૫માં 'સમાધિની સુધા સ્વરૂપ આ વૈરાગ્ય જિનેશ્વરદેવની નિષ્કામ ભક્તિમાંથી ઉત્પન્ન થાય છે.' આમ વૈરાગ્ય સમાધિભાવ અને ભક્તિનો આ ત્રણેયનો સમન્વય કરી ઉપાધ્યાયજી આ વિષયને ઘણો રસસભર બનાવ્યો છે.

બધી જ ભુમિકાના સાધકોને આગળ વધવા માટે આ પુસ્તક ઘણું જ ઉપયોગી છે.

**શ્રી રાજ સૌભાગ સત્સંગ મંડળ - સાયલા**

# પુરોવચન

જીવનમાં કયારેક એવા પ્રસંગો બનતાં હોય છે; જેના મધુર સંભારણા ચિરંજીવ બની જાય છે. મારા ગૃહસ્થ જીવનમાં જ્યારે હું રત્નત્રયીને મેળવવાને તલસી રહ્યો હતો ત્યારે એક વાર સુરત જવાનું થયું; શાસન પ્રભાવક, વ્યાખ્યાન-વાચસ્પતિ, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પુણ્યવંતા દર્શન-વંદનાર્થે અને તે કૃપાલુની સુધાવર્ષી જિનાજ્ઞાગર્ભિત દેશનાનું શ્રવણ કરવા માટે.

આ સઘળી વિધિ પત્યા બાદ તેઓશ્રીની પાસે મેં એક માંગણી કરી કે "મને એવો કોઈ સ્વાધ્યાય કંઠસ્થ કરવા આપો, જેના પાઠાદિ સાથે આપનું ઉપકારક સંભારણું સદા ય સંબદ્ધ બની રહે."

અને... તે કૃપાળુએ વિરાગ, ભક્તિ અને સમાધિના વર્ણનના ત્રિવેણી સંગમશા મહોપાધ્યાયજીના વૈરાગ્ય-કલ્પલતા ગ્રન્થના પહેલા સ્તબકને કંઠસ્થ કરવાની મીઠી પ્રેરણા કરી. મેં તરત તેનો અભિગ્રહ લીધો. ગૃહસ્થ જીવનમાં જ તે સ્તબક કંઠસ્થ કરી લીધો.

આજે તો એ વાતને પૂરી એક પચ્ચીસી વીતી ગઈ છે. પરંતુ સેંકડો વારના પાઠના પુટ અપાતાં એ સ્તબકનો

પ્રત્યેક શ્લોક મારા ચિત્તપટમાં ડેરા-તંબૂ નાખીને સ્થિર થઈ ગયો છે. ઘણા વખતથી આ સ્તબકનો ભાવાનુવાદ કરવાની ઇચ્છા હતી; નવા ડીસાના ચાતુર્માસ (વિ. સં. ૨૦૩૧)માં સાકાર બની ગઈ.

જે કેટલાક શ્લોકોના ગૂઢ ભાવોને હું સાંગોપાંગ સ્પર્શી ન શક્યો તે શ્લોકોના સંબંધમાં પૂજ્યપાદ સંયમમૂર્ત્તિ, યોગનિષ્ઠ, મહોપકારી પંન્યાસજી ભગવંત **ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ** સાથે પત્ર-વ્યવહાર કર્યો અને તે કૃપાલુએ મને પૂર્ણ સંતોષ થાય એ રીતે તે સંદિગ્ધ શ્લોકોને સુસ્પષ્ટ કરી આપ્યા.

આ બે ય મહાપુરુષોના ઉપકારનો બદલો તો હું શી રીતે વાળી શકું ? એટલે માત્ર કૃતજ્ઞતા વ્યક્ત કરીને વિરમું છું.

હવે પ્રસ્તુતમાં આવીએ.

અલબેલો છે, આ **વૈરાગ્ય-કલ્પલતા ગ્રન્થ.** એમાં ય અદ્‌ભુત છે એનો પ્રથમ સ્તબક. (શ્લોક ૨૬૯)

જેણે મુનિ-જીવનનો કઠોર-કાંટાળો પંથ સ્વીકાર્યો છે એમના માટે તો આ સ્તબક ખરેખર ભોમિયાની ગરજ સારે છે. વાત્સલ્યની હુંફના ભૂખ્યા માટે એ ખરી 'મા'નું સ્થાન લે છે. અકળાયેલા કોક અભાગી માટે એ સાચો

મિત્ર બની રહે છે. આ સ્તબકમાં મુખ્યત્વે જે ત્રણ પદાર્થોને સંકલિત કર્યા છે; તે છે; **વિરાગ, ભક્તિ** અને **સમાધિ.**

એ તો સહુ કોઈને સુવિદિત જ હશે કે ત્યાગ (સંસાર-પરિત્યાગ) એ ત્યાગ માટે જ હોતો નથી પરંતુ વિરાગ માટે હોય છે. પરન્તુ મોટા રૂસ્તમના ય જીવનમાં કયારેક એવી કતલની પળો આવી જતી હોય છે જયારે આ વિરાગની કલ્પલતાનું અસ્તિત્વ જ જોખમમાં મૂકાઈ જાય છે. આવી પળોમાં શું કરવું ? કોના શરણે જવું ! એનો ઉત્તર આ સ્તબકમાં **સદ્‌બોધમન્ત્રીના** મુખેથી મહોપાધ્યાયજી આપે છે. તેઓ કહે છે કે વિરાગની વેલડીના અસ્તિત્વને ભયમુક્ત કરી દેવું હોય તો તમે ભક્તિનો માર્ગ પકડો ભક્તિ એટલે જિનભક્તિ. આ ઈશભક્તિ એક એવી છે કે જે તમારી વિરાગની ધરતીથી ધ્રૂજી ઊઠેલી કલ્પલતાને **'અભય વચન'** જાહેર કરી શકે.

પણ સબૂર ! મહોપાધ્યાયજી ફરમાવે છે **'ભક્તિ'**થી સંતોષ માની ન લેતા.

ભક્તિને જાજરમાન બનાવવા માટે તરત સમાધિના શ્વાસ ખેંચવા લાગજો. અંતે તો આ સમાધિ જ તમારી, તમારા વિરાગની અને ભક્તિની સુરક્ષિકા છે. સમાધિ લાગી ગયા બાદ ભક્તિને આંચ આવતી નથી.

પછી તો એ ભક્તિ ઔપચારિક ન રહેતાં સમાધિના સ્વરૂપમાં આત્મસાત્ બનીને સ્વભાવ જેવી બની જાય છે.

આ સમાધિનું વર્ણન છેલ્લા એક સો શ્લોકમાં કરવામાં આવ્યું છે. સમાધિમાન્ મુનિઓના જીવનની એકેકી ઝલક; એકેકી મસ્તી; એકેકી લાગણી અને એના એકેકા તારને મહોપાધ્યાજીએ વિધાતાની કોઈ અનોખી અદાથી એવું ચૈતન્ય અર્પ્યું છે કે આ શ્લોકોનો સ્વાધ્યાય કરતાં ગમે તેવા અસમાધિસ્થ આત્માને પણ એ સમયે તો સમાધિ લાગી જ જાય; જીવન-સમાધિની તો આ પામર જીવ શું આશા રાખે ? પણ આ સ્તબકના સ્વાધ્યાય પૂરતી જે સમાધિની લગન સ્પર્શવા મળે છે એય નિશ્ચિતપણે સમ્યગ્દર્શન ગુણની નજાકત કળીનો સર્વાંગે સ્પર્શ અચૂકપણે કરાવી જાય છે એમ કહું તો કદાચ તે વિધાન જરા ય ખોટું નહિ હોય. અસ્તુ.

આ ગ્રન્થમાં બીજી ખૂબ જ મહત્ત્વની વાતને અદ્ભુત રીતે ગૂંથી લેવામાં આવી છે.

મોહરાજના ભયાનક આક્રમણોના મોરચામાં એકવાર ધર્મરાજ પણ જ્યારે હતાશ થઈ જાય છે, ત્યારે તેઓ સદ્બોધ મન્ત્રીની સલાહ લે છે. એ વખતે સદ્બોધ કહે છે કે આવા જંગોમાં બળને બદલે કળનો ઉપયોગ કરવો જોઈએ. એ કળ છે વિશુદ્ધ પુણ્ય ! એના ઉત્પાદન

માટે એક જ શ્રેષ્ઠ ઉપાય છે, જિનભક્તિ.

ભક્તિ દ્વારા જો વિપુલ અને ઉગ્ર પુણ્યનો સંચય કરી લેવાય તો આંતર વાસનાઓ સાથેના યુદ્ધના મોરચે અચૂક સફળતા મળે. પાપકર્મની વાસનાઓ એટલી બધી દુષ્ટ છે કે તેની સામે સીધી લડાઈ કરવી એ સજ્જન આત્માને પાલવે તેવું જ નથી. આવી સ્થિતિમાં લડવાને બદલે લડાવી મારવાની કળ જ અપનાવવી પડે. પાપકર્મો સાથે પુણ્યકર્મોને લડાવી મારવા તે જ સાચી અને સફળ કળ છે.

આંતર મોરચા જેવા બીજા પણ બે બાહ્ય મોરચાઓ છે. એક છે; શાસન ઉપરના આક્રમણોનો મોરચો; અને બીજો છે દુઃખોનો મોરચો... વારંવાર જીવનને અસ્તવ્યસ્ત કરી મૂકતાં કાયિક, કૌટુમ્બિક વગેરે દુઃખોનો મોરચો.

જે કળથી આંતરશત્રુના જંગના સૌથી ભયાનક મોરચે વિજય મળી શકે તે જ કળથી, તેથી ઓછા ખૂંખાર શાસન-મોરચે અને દુઃખ-મોરચે વિજયની વરમાળા કેમ ન વરે ?

આ ગોઠવાયું છે રહસ્ય; આ વિરાગ-વેલડીમાં. આપણે એનું અહીં ઉદ્‌ઘાટન કર્યું.

ચિત્તની ભાવુક સ્થિતિ ધરાવતા આત્માઓ માટે આ ખૂબ જ ઉપકારક બનનારો ગ્રન્થ છે. પ્રાન્તે જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો તે બદલ ત્રિવિધે મિચ્છામિ દુક્કડં યાચું છું.

વિદ્યાશાળા — લિ.

અમદાવાદ-૧ — ગુરુપાદપદ્મરેણુ

વિ.સં. ૨૦૩૨ ચૈત્રીપૂર્ણિમા. — **મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી**



ત્યાગના રાગી બનો.
રાગના ત્યાગી બનો.
જીવ માત્ર પ્રત્યે કોમલ બનજો.
જાત પ્રત્યે કઠોર બનજો.



પુણ્યવંતા મહાવિદેહક્ષેત્રના તપ:સ્વાધ્યાયનિરત, મહાસંયમી મુનિવરોના સાર્થમાંથી, ન જાણે ભૂલા પડીને વિખૂટા પડેલા આ ભરતક્ષેત્રમાં આવી ચડેલા આ છે :-

સિદ્ધાંતમહોદધિ; સુવિશુદ્ધસંયમમૂર્તિ, વાત્સલ્યમહોદધિ

કર્મશાસ્ત્રનિપુણમતિ સ્વ. આચાર્ય ભગવંત

**શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

અગણિત ઉપકારોના ઋણભાર નીચે દબાયેલા અમારા

આપના ચરણોમાં કોટિ કોટિ વંદન...

# શબ્દદેહે આજે પણ ગુરુમૈયા

# ભક્તહૃદયમાં જીવંત છે

સમસ્ત મહાજનવાળા પરમ ગુરુભક્ત સુશ્રાવક ગિરીશભાઈના સમાચાર આવ્યા કે, એક શ્રાવકને પૂ. ગુરુમૈયાની **'વિરાગ વેલડી'** પુસ્તકની ૨૦૦ નકલ જોઈએ છે. એ ભાઈ સાથે સમ્પર્ક કરજો. મુંબઈ વાલકેશ્વરમાં રહેતા સુશ્રાવક વિક્રમભાઈએ મને જણાવ્યું કે ૨૦ દિવસ પછી સાયલામાં ૨૦૦ મુમુક્ષુઓનું શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમમાં મિલન છે. દરેકને આ **'વિરાગ વેલડી'**ના શ્લોકોનું પઠન કરાવવું છે.

એક પણ નકલ હાજર ન હતી. ૨૦ દિવસમાં પુસ્તક તૈયાર કરવું મુશ્કેલ હતું, પણ **જય જિનેન્દ્ર ગ્રાફીકસવાળા નિતીનભાઈ શાહે** એ બોજો દૂર કરી દીધો. મને પ્રુફ તપાસતાં આવડે નહિ— આ બોજો પણ **વૈરાગ્યદેશનાદક્ષ પૂ.આ. ભગ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબે** હળવો કરી આપ્યો. **મુનિશ્રી રાજપ્રેમવિજયજી મ.સા.** તથા મુનિશ્રી જિનપ્રેમવિજયજી મ.સાહેબે એ સાદ્યંત પ્રુફ તપાસી આપ્યું. તેમના ઉપકારનું સ્મરણ આ ક્ષણે કરું છું.

**દેહથી વિદેહ** થયેલા પૂજ્ય ગુરુમૈયા આજે **શબ્દદેહે** જીવંત છે. પૂ. ગુરુમા કહેતા હતા કે "મારા પુસ્તકો એ મારા શિષ્યો છે. મારા ગયા પછી આ પુસ્તકો ઘણું કામ કરશે." પરમ કરૂણામય પૂ. ગુરુમૈયાએ પોતાના સાહિત્ય વારસાના સંવર્ધનની જવાબદારી મને સોંપી છે. પૂ. ગુરુમૈયાના અંતરના આશિષ આ કાર્યમાં મને સતત સહાયક બને એજ અભિલાષા.

વિ.સં. ૨૦૭૦, જે.સુ.દશમ

પૂ. ગુરુમૈયાની ૩૫મી માસિક તિથિ — **મુનિ હંસબોધિવિજય**

**યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પંન્યાસપ્રવર**
**શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના વરદ હસ્તે લખાયેલ**

૨૮૫ પુસ્તકો ઓનલાઈન વાંચવા / ડાઉનલોડ કરવા

www. yugpardhan.com

www.facebook.com/theyugpardhan

**● વિશેષ માહિતી માટે ●**

અખિલ ભારતીય સંસ્કૃતી રક્ષક દળ, સુરત કેન્દ્ર

વિરેશભાઈ શાહ - ૦૯૭૬૩૯ ૨૨૮૮૫૫

શાલિભદ્ર શાહ - ૦૯૪૨૮૦ ૬૦૦૯૩

---

**યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પંન્યાસ પ્રવર**
**શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના ચિંતનોથી ભરપૂર**
**"મુક્તિદૂત" માસિક**

**પંચવાર્ષિક લવાજમ માત્ર રૂ. ૫૦૦/-**

માસિકના ગ્રાહક બનવાથી આપશ્રીને
પૂજ્યશ્રીના પરોક્ષ સત્સંગનો લાભ મળશે.
૫૬ વર્ષના અનુભવોનો નિચોડ મળશે.
ધર્મ-સંસ્કૃતિ-રાષ્ટ્ર રક્ષાના ઉપાયો જાણવાં મળશે.

**થોડામાં ઘણું જાણવાનું મળશે**

● લવાજમ ભરવાનું સ્થળ ●

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨/એ, ચંદનબાળા કોમ્પલેક્ષ, આનંદનગર પોસ્ટ ઓફિસ
પાસે, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭. ફોન : ૨૬૬૦૫૩૫૫

## મંગલાચરણ:

ऐन्द्रीं श्रियं नाभिसुतः स दद्या-
दद्यापि धर्मस्थितिवल्लिः ।
येनोप्तपूर्वा त्रिजगज्जनानां
नानान्तरानन्दफलानि सूते ॥१॥

ભાવાનુવાદ : હે નાભિરાજાના પુત્ર ! ભગવાન્ આદિનાથ ! આ આખા ય વિશ્વનો ધણી મારો આતમ ! બિચારો ! અનાથ ! વિષયભોગોના સુખોની પાછળ પાગલ થઈને પુણ્યનું ચપ્પણીયું લઈને જયાં ને ત્યાં લાજ મૂકીને માંગણીઓ થઈને ભટકે છે !

ઓ, દેવ ! એના સ્વરૂપમાં જ પડેલા રત્નત્રયીના અનંત ધનને આપ પ્રગટાવો. એને એના સ્વરૂપનું ભાન એને બક્ષીસ કરો.

ખૂબ સમજીને આપની પાસે આવી આજીજીભરી માંગણી કરું છું; મને ખબર છે કે આપે આ ભરતક્ષેત્રમાં પૂર્વે વાવેલી ધર્મ-કલ્પ વેલડી આજે ય—અસંખ્ય વર્ષો વીતી ગયા પછી પણ—ત્રણે ય જગત્‌ના લોકોને ચિદાનંદના અનેક ફળો અબાધિતપણે આપી રહી છે.

અહો, કેવું છે; આપનું માહાત્મ્ય ! હવે આપની પાસે યાચના કરવામાં હું સ્થાન ભૂલ્યો છું એમ તો કોણ કહી શકશે ?

सदोदयो हृद्गहनस्थिताना-
मपि व्ययं यस्तमसां विधत्ते ।
जयत्यपूर्वो मृगलाञ्छनोऽसौ
श्रीशान्तिनाथः शुचिपक्षयुग्मः ॥२॥

આપને હરિણનું લાંછન ! પેલા ગગનની ચાંદને ય હરિણનું લાંછન ! પણ આ સમાનતા છતાં ય કેટલી બધી અસમાનતા ! પેલો ચાંદ ! શુકલપક્ષે જ ક્રમશઃ ઉદય પામે.

અને આપ ! સદા ય સંપૂર્ણ ઉદયવંતા ! પેલો... ધરતીનાં જ અંધારપટોને ભેદી શકે ! અને આપ... અનેક આતમના અંદર પેઠેલા અજ્ઞાનના અંધકારોને પલકમાં ચીરી નાંખો ! પેલો... બિચારાને એક જ પક્ષ શુક્લ ! આપને...બન્ને ય-બધા ય પક્ષ ઉજળા ! ખરેખર ! આપ કોઈ અનોખા જ મૃગલાંછન છો !

**યાદ રાખવા જેવું !**

- **तं आइत्तु ण णिहे**
  **ण णिक्खिवे**

પ્રભુની આજ્ઞાને સાંભળ્યા પછી રાખી ન મૂકવી પણ વીર્યોલ્લાસની જાગૃતિપૂર્વક અમલમાં ઉતારવા પ્રયત્ન કરવો.

चाणूरजिद्दर्पमहासमुद्र-
व्यालोडनस्वर्गिगिरिबाहुवीर्यः ।
राजीमतीनेत्रचकोरचन्द्रः
श्रीनेमिनाथः शिवतातिरस्तु ॥३॥

ઓ ત્રિલોકગુરુ ભગવાન્ નેમનાથસ્વામી ! અમને શિવ આપો...શિવ આપો.

જેણે ચાણૂર નામના રાક્ષસને જીતી લીધો એવા શ્રીકૃષ્ણના અહંકારના સમુદ્રને તો આપે મેરુ જેવા આપના બાહુઓ વડે વેરવિખેર કરી નાંખ્યો ! અહો, કેવું આપનું પરાક્રમ !

ઓ, મહાસતી રાજીમતીજીના આંતર ચક્ષુ-ચકોરને સદૈવ આનંદ બક્ષનારા ચન્દ્રમા ! ભગવાન્ નેમિનાથ ! અમને શિવ આપો.

### ધ્યાનમાં રાખવા જેવું

- **उवसमसारं खु सामण्णं**
  સાધુપણામાં ઉપશમ=વિષયકષાયોનો યોગ્ય નિગ્રહ પ્રધાન-શ્રેષ્ઠ છે.

- **सोही खलु उज्जुभूअस्स**
  સરલ પરિણામી આત્મા જ શુદ્ધિ મેળવી શકે છે.

यः सप्त विश्वाधिपतित्वसूचा-
नूचानभोगीन्द्रफणातपत्रैः ।
विभाति देवेन्द्रकृतां ह्रिसेवः
श्रीपार्श्वदेवः स शिवाय भूयात् ॥४॥

ઓ કરુણાવત્સલ પાર્શ્વસ્વામી ! સાતે ય વિશ્વ (સમગ્ર વિશ્વ)ના અધિપતિત્વના સૂચક, મનોહર સાતનાગ-ફણાઓના છત્રોથી આપ શોભી રહ્યા છો.

દેવેંદ્રો આપના ચરણોની સેવા કરે છે ! અમે જીવ છીએ; અમને શિવ બનાવો.

**૦ મોક્ષ નજીક કયારે ?**

**आसण्णकालभवसिद्धियस्स जीवस्स लक्खणं इणमो ।**
**विसयसुहेसु ण रज्जइ, सव्वत्थामेसु उज्जमइ ॥**

વિષયની વાસનામાં તે લપટાય નહીં, ક્ષણિક ઈન્દ્રિય સુખમાં આસક્ત ન બને, તેમજ જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે કર્મનિર્જરાના ધ્યેયથી સંયમ માર્ગે આગળ વધવા અત્યંત ઉત્સુકતાપૂર્વક મથામણ કરે=
=તે નજીકમાં મોક્ષે જનારા પુણ્યાત્મા છે.

—શ્રી ઉપદેશમાલા ગા. ૨૯૦

आस्वाद्य यद्वाक्यरसं बुधानां
पीयूषपानेऽपि भवेद्घृणैव ।
नमामि तं विश्वजनीनवाचं
वाचंयमेन्द्रं जिनवर्धमानम् ।।५।।

ચરમશાસનપતિ વર્ધમાનસ્વામીજીને મારા કોટિ કોટિ વંદન.

આપની ધર્મદિશનાના એકેકા વાક્યનો રસાસ્વાદ પામનાર સજ્જનોને અમૃત તરફ પણ નફરત થઈ ચૂકી છે.

વિશ્વના સર્વ જીવોનું કલ્યાણ કરવાની અપ્રતિહત તાકાત ધરાવતી વાણીના સ્વામી, હે મુનિવરોના ગણનેતા ! આપને પુનઃ શિરસા વંદન.

### જીવનશુદ્ધિના ઉપાયો

- ગુણગ્રાહી દષ્ટિની કેળવણી.
- સ્વદોષદર્શનની સૂક્ષ્મતમ રીતિ
- કર્તવ્યનિષ્ઠા, ગંભીરતા, ધીરતા આદિ.
- વાતાવરણ શુદ્ધિ.

**एताँस्तथान्यान्प्रणिपत्य मूर्ध्ना**
**जिनाननुध्याय गुणान् गुरूणाम् ।**
**सारस्वतं च प्रणिधाय धाम**
**करोमि वैराग्यकथां विचित्राम् ॥६॥**

રાગની કથાઓથી સાવ અનોખી–વિચિત્ર–વૈરાગ્ય કથાનો હવે હું આરંભ કરું છું. પણ તે પહેલાં :–

બીજા પણ સર્વ જિનેશ્વરદેવોને મારા શિરસા વંદન હો.

ગુરુભગવંતોના ગરિમાશાલી ગુણોને નમન હો ! માતા સરસ્વતીના જ્ઞાનસહાયક તેજનું સ્મરણાત્મક અભિવાદન મને પ્રાપ્ત થાઓ.

**આદર્શ આજ્ઞા**

**"जयणाइ वट्टियव्वं**
**ण हु जयणा भंजए अंगं ॥"**

સંયમીએ દરેક પ્રવૃત્તિમાં જયણા=જ્ઞાનીની આજ્ઞા મુજબ–પૂર્વક પ્રવર્તવું !

જયણા આચરવામાં કંઈ જોર પડતું નથી. તે માટે ઉપયોગની જાગૃતિ જરૂરી છે.

–શ્રી ઉપદેશમાલા ગા. ૨૯૪

# વૈરાગ્યની ધારાનું માહાત્મ્ય

सूक्तानि वैराग्यसुधारसेन
सिक्तानि तुष्टिं ददते यथाऽन्तः ।
तथा बुधानां नहि वेणुवीणा
मृदङ्गसङ्गीतकलाविलासाः ॥૭॥

ઓ, ભોગી જનો ! એટલું તો હું પૂરા આત્મવિશ્વાસથી તમને જણાવીશ કે વૈરાગ્યના અમૃતરસોના છાંટણા પામેલા વિરાગના વચન-સૂક્તો સંસારના ત્રિવિધ તાપ અને સંતાપોથી ભડભડ જલતા અંતરને જેવા ઠારે છે એ તો કોઈ અજબ-ગજબની સિદ્ધિ છે.

ના...ના...એ બળતા ભડકાઓમાં કર્ણમધુર જણાતી વાંસળી, વીણા, મૃદંગ કે સંગીતની કલાના વિલાસી સૂરો અને તાલો સુજ્ઞજનોને કદી શાશ્વત આશ્વાસન બક્ષી શક્યા નથી.

**आगमेण सया परक्कमिज्जासि**

વિવેકી સાધુએ સદા આગમ-જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે વર્તવા પ્રયત્નશીલ થવું જરૂરી છે.

**व्योम्नो यथेन्दुः सदनस्य दीपो,**
**हारस्य सारस्तरलो यथा वा ।**
**वनस्य भूषा च यथा मधुश्री-**
**र्ज्ञानस्य वैराग्यमतिस्तथैव ॥८॥**

જેવો દીપે છે ગગનમાં ચાંદ,
જેવી શોભા છે; દીપની, હવેલીમાં;
જેવી મહત્તા છે હારમાં ચગદા (તરલ)ની;
જેવી પુરબહાર બની છે વનની શોભા; વસંતઋતુમાં...

અહો ! જ્ઞાનીની કિંમત પણ તેની વિરાગ નીતરતી જીવનની પદ્ધતિમાં છે. જ્ઞાની, માત્ર વિરક્ત !

જ્ઞાની ! અને અવિરક્ત ! અસંભવ ! એવા જ્ઞાનીને તો જ્ઞાની ન કહેતાં જ્ઞાનવાદી જ કહેવો જોઈએ.

**યાદ રાખવા જેવું !**

**साहीणे चयइ भोए,**
**से हु चाइत्ति वुच्चइ ।**

અનુકૂળ સંયોગોએ સામે ઉપસ્થિત થયેલ ભોગ સામગ્રીને સ્વેચ્છાપૂર્વક છોડે કે છોડવા મથે તે ખરેખર ત્યાગી કહેવાય.

**साधारणी ज्ञानविधोरशेषाः**
**शेषाः कलाः के कलयन्ति नोच्चैः ।**
**धत्ते पदं या भवमूर्ध्नि तां यः**
**प्रेक्षेत वैराग्यकलां स धन्यः ॥९॥**

ગગનના ચાંદની સોળ કળાઓ કહેવાય છે. જ્ઞાન એ પણ ચાંદ જ છે ને ? એની ય ઘણી બધી કળાઓ છે. પણ સબૂર ! આ ચાંદની બીજી બધી કલાઓ વિદ્વત્તા તાર્કિકતા લેખનશક્તિ, વાચાળતા વગરે-કોઈ અસાધારણકક્ષાની કળાઓ નથી. એ બધી સામાન્ય પુણ્યે પણ સિદ્ધ થઈ જાય એવી સામાન્ય કળાઓ છે. એ કળાઓને તો ઘણા બધા માણસો સિદ્ધ કરી લે તેમાં કશી નવાઈ પણ નથી.

આ જ્ઞાન ચાંદની ખરેખરી—અસામાન્ય કોટિની કલા-તો એક જ છે; જેનું નામ છે; વૈરાગ્યકલા. મહાભયંકર ભવરાક્ષસના માથે પોતાનો પગ ખડો કરી દઈને તેને ઘોર પરાજય આપવાની તાકાત આ એક જ વૈરાગ્ય કળા ધરાવે છે.

આ વૈરાગ્યકળા ઉપર મુગ્ધ બની જઈને જે આત્માઓ એની તરફ ટીકી ટીકીને જોયા કરે છે, એ કલાને જેઓ આત્મસાત્, જીવનસાત્ કરે છે તે આત્માઓ સાચે જ ધન્ય બની ગયા છે !

शमाग्नितप्ताष्टरसावशिष्ट-
प्रकृष्टवैराग्यरसव्रतत्वं ।
विनास्त्युपायो भुवि कोऽपि चारु-
र्न ज्ञानगर्वज्वरशान्तिहेतुः ॥१०॥

અરે ! અરે ! જ્ઞાન પણ ક્યારેક કેવો જીવલેણ જ્વર બની જાય છે ! હશે કોઈ આ ધગધગતા તાવની શાન્તિનો સુંદર ઉપાય; આ ધરતી ઉપર ?

હા...એક ઉપાય છે; એક જ ઉપાય છે. સાંભળો... સમતાના અગ્નિમાં આઠે ય રસોને તપાવ્યા પછી જે રસ બાકી રહી ગયો તેનું નામ છે; તીવ્રવૈરાગ્ય. આ તીવ્ર વૈરાગ્યની ગોળીઓ બનાવીને જ્વરનો દર્દી ખાય તો તરત જ તેનો તાવ ઊતરી જાય.

જે વિરક્ત નથી તેને જ્ઞાન, તપ, ત્યાગ, વિદ્વત્તા આદિ કોઈ પણ રસનું કારમું અજીર્ણ થઈને જ રહેશે.

**જ્ઞાની કોણ ?**

आवहं तु पेहाए
इत्थ विरमिज्ज वेयवी ।

સંસારના સ્વરૂપને જાણીને તેનાથી છૂટવા મથે તે સમ્યગ્જ્ઞાની કહેવાય.

**साम्राज्यमक्लेशवशीकृतोर्वि,**
**जनप्रणीतस्तुतिलब्धकीर्त्ति ।**
**ज्ञानादिरत्नैः परिपूर्णकोशं,**
**वैराग्यरूपं हितकृन्न कस्य ॥११॥**

આ વૈરાગ્યરૂપી સામ્રાજયની આંખે ઊડીને વળગતી વિશેષતાઓ તો જુઓ !

જે વિરાગી આત્મા છે એને કશા ય યુદ્ધાદિ કલેશ કર્યા વિના આખી ધરતી વશ થઈ જાય છે !

વિરાગી કીર્ત્તિ કમાવાના કદી ધંધા કરતો નથી પણ લોકો જ એ આત્માના ચોફેર ગુણો ગાઈને એને અઢળક કીર્ત્તિ મેળવી આપે છે !

લોકો કહે છે કે વિરાગી પાસે રાતો પૈસો ય હોતો નથી તો ખજાનો તો ક્યાંથી હોય ? હા...વાત પણ તદ્દન સાચી છે, પરન્તુ વિરાગી જન પાસે જ્ઞાન, દર્શન, ચારિત્ર્યના રત્નોથી ભરપૂર ખજાનો છે એનું શું ?

**० असारा विसया णियमगामिणो**

વિષયો ખરેખર અસાર છે, અને નિયમા કરીને નાશ પામનાર છે.

**० कामे कमाही कमिअं खु दुक्खं**

કામનાઓને દબાઓ તો દુઃખ દબાયું જ છે.

**आपातरम्या परिणामरम्यां,**
**सुनिर्मलाङ्गीं मलपात्रगात्रा ।**
**रुच्या बुधानां ललनाऽस्ति कापि,**
**वैराग्यलक्ष्मीं न विना जगत्याम् ॥१२॥**

મર્ત્યલોકની માનુની અને સંતોની વૈરાગ્ય લક્ષ્મી ! બે ય સ્ત્રી ! પણ બે વચ્ચે અંતર કેટલું બધું ?

માનુની તત્કાળ ક્ષણભર સુખ આપે ! વિરાગલક્ષ્મી ભલે એવી વર્ત્તમાનક્ષણે દુઃખદા હોય પણ એના સ્વામીનું ભાવી અત્યંત રમ્ય બનાવી આપે.

પેલી મળ-મૂત્રથી ભરેલા ગાત્રોવાળી ! અને...વિરાગ લક્ષ્મી ! સદા સર્વત્ર અત્યંત નિર્મળ !

હવે સુજ્ઞજનોને આ વિરાગલક્ષ્મી મળી ગયા પછી જગતની કોઈ પણ માનુની ઉપર લગીરે સ્નેહ જાગે એ શું સંભવિત છે ?

**भावकिरिअमाराहेइ-**
**-पसमसुहमणुहवइ**

જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે કર્મ-નિર્જરાના ધ્યેયથી ક્રિયા જે કરે તે પ્રશમ=અપૂર્વ આધ્યાત્મિક રીતે વૃત્તિઓના શમન=નું સુખ અનુભવે છે.

**वैराग्यमित्रं कृतिनां पवित्रं**
**लब्धं प्रसादान्नृपसुस्थितस्य ।**
**प्रदर्शयत्येव विवेकरत्नं**
**विधाय वाचाटखलाक्षिबन्धम् ॥१३॥**

સુસ્થિત મહારાજા ! કરુણાશાલી ભગવાન જિનેશ્વર દેવ ! એમની કૃપા ઊતરે ત્યારે જ સાધુજનોને વૈરાગ્ય નામનો સદાનો સંગાથી મિત્ર પ્રાપ્ત થાય છે.

આ વિરાગમિત્ર વાચાળ-અર્ધદગ્ધ લુચ્ચાઓની આંખે આશ્ચર્યજનક ઉસ્તાદીથી પાટો બાંધી દે છે અને પછી સાધુજનોને 'વિવેક' નામનું અત્યંત ઝળહળતું રત્ન બતાડે છે.

(એકલો વિરાગ ન ચાલે. સાધનાનું એ તો અર્ધ-વર્તુળ છે. વિવેક વિના સાધના પૂર્ણ થતી નથી અધૂરી સાધનાએ સિદ્ધિ મળતી નથી.

વિરાગ જગતને જુદું પાડે છે.

વિવેક દેહ અને આત્માને જુદા દેખાડે છે.)

**० अप्पा अरी होइ अणवट्ठियस्स**

જ્ઞાનીની આજ્ઞામાં ન રહેનારાનો આત્મા (પોતાનો જ) દુશ્મન થઈ રહે છે.

**० धम्मो अ ताणं सरणं गई य**

ધર્મ જ ત્રાણ, શરણ અને ગતિ સ્વરૂપ છે.

नानाविधाध्यात्मिकभावरत्न-
प्रभाभरोद्भासितचित्तभित्तौ ।
परिस्फुरन्मूलगुणेन्दुकान्ता-
भिबद्धसत्कुट्टिमसन्निवेशे ॥१४॥

विसृत्वरैरुत्तरसद्गुणौघैः
प्रपञ्चितानन्तवितानशोभे ।
स्वकर्मरन्ध्राख्यगवाक्षलम्बि
मुक्तावचूलोपमधीगुणौघे ॥१५॥

प्रधूपिते निर्मलवासनाभिः
सुसत्त्वकर्पूररजोऽभिरामे ।
विसृत्वरीभिः श्रुतधारणाभिः
कस्तूरिकाभिः सुरभीकृते च ॥१६॥

छायाभरै र्ध्वस्तसमस्तकर्म-
घर्मप्रचारे स्वविलाससिद्धैः ।
नीते सदा शीतलतां च शील-
लीलाभिधैः सांक्रमिकाम्बुयन्त्रैः ॥१७॥

वैराग्यसद्मन्य विकल्पतल्पे
स्थिता भृते संवरशुद्धिपुष्पैः ।
महानुभावाः सह धर्मपत्न्या
सुखं श्रयन्ते समताख्यया ये ॥१८॥
तेषां मुनीनां खलु तात्त्विकीयं,
गृहस्थताऽवस्थिति शर्मभूमिः ।
परे गृहस्थास्तु परिभ्रमन्तः
संसारकान्तारमृगस्वरूपाः ॥१९॥
षड्भिः कुलकम् ।

મુનિઓનું જે ગૃહસ્થજીવન છે તે જ ખૂબ ઉત્તમ છે.

શું મુનિઓનું પણ ગૃહસ્થજીવન હોઈ શકે ? એમને ઘર, સ્ત્રી, વગેરે કદી સંભવે ખરા ? હા...જરૂર...સાંભળો ત્યારે એમના અનોખા ગૃહસ્થજીવનની વાતો.

આવો તો છે : એમનો **વૈરાગ્ય-મહેલ !**

૧. અનેક પ્રકારના અધ્યાત્મભાવોના રત્નોની કાંતિથી ઝળહળી રહેલો.

૨. ચિત્તની ભીંતવાળો.

૩. દેદીપ્યમાન મૂલ-ગુણોના ચન્દ્રકાન્ત મણિઓથી જડેલા અગાસીના સર્વોત્તમ ભાગોવાળો.

૪. વ્યાપક અને ઉત્તમ ઉત્તરગુણોના બનેલા અનંત ચંદરવાઓથી શોભતો.

૫. કર્મવિવર નામના જેના ઝરૂખામાં બુદ્ધિના ગુણો સ્વરૂપ મોતીના ઝુમખાં લટકી રહ્યા છે.

૬. જે નિર્મલ વાસનાઓથી સુગંધિત છે.

૭. જે ઉત્તમવીર્યના કર્પૂરની રજકણોથી મનોહર છે.

૮. વિસ્તાર પામતી શ્રુતધારણાની કસ્તૂરીઓથી જે સુગંધિત બન્યો છે.

૯. આત્માના (પોતાના) ગુણવિલાસથી સિદ્ધ થયેલા છાંયડાઓના સમૂહોથી સઘળા કર્મોની ગરમીનો વ્યાપ જ્યાં નષ્ટ થઈ ગયો છે.

૧૦. (સતત ઊડતા) શીલલીલાના ફુવારાઓને લીધે જ્યાં ઠંડક વ્યાપી છે.

૧૧. જેમાં સંવરશુદ્ધિના પુષ્પોથી ભરપૂર નિર્વિકલ્પ દશાની પથારી બનાવેલી છે.

આવા વૈરાગ્યના મહેલની તે પથારીમાં સમતા નામની પોતાની પત્ની સાથે મહાપુરુષો—સંતો—સુખે સૂતા રહે છે.

માટે જ, સાચું ગૃહસ્થજીવન તો આ સંતોનું જ કહેવાય. એ સિવાયના જે ગૃહસ્થો છે એ તો બિચારા જગતના મુડદાલ રોઝ જેવા છે.

ભટકામણ એ જ એમનું જીવન અને રિબામણ એ જ એમનું મરણ.

श्रद्धा-धृति-क्षान्ति-दया-सुमेधा-
मुख्याप्सरोभिर्विलसत्यजस्त्रम् ।
वैराग्यरूपे खलु नन्दने यः
शक्रोऽपि कस्तस्य मुनेः पुरस्तात् ॥२०॥

રે ! દેવોની દુનિયાના રાજા ઈન્દ્રના વૈભવો પણ આ મુનિઓની પાસે પાણી ભરે છે. પાણી.

આ મુનિવરો પાસે નિર્મળ વૈરાગ્ય ભાવનું અદ્‌ભુત નંદનવન છે. ક્યાં છે એવું નંદનવન; રાંક ઈન્દ્ર પાસે ?

આ નંદનવનમાં મુનિવરેન્દ્ર અનેક ઉર્વશીઓ અને અપ્સરાઓ સાથે અહર્નિશ મદમસ્તીની છોળો ઉડાડે છે. એ અપ્સરાઓના નામ છે; શ્રદ્ધા, ધૃતિ, ક્ષાન્તિ, દયા, સુમેધા વગેરે.

હાય ! છાશવારે રિસાતી, અકળાતી અને અંતે મરતી પેલા ઈન્દ્રની અપ્સરાઓ ! બિચારો ! એના મનામણા આદિમાંથી જ ઊંચો ન આવે ! અને દેવીનું મૃત્યું થતાં તેના વિરહનો ત્રાસ ! મૈયારી ! એ રૂદન તો કાળમીંઢ પાણાંને ય જાણે પીગળાવી નાંખે !

रसान्तरस्येह कथा तथात्वं,
करोति भावैरुपनीयमानैः ।
बाह्यैः स्वमाभ्यन्तरशुद्धरूप-
मेकैववैराग्यकथोपधत्ते ॥२१॥

વૈરાગ્યરસ સિવાયના શૃંગારાદિ કોઈ પણ રસને પોષતી કથાનું મૂલ્ય કેટલું ? બહારના વિશ્વના કેટલાક પ્રસંગો- કૌટુંમ્બિક ક્લેશ, સમાજિક ઘટનાઓ, પ્રણયના પ્રસંગો કે યુદ્ધની વાતો જેવી ભાડુતી કથાવસ્તુઓ ઉપર જ આ બધી કથાઓનું મંડાણ થાય છે.

અને વૈરાગ્યરસના અબીલ-ગુલાલ ઉડાડતી વિરાગ કથાઓ ! એની તો શી વાત કરવી ? આ એક જ પ્રકારની કથાઓ એવી છે કે જે આત્માના શુદ્ધસ્વરુપ ઉપર જ પોતાનું કથાવસ્તુ (પ્લોટ) તૈયાર કરે છે.

'શુદ્ધ'માંથી ઝરતાં સંવેદનોની વિરાગ કથાની મહત્તા ઊંચી આંકવી જ રહી.

સત્કાર્ય કરતા સુજનોએ દુષ્ટોના આક્રમણો સામે અભય બનવું :–

**स्वतः सतामादरगोचरत्वा**
**दस्यां खलानामरुचेर्न दोषः ।**
**न कल्पवल्लिः करभानभीष्टे-**
**त्युपैत्यकीर्त्ति विबुधोपसेव्या ॥२२॥**

વૈરાગ્યના રસ ઝરતી આ વેલડીમાં સજ્જનોને સ્વયંભૂ રીતે આદર પ્રગટ થયો છે.

નથી એ આદર, કોઈને મારી પરાણીને ઊભો કરાવેલો.

હવે એ વેલડી પ્રત્યે દુર્જનોને નફરત થતી હોય તેથી શું ? કાંઈ એ વેલડીના રસનું બ્યાન પણ ન કરી શકાય ?

દેવોની કલ્પવેલડી ગધેડાઓને કદી મીઠી લાગતી નથી, પણ તેથી શું સજ્જનોથી સેવાતી એ કલ્પલતા જગતમાં અપકીર્તિને પામે છે ? કદાપિ નહિ.

દુર્જનોનો ગમો કે અણગમો બે ય નગણ્ય છે. સજ્જનો એને કદી લક્ષમાં લે નહિ.

---

१. सतामाचरगो० - मुद्रितपाठः ।

उपक्रमो धर्मकथाश्रयो न
त्याज्यः खलाप्रीतिभिया प्रबुद्धैः ।
नो चेन्मलोत्पत्तिभिया जनानां
वस्त्रोपभोगोऽपि कथं घटेत ॥२३॥

'દુર્જન માણસોને આ ધર્મકથા નહિ ગમે' એવા ભયથી પ્રબુદ્ધ સંતો ધર્મકથાનો આરંભ કરતાં કેમ અટકી શકે ?

નહિ તો પછી, 'સુંદર વસ્ત્રો પહેરતાં તે મેલા થશે એવા ભયથી વસ્ત્રો પહેરવાનું પણ માણસોએ બંધ કરી દેવું પડે.

તે મારો દિવસ ક્યારે આવશે કે જ્યારે હું નિર્મલ ચારિત્ર પાળીશ ! શ્રી જિનશાસનની મર્યાદાનુસાર મુનિના માર્ગે ચાલીશ !

જન્મ-જરાદિ દુઃખના સમૂહથી મુક્ત બનેલ હું સંવેગ, નિર્વેદ, પ્રભુ-વચનની શ્રદ્ધા કરૂણા અને પ્રશમ ભાવને ધરનાર ક્યારે બનીશ ?

**अस्पृष्टपूर्वे तमसां समूहैश्चारो**
**यदि स्याद् गगने सुधांशोः ।**
**अदूषिते वर्त्मनि दुर्जनैः स्याद्**
**गतिस्तदा साधुजनस्य वाचाम् ॥२४॥**

જ્યાં કદી અંધકાર વ્યાપ્યો નથી એવા ગગનમાં શું ચન્દ્ર આગેકૂચ કરે છે ? ચન્દ્રની આગેકૂચ તો અંધકાર વ્યાપ્ત ગગનમાં જ થાય છે ને ?

જ્યાં દુર્જનો નિંદા, કુથળીના ઉકરડા નાંખે છે તેવા માર્ગે જ સાધુજનો નીડરતાથી ડગ માંડતા આગળ વધે છે.

**માર્મિક શાસ્ત્રાજ્ઞાઓ**

**○ रागादओ भावसत्तू**

ખરેખરા શત્રુ રાગ-દ્વેષ આદિ જ છે.

**○ तवं कुव्वइ मेहावी**

બુદ્ધિશાળી તપમાં મચી પડે છે.

**○ ण पेमरागा परमत्थि बंधो**

પ્રેમ-રાગ થકી મોટું બીજું કોઈ બંધન નથી.

**श्रव्ये खलानां न हि शास्त्रभावे**
**बुद्धिः परं मज्जति कूटदोषे ।**
**चञ्चूर्विहायैव हि पद्मखण्डं,**
**सद्यः पुरीषे पतति द्विकानाम् ॥२५॥**

રે ! દુષ્ટોની બુદ્ધિની બુદ્ધિએ કયે દી એકાંતે સાંભળવા લાયક શાસ્ત્રોના પદાર્થોમાં દિલચશ્પી ધરાવી છે ? એ બુદ્ધિ તો જૂઠા દોષો શોધવામાં જ કાળી બની છે.

બિચારો કાગડો ! સુંદર મજાનું ખીલેલું કમળ સામે પડ્યું હોય તો ય તેને છોડીને તેની ચાંચ કોઈ માનવની વિષ્ઠામાં જ એકદમ પડવાનું પસંદ કરતી હોય ત્યાં શું કહેવું ?

● **સંસાર** એટલે ઉન્માદ—વાસનાઓનો રાજ માર્ગ.

● આપણે સંસારમાં કદાચ હોઈએ, પણ આપણામાં સંસાર ન રહે તો જ આત્મશુદ્ધિ વધુ સરળ બને.

● પરપંચાત છોડી આત્મ સંશોધન માટે મથે તે સાધુ.

**न प्रत्ययार्हा प्रकृतिः खलानां,**
**न चारूरूपं समुपैति किञ्चित् ।**
**संस्कारहीनामिति तामपेक्ष्य,**
**को वा क्रियां साधयितुं यतेत ॥२६॥**

ના...ના...દુર્જનોની સંસ્કારહીન પ્રકૃતિ પ્રત્યે જો લાગણી બતાડવામાં આવે તો સજ્જનો કોઈ કામ જ કરી ન શકે; કેમ કે દુર્જનોની, વાત ઊપર કદી વિશ્વાસ મુકાય નહિ, ગમે ત્યારે વિશ્વાસઘાત કરી દેવાનું તો એમના સ્વભાવમાં પડેલું પાપ છે. વળી એમની દુષ્ટ પ્રકૃતિને સમાવી લેવા કે ખુશ કરી દેવાના ગમે તેટલાં પ્રયત્નો કરવામાં આવે તો ય એ પ્રકૃતિમાં કદી કોઈ સૌન્દર્ય પેદા થતું જ નથી.

પછી શા માટે એમની દુષ્ટતાને નજરમાં લઈને કોઈ સજ્જન પુરુષે પોતાની કૃતિમાં આગળ ધપતાં અટકવું જોઈએ ? કે નિરાશ થવું જોઈએ ?

गुणः खलस्याप्ययमग्र्य एव
यद्दोषचिन्तादहनाभिलीढम् ।
तदास्य शाणे परिघृष्यमाणं,
सतां वचः शस्त्रमुपैति दीप्तिम् ।।२७।।

એટલે દુર્જનોને જે કામ કરવું હોય તે કરવા દો; આપણે આપણું કામ કરતા જ રહો. આપણને તો દુર્જનોથી પણ લાભ જ થવાનો છે. એમનાથી એક મોટો લાભ થશે કે આપણા કામમાં અછતાં પણ દોષો જ જોયા કરવાની એમના અંતરમાં જે આગ છે એમાં આપણી શાસ્ત્રકૃતિના વચન-શસ્ત્રો ભલેને પડતાં રહે; અગ્નિથી એ શસ્ત્ર વધુ તે જ બનશે ! વળી તે દુર્જનોનું મોં પણ સરાણનું જ કામ કરશે ! એના મુખની સરાણ ઉપર ચડેલું આપણું શાસ્ત્ર વચન-શસ્ત્ર વધુ ધારદાર બનશે !

આ શું ઓછો લાભ છે ? શા માટે દુર્જનોના આ ઘણા મોટા ગુણને જ આપણે નજરમાં ન રાખવો ?

पीयूषसृष्टिर्न सतां स्वभावात् ।
संसारसिन्धावधिकास्ति धातुः ।
दोषैकदृष्टिव्यसनात्खलानां
न कालकूटस्य परा च सृष्टिः ॥२८॥

આ સંસાર સાગરમાં અમૃત અને ઝેર બંને ય છે. પણ ખામોશ ! સજ્જનોના સ્વભાવ સિવાય અહીં બીજું કોઈ ચડીઆતું અમૃત નથી, અને દુર્જન માણસોની માત્ર દોષો જ જોયા કરવાની દૃષ્ટિ સિવાય બીજું કોઈ તાલપુટ ઝેર નથી.

### માર્મિક ચેતવણી

"थोवो वि गिहिपसंगो, जइणो सुद्धस्स पंकमावहइ ॥"

વિશુદ્ધ સંયમના પંથે ચાલતા મુનિને થોડો પણ ગૃહસ્થ સાથેનો પ્રસંગ (રત્નત્રયીની આરાધનાના ઉદ્દેશ્ય વિના સ્વચ્છંદ રીતે કરાતો પરિચય) સંયમને દૂષિત કરનાર નીવડે છે.

—શ્રી ઉપદેશમાલા ગા. ૧૧૩

**ग्रन्थाम्बुराशौ मथिते परीक्षा-**
**मन्थाद्रिणा दोषविषं स्वकण्ठे ।**
**विरूपनेत्रेण धृतं खलेन,**
**गुणग्रहश्रीः पुरुषोत्तमेन ॥२९॥**

ભલા ! શાસ્ત્રગ્રન્થ એ તો સાગર છે; સાગર. એમાં ગુણોનું અમૃત પણ હોય; અને દોષોનું ઝેર પણ ક્યાંક હોય.

તમે એની પરીક્ષા કરો; પરીક્ષાના રવૈયાથી એનું વલોણું કરો. પછી અમૃત અને ઝેર બે ય બહાર નીકળી જશે. જે સજ્જનો હશે તે તો ગુણોનું અમૃત જ પી જશે, પણ જે કુટિલ દુર્જનો હશે તે દોષોનું ઝેર પોતાના કણ્ઠમાં ધારણ કરવાને ઉત્સુક થશે.

विघृष्यमाणोऽपि खलापवादैः
प्रकाशतां याति सतां गुणौघः ।
उन्मृज्यमाणः किमु भस्मपुञ्जै-
र्न दर्पणो निर्मलतामुपैति ॥३०॥

શું ગંદી-ગોબરી રાખથી પણ ઘસાતો આરીસો મેલો થાય છે ? ના...ઊલટો વધુ નિર્મળ થાય છે.

તો પછી શીદને ચિંતા કરવી ? દુર્જનોના ગમે તેવા જૂઠાણાંઓથી ઘસાતા સજ્જન પુરુષના ગુણો પણ વધુને વધુ નિર્મળ જ થતા રહેવાના છે ને ?

### સંયમી કર્તવ્ય

**दृढतामुपैति वैराग्यभावना येन येन भावेन ।**
**तस्मिंस्तस्मिन् कार्यः कायमनोवाग्भिरभ्यासः ॥**

જે જે ભાવ-પ્રવૃત્તિ આદિથી વૈરાગ્ય દૃઢ બને તે તે ભાવ-પ્રવૃત્તિનો સંયમીએ મન, વચન, કાયાથી બરાબર અભ્યાસ (વારંવાર) કરવો જરૂરી છે.

—શ્રી પ્રશમરતિ ગા. ૧૬

**कथान्यथा स्यान्न खलप्रलापै**
**-र्या सज्जनेनानुगृहीतभावा ।**
**प्रयाति विश्वेऽर्ककृतः प्रकाशो**
**न घूकपूत्कारपरंपराभिः ॥३१॥**

જે સત્કથાને સજ્જનોએ હાર્દિક માન્યતા આપી છે એ કથા દુર્જનોના બકવાટથી અસત્કથા બની જતી નથી.

જે પ્રકાશને વિશ્વભરમાં સૂર્યે રેલાવ્યો છે એ પ્રકાશ કાંઈ ઘૂવડોના ટોળાં તેના વિરોધમાં ચીચીઆરી પણ કરે તો ય હરી જતો નથી.

**રાગાદિથી બચવાની કૂંચી**

**"संयमयोगैरात्मा निरन्तरं व्यापृतः कार्यः ॥"**

વિવેકીએ વૃત્તિઓને નિરંતર સંયમની વિવિધ ક્રિયાઓમાં ગૂંથી રાખવી, જેથી રાગાદિ સંસ્કારોને ઊભા થવાનો અવકાશ જ ન મળે !!

—શ્રી પ્રશમરતિ ગા. ૧૨૦

न दुर्जनैराकुलिता अपीह,
भिन्नस्वभावाः सुजना भवन्ति ।
प्रपद्यते वज्रमणिर्न भेद-
मयोघनैरप्युपभिद्यमानः ॥३२॥

રે ! દુર્જનો સજ્જનોને ગમે તેટલાં કાં ન સતાવે ? પણ તો ય તેઓ કદી પોતાના સ્વભાવથી ચલાયમાન થતા નથી.

લોખંડના ગમે તેટલા ઘા ભલે ને ઝીંકાય ? પણ તેથી કાંઈ હીરો કદી ભેદાતો નથી.

**સંયમીની ફરજ**

"आत्मगुणैरुत्कर्षः परपरिवादश्च सन्त्याज्यः"

સંયમીએ પોતાના ગુણોનું અભિમાન અને પરદોષોની સમીક્ષાથી સદંતર દૂર રહેવું.

—શ્રી પ્રશમરતિ ગા. ૯૯

**निगूढभावान् विशदीकरोति,**
**तमः समस्तं परिसंवृणोति ।**
**दोषोद्भवेऽप्यन्यगुणप्रदर्शि,**
**धाम प्रदीपस्य सतां च वृत्तम् ॥३३॥**

આ દુનિયામાં સજ્જનનું ચરિત્ર અને દીપકનો પ્રકાશ બે માં કેટલું બધું સામ્ય છે ?

બન્ને ય બીજે છૂપાયેલા–ખોવાયેલા–પદાર્થોને (ગુણોને) પ્રગટ કરે છે; અંધકાર (અજ્ઞાન) ને તો આખો ય ઢાંકી દે છે.

અને જ્યાં દોષોનું (દોષા-રાત્રિનું) સામ્રાજ્ય વિસ્તર્યું હોય ત્યાં ય તેના ગુણને જ આગળ કરીને બતાડે છે.

### સંયમી કેવો ?

**सन्त्यज्य लोकचिन्तामात्मपरिज्ञानचिन्तनेऽभिरतः ।**
**जितलोभदोषमदनः, सुखमास्ते निर्जरः साधुः ॥**

પરપંચાતને છોડી, પોતાની જાતને ઓળખી કર્તવ્યનિષ્ઠ બનનારો અને લોભ, ગુસ્સો અને વાસના પર વિજય મેળવનાર નિરૂપાધિક સંયમી સાધુ પૂર્ણ શાંતિનો અનુભવ કરે છે.

–શ્રી પ્રશમરતિ ગા. ૧૨૯

नीचोऽपि नूनं सदनुग्रहेण,
क्षतिं विहायाभ्युपयाति कीर्त्तिम् ।
न निम्नगाऽपि प्रथिता सुराणां
नदीति किं शंकरमौलिवासात् ॥३४॥

અહો ! સત્પુરુષની જો કૃપા ઊતરી જાય તો નીચ-હલકો-નાનો માણસ પણ પોતાની ત્રુટિઓને ફગાવી દેવા જોગો જંગ ભારે સફળતા સાથે ખેલી શકે છે. અને યશ કીર્ત્તિ પામી શકે છે.

સદા નીચે જવાના સ્વભાવવાળી દેવોની એ ગંગા-નદીએ શંકરના મસ્તકે જઈને વાસ કર્યો તો વિશ્વ વિખ્યાત દેવ-નદી ન બની ગઈ શું ?

નિર્ગ્રંથ એટલે :

**ग्रन्थः कर्माष्टविधं मिथ्यात्वाविरतिदुष्टयोगाश्च ।**
**तज्जयहेतोरशठं संयतते यः स निर्ग्रन्थः ॥**

ગ્રંથ=આઠ પ્રકારના કર્મ અને તેના કારણરૂપ મિથ્યાત્વ, અવિરતિ અને અશુભયોગ પ્રવૃત્તિ, તેને જીતવા માટે જે નિષ્કામ ભાવે કર્તવ્ય બુદ્ધિથી મથામણ કરે તે નિર્ગ્રંથ ત્યાગી.''

—શ્રી પ્રશમરતિ ગા. ૧૪૨

**सूर्योदये ध्वान्तभरादिवोच्चै-**
**स्तापादिवेन्दोः किरणप्रचारे ।**
**अनुग्रहे साधुजनस्य भीति-**
**र्न काऽपि नो दुर्जनदोषवादात् ।।३५।।**

રે ! અમારે સાધુજનોને વળી દુર્જનોના જેવા તેવા અછતાં દોષોનું આરોપણ કરતાં બકવાટનો ડર શેનો ? કેમ કે અમારી ઉપર તો સંત જનોની મહતી કૃપા છે.

સૂર્ય ગગનમાં નીકળી ગયો હોય પછી કદાચ જોરદાર કાળું વાદળ આકાશમાં ધસી આવે તો ય શીદને ચિંતા ?

રાત્રિના સમયે ભયંકર ગરમીનો બફારો થતો હોય છતાં જો પુનમના ચાંદના કિરણો ધરતીના પટ ઉપર ચોફેર પથરાઈ જઈને સંતાકૂકડી રમતાં હોય તો બફારાથી ડરવાની શી જરૂર છે ?



**तस्मात्सदालम्बनतः खलाना-**
**मुपेक्षणादक्षतशुद्धपक्षैः ।**
**अभङ्गवैराग्यसमृद्धिकल्प-**
**वल्लीविवृद्धौ यतितव्यमार्यैः ॥३६॥**

એટલે માતાની જાતિ અને પિતાના કુળ તરફના શુદ્ધ બીજના સ્વામી હે આર્યજનો ! તમારે તો દુર્જનોની તરફ જોવું જ નહિ; સંત પુરુષોનું આલંબન લઈને હૃદય પ્રદેશમાં અખંડ એવી વૈરાગ્યસમૃદ્ધિની વેલડીના ઉછેરમાં જ લાગી પડવું. (મહોપાધ્યાયજીએ ૨૨ માં શ્લોકથી ૩૬ માં શ્લોક સુધીમાં જે વાતો કરી તેનો સ્પષ્ટ આદેશ જો કોઈ હોય તો તે જ છે કે દુર્જનો-વિઘ્નસંતોષીઓ-ધર્મહીણાઓ તરફ સાધકોએ કદી નજર પણ નાંખવી નહિ. એ લોકો જો એમનું કુકર્મ કરવા જ માંગે છે તો સજ્જનોએ પોતાનું સત્કર્મ કરતા જ રહેવું. એમના આક્રમણોથી ડરી જનારો સુજન ભલે સુજન હશે પરન્તુ મર્દ તો નહિ જ હોય. દુષ્ટોના ગમે તેટલા આક્રમણો આવે પણ એની સામે અડોલ બનીને જે લડે છે તે જ સુજન છે; સંત છે; મર્દ છે; સાચો પરાર્થવ્યસની છે. સત્કાર્યમાં ડરી જનારાઓ તો સ્વાર્થી છે. જીવમાત્ર પ્રત્યેના સ્નેહ પરિણામમાંથી જે પરાર્થવ્યસનિતાનું જાગરણ થાય છે એ સ્નેહપરિણામની સાધના તો ખળખળ વહી જતી ગંગોત્રીનાં નીર જેવી નિરાબાધ અને નિર્મળ હોય.

નિર્મળમાં વળી નિર્બળતા શેની ?

यथेह कालः सुखषमादिरूपः
कल्पद्रुमोत्पत्तिकृदभ्युपेतः ।
बुधास्तथाऽस्याः खलु पुद्गला-
नामावर्तमन्त्यं प्रवदन्ति हेतुम् ॥३७॥

જેમ સુષમા વગેરે કાળ, ધરતીએ ઉગાડી શકાતી કલ્પવેલડી માટે યોગ્ય ગણાયો છે તેમ સંત-પુરુષોએ વૈરાગ્યની કલ્પવેલડી ઉગાડવાનો કાળ પણ બતાડ્યો છે:

એ છે; તે તે જીવાત્માનો ચરમાવર્ત્તકાળ.

અનંતા પુદ્ગલાવર્ત્તોમાં હવે જેને મોક્ષભાવ પામવા માટે એક જ પુદ્ગલાવર્ત્તકાળ જેટલું ભવ ભ્રમણ બાકી રહ્યું છે એવા જીવાત્મામાં જ આ વૈરાગ્ય ભાવનો પ્રાદુર્ભાવ થઈ શકે અન્યમાં તો કદાપિ નહિ.

० **कुर्यान्न कुत्रापि ममत्वभावं**

સંયમને અનુપયોગી કોઈ પણ પદાર્થ પર મમત્વ-રાગ ન કેળવવો.

**अस्मिँस्तथाभव्यतया मलस्य**
**क्षयेण शुद्धः समुदेति धर्मः ।**
**यन्नान्यथा जन्तुरवैति हेये-**
**तरादिभावान् हृदये यथास्थान् ॥३८॥**

જીવાત્માના આ ચરમાવર્ત્તકાળમાં જ અનાદિકાળના સહજમળનો હ્રાસ થાય છે અને શુદ્ધ ધર્મના ઉદયની ભૂમિકા ખૂબ જીવંત બની જાય છે.

જ્યાં સુધી આ પરિસ્થિતિનું નિર્માણ ન થાય ત્યાં સુધી તે જીવાત્માઓના હૃદયમાં હેય, જ્ઞેય અને ઉપાદેય ભાવો ક્રમશઃ હેય, જ્ઞેય અને ઉપાદેયરૂપે સમજાતા જ નથી. ઊલટું હેયમાં ઉપાદેયતા બુદ્ધિ જાગે; ઉપાદેયમાં હેયતાની બુદ્ધિ જાગ્રત થાય.

० **मैत्रीं प्रमोदं करुणां च सम्यक्**
**मध्यस्थतां चानय साम्यमात्मन् ! ॥**

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્યને કેળવવા પ્રયત્ન કરવો.

સામ્ય=કષાયોનું શમન અને જીવ માત્ર પર આત્મતુલ્ય ભાવની કેળવણી કરવી.

**स्थिरान् यथार्थान् भ्रमणक्रियोत्थ-**
**शक्त्या चलान् पश्यति संयुतोऽङ्गी ।**
**तथोग्रजन्मभ्रमशक्तियुक्तः**
**पश्यत्युपादेयतयैव हेयान् ॥३९॥**

કોઈ માણસ ટ્રેઈનમાં બેઠો હોય; ટ્રેઈન પૂરપાટ દોડી રહી હોય તે વખતે તેમાં બેઠેલા માણસને સ્થિર એવા પણ વૃક્ષો વગેરે દોડતાં દેખાવાનો ભ્રમ થાય છે. પોતાની ગાડીમાં ભ્રમણની ક્રિયા છે; પણ એ ક્રિયાશક્તિથી ખરેખર સ્થિર પદાર્થો દોડતા હોવાનું એને દેખાય છે.

આવું જ દુર્ભાગી જીવોનું બને છે. જે જીવો હજી ચરમાવર્ત્તકાળમાં પ્રવેશ્યા નથી તેમનામાં જન્મો લેવાની અને ભવમાં ભમવાનીઅતિ ઉગ્ર શક્તિ હોય છે. આના કારણે તે જીવોને જે પદાર્થો-ધર્મ વગેરે-ઉપાદેય જ છે તેમાં હેયતાનું ભાન થઈ જાય છે.

० **हेयं त्यज चाव्ययार्थी ।**

મોક્ષનાં લક્ષ્યને કેળવી વાસના આદિ વિરોધી પદાર્થોના ત્યાગ માટે પ્રયત્ન કરવો.

**तच्छक्तिनाशस्त्विह तत्त्वतः स्यात्,**
**कालानुभावाच्चरमे विवर्त्ते ।**
**हेत्वन्तरेणोपगतात्कथञ्चिद्धेतुव्रजो**
**येन मिथोऽनुबद्धः ॥४०॥**

ઉપાદેયમાં હેયતાનું મિથ્યાભાન જે ઉગ્રભ્રમણશક્તિ કરાવે છે તેનો નાશ, હકીકતમાં તો કાળ-પરિપાક વગેરે થતાં ચરમાવર્ત્તમાં જ થાય છે. કેમ કે આ કાળ પરિપાક બીજા પણ કેટલાક સાનુકૂળ હેતુઓ સાથે અહીં ઉપસ્થિત થાય છે.

એક કાર્ય જ્યારે થવાનું જ હોય ત્યારે તેના જેટલા કારણો હોય તે બધા ય પરસ્પર આવીને એક જગાએ એકઠા થઈ જ જતા હોય છે. આવો હેતુઓનો સમુદાય મળે કે તરત તે તે કાર્ય થાય:

**○ साध्ये यतस्व ।**

રત્નત્રયીની આરાધનામાં સદા ઉદ્યમી બનવું.

**प्राहुस्तमेनं मुनयोऽत्र धर्म-**
**तारुण्यकालं खलु चित्ररूपम् ।**
**ततोऽवशिष्टं भवबाल्यकाल-**
**माच्छादिताभ्यन्तरभोगरागम् ॥४१॥**

આ ચરમાવર્ત્તકાળને મુનિવરો ધર્મનો સુંદર તારુણ્ય કાળ કહે છે. આ સિવાયના-અચરમાવર્ત્તકાળને સંસારનો બાળ-કાળ કહે છે; કેમ કે તે કાળ આત્માની અંદર પડેલી ભોગવાસનાઓથી ઘેરાઈ ગયેલો હોય છે.

**० सदा समीक्षस्व हृदा ।**

હૈયામાં વિવેકની જાગૃતિ રાખી પ્રામાણિક પણે આત્મનિરીક્ષણ કરતા રહેવું.

**० ददस्व धर्मार्थितयैव धर्म्यान् सदोपदेशान् ।**

હંમેશા ધર્મના અર્થીરૂપે સદુપદેશ આપવા તત્પરતા રાખવી.

## ધર્મરાગ એ જ વૈરાગ્યવેલડીનું બીજ :–

**उत्पद्यते यस्त्वथ धर्मरागः,**
**क्रमाद् व्यतीते भवबाल्यकाले ।**
**तमेव वैराग्यसमृद्धिकल्प-**
**वल्ल्या बुधा बीजमुदाहरन्ति ॥४२॥**

જ્યારે પેલો ભવનો બાળકાળ પસાર થઈ જાય છે. ત્યારે આત્મામાં જે ધર્મ પ્રત્યેનો રાગભાવ ઉત્પન્ન થાય છે તે 'ધર્મરાગ' ને જ સંતપુરુષો વૈરાગ્યની કલ્પવેલડીનું બીજ કહે છે.

**० इमेण कमेण जोगेण भत्तपाणं गवेसए ।**

શાસ્ત્રીય મર્યાદા પ્રમાણે ગોચરીની શુદ્ધ ગવેષણા (લાલસા-ખેદ વગર) કરવા પ્રયત્ન કરવો.

**० जगतहितैषी नवभिश्च कल्पैर्ग्रामे कुले वा विहाराप्रमत्त : ।**

જગતના હિતની ભાવનાથી ગ્રામ કે કુલમાં અનાસક્ત રહી અપ્રમત્તપણે નવકલ્પી વિહાર કરવો.

प्रवर्धमानाऽशुभभावधारा-
कादम्बिनीध्वंसनचण्डवातः ।
सद्धर्मरागो गदितो गुणाना-
मुत्पत्तिहेतुर्विपदां प्रमाथी ॥४३॥

આ સદ્‌ધર્મ પ્રત્યેનો રાગ એ કોઈ નાની સૂની બાબત નથી. જેમાંથી વિરાટ વડલો પ્રગટ થવાનો છે એ બીજ સામાન્ય કોટિનું હોઈ શકે જ નહિ.

જીવાત્માને સદાય સતાવતી; એની ધર્મક્રિયાઓને પણ વિફળ બનાવતી સદાય વધતી જતી વાસનાઓની મેઘ માળાઓને વેરવિખેર કરી નાંખતો આ પ્રચંડ વાવંટોળ છે; ધર્મરાગ. રે ! ગુણોનું તો આ મૂળભૂત ઉત્પત્તિ સ્થાન છે. અને બાહ્ય, અભ્યંતર આપદાઓનો તો આ ધર્મરાગ સાક્ષાત્ કાળ છે; કાળ.



**दृष्ट्वा सदाचारपरान् जनान् या**
**शुद्धप्रशंसान्विततच्चिकीर्षा ।**
**सद्धर्मरागः स हि मोक्षबीजं**
**न धर्ममात्रप्रणिधानरूपः ॥४४॥**

રે ! સબૂર કોઈ ભુલાવામાં પડજો મા ! ધર્મની ક્રિયાઓ કરવા માત્રથી **મોક્ષનું બીજ-ધર્મરાગ**-આવી ગયો છે એવું રખે કોઈ માનતા !

ધર્મરાગ તો તે જીવાત્મામાં જીવંત બનીને જીવતો કહેવાય જે જીવાત્માને સદાચારમાં તત્પર એવા સાધુજનોને જોતાં જ અંતરમાં આનંદ આનંદ થઈ જાય; એટલું જ નહિ; એનાં મોંમાંથી એ સજ્જનો અને સાધુજનો પ્રત્યે અહો ! અહો ! થઈ જાય; મુક્તકંઠે પ્રશંસા થઈ જાય.

ના...એટલેથી ય એ અટકે નહિ. ધર્મરાગી જીવ એવું સદાચારી જીવંન પોતે કયારે જીવવા લાગશે ? એની વિચારણા કરતો એવું જીવન જીવવાને તલપાપડ થઈ જાય.

જ્યાં સુધી એવું સદાચાર-પરાયણ જીવન ન જીવાય ત્યાં સુધી એના અંતરમાં કારમું દુઃખ ઘોળાયા જ કરે.

આવો હોય; ધર્મરાગી જીવ !

આવો હોય; ધર્મરાગ.

એ જ છે; મોક્ષનું બીજ.

# કોરી ધર્મક્રિયા નહિ.

बाह्यान्युदाराणि जिनेन्द्रयात्रा-
स्नात्रादिकर्माण्यत एव भक्त्या ।
बुधैः समालोककलोकबीजा-
धानावहत्वादुपबृँहितानि ॥४५॥

આથી જ હૃદયના ભારે આદર અને ઔદાર્ય સાથે થતી તીર્થયાત્રાઓ, સ્નાત્રમહોત્સવો વગેરે બાહ્ય ધર્મક્રિયાઓને સંતજનોએ, તે જોનારા લોકના હૃદયમાં ભાવીમાં પ્રગટ થનારા જગતનું સત્ય દર્શન કરાવતાં સમ્યગ્દર્શનનાં બીજનું આધાન કરનારી જણાવી છે. હાર્દિક ભક્તિ (ધર્મરાગ) પૂર્વકની ક્રિયાઓ બીજાઓના આત્મામાં સમ્યગ્દર્શનની ઉત્પાદક બને છે માટે તે બાહ્ય ધર્મક્રિયાઓ પણ ખૂબ જરૂરી છે.

० मध्यस्थवृत्यानुसरागमार्थान्

શાસ્ત્રના વાક્યોને મધ્યસ્થ વૃત્તિએ અનુસરવાનો પ્રયત્ન કરવો.

अन्ये तु धर्मप्रणिधानमात्रं
बीजं जगुर्यन्न शिवाशयोऽपि ।
घने मलेऽनन्त्यविवर्त्तगे स्यात्
वाच्यं पुनः किं तदुपायरागे ॥४६॥

કેટલાકો કહે છે કે, "ધર્માચારપાલનની તીવ્ર ઇચ્છા ન જાગે અને માત્ર ધર્મ કરવાનો વિચાર જ આવે તો તે વિચારમાત્ર પણ મોક્ષનું બીજ બની શકે છે."

આ વાત બરોબર નથી કેમકે જ્યાં ગાઢ કર્મમળ પડેલો છે એવા અચરમાવર્ત્તકાળમાં મુક્તિનો વિચાર પણ હોતો નથી; તો પછી તેના ઉપાયભૂત ધર્મ ઉપરનો રાગ તો સંભવે જ ક્યાંથી ? હા. ભૌતિક સુખ માટે તદુપાય રૂપ ધર્મ ઉપર રાગ ત્યાં હોઈ શકે પણ મુક્તિ મેળવવા માટેના આશયથી ધર્મરાગ સંભવે નહિ.

० सहोपसर्गास्तनुनिर्ममः ।

શરીરના મમત્વને ભૂલીને ઉપસર્ગોને સામ્ય ભાવથી સહન કરવા.

**धर्मस्य चेष्टा विषयस्वरूपा-**
**ऽनुबन्धनिष्ठा त्रिविधा विशुद्धिः ।**
**सर्वापि मोक्षार्थमपेक्ष्य साक्षा-**
**त्परंपराहेतुतया शुभा सा ॥४७॥**

ધર્મ (ધર્મક્રિયા) ત્રણ રીતે વિશુદ્ધ હોય છે, અને તે ત્રણે ય રીત ઈષ્ટ છે. જો ધર્મનો **વિષય** (આલંબન) શુદ્ધ હોય; ધર્મનું **સ્વરૂપ** શુદ્ધ હોય કે તેનો **અનુબંધ** (ફળ) વિશુદ્ધ હોય તો તે ત્રણે ય શુદ્ધિઓ મોક્ષપુરુષાર્થની સાક્ષાત્ કે પરંપરયા સિદ્ધિ કરાવી આપનારી હોવાથી શુભ છે.

અનુબન્ધ શુદ્ધિ તો સાક્ષાત્ મોક્ષદા હોવાથી ઈષ્ટ છે જ; પરન્તુ વિષયશુદ્ધિ અને સ્વરૂપશુદ્ધિ પણ પરંપરયા મોક્ષહેતુ બનવાથી ઈષ્ટ છે.

**० स्वाध्याय योगेषु दधस्व यत्नम् ।**
વીતરાગ પ્રભુની વાણીના સ્વાધ્યાય યોગમાં પ્રયત્ન કર.

## વૈરાગ્ય-વેલડીના અંકુર, સ્કન્ધ વગેરે અંગો

**शुद्धक्रियेच्छा विषयोऽनुबन्धः**
**स्थानेऽङ्कुरस्याभिहतोऽत्र बुद्धैः ।**
**असज्जिहासा-सदुपायलिप्सा-**
**बुद्धिद्विपत्रीपरिणामभाजः ॥४८॥**

**અંકુર :** ધર્મશુદ્ધ ક્રિયા કરવાની ઈચ્છાનો જ **અનુબંધ,** વારંવાર શુદ્ધ ક્રિયાની ઈચ્છા એ વૈરાગ્ય વેલડીનો અંકુરો છે. આ અંકુરાને બે પાંદડીઓ ફૂટી છે; જેનાં નામો છે; (૧) અસત્‌નો ત્યાગ કરવાની ઈચ્છા કરાવતી બુદ્ધિ (૨) સત્‌ના ઉપાયોને મેળવવાની ઈચ્છા કરાવતી બુદ્ધિ.

### મનનીય હિત શિક્ષાઓ

○ **चरणकरणयोगान् एकचित्तः श्रयेत ।**

સંયમની પ્રવૃત્તિઓમાં વ્યવસ્થિતપણે પ્રયત્ન કરવો !

अन्वेषणा या तदुपायनिष्ठा
तत्त्वेक्षणव्यापृतयोगदृष्ट्या ।
असद्ग्रहोत्तीर्णविचारचारुः
स्कन्धस्वरूपा प्रणिगद्यते सा ॥४९॥

સ્કન્ધ :

શુદ્ધ ધર્મના ઉપાયમાં કેન્દ્રિત બનેલી ખોજવૃત્તિ એ સ્કન્ધ છે. આ ખોજ સામાન્ય પ્રકારની આતુરતા નથી; પરન્તુ સાચી દૃષ્ટિથી લાગી પડેલી યોગદૃષ્ટિ સાથે રહેલી જીવંત ખોજ છે; વળી બુદ્ધિમાં જે કદાગ્રહના વિચારનું ધૂંધળું તોફાન હતું તે કદાગ્રહના વિચારોના જાળામાંથી આ ખોજ (અન્વેષણા) છૂટી ગઈ હોવાથી એવી સુંદર બની હોય છે કે તેનું ગમન સાચા માર્ગ તરફ જ આગળ ધપતું હોય છે.

० विशुद्धशीलाङ्गसहस्त्रधारी भव ।
સંયમની વિશુદ્ધ પાલના માટે ઉપયોગશીલ બનવું !

ततः प्रवृत्तिः शमसंयुता या,
वैराग्यहेतौ विविधे विचित्रा ।
सत्यक्षमाब्रह्मदयादिके सा
यत्र प्रवालादिसमा पवित्रा ॥५०॥

કુંપળો :

સત્ય, ક્ષમા, જીવદયા વગેરે વૈરાગ્યના વિવિધ હેતુઓ છે. આ હેતુઓમાં સમતાયુક્ત જે પવિત્ર પ્રવૃત્તિ તે વૈરાગ્ય વેલડીની કુંપળો છે.

○ જ્ઞાનની સફળતા

"यस्यागमाम्भोदरसैर्न धौतः
प्रमादपङ्कः स कथं शिवेच्छुः ? ॥"

આગમ-શ્રુતજ્ઞાનના અધ્યયન આદિથી પણ જેનો પ્રમાદ દૂર ન થયો તે શી રીતે મુમુક્ષુ કહેવાય ?

જ્ઞાન મેળવીને પોતાની ક્ષતિઓ દૂર કરવા મથવું જરૂરી છે. તેમાં જ જ્ઞાનની સફળતા છે.

संपद्यते संभृतमत्र चेति
कर्त्तव्यताया उपनायकं यत् ।
भाग्योदयात्सद्गुरुधर्मबन्धु-
र्योगादिकं पुष्पभरोपमं तत् ॥५१॥

**પુષ્પસમૂહ :**

ભવિતવ્યતાનો ઉદય થતાં ધર્મ પ્રત્યેની કર્તવ્યતાની સભાનતા તરફ લઈ જનારા સદ્ગુરુ-ધર્મબન્ધુનો જે યોગ વગેરે પ્રાપ્ત થાય છે. તે વૈરાગ્ય-વલ્લીનો પુષ્પસમૂહ છે.

વૈરાગ્ય માર્ગના પ્રશસ્ત પરિણામોને ટકાવવા માટે નીચેના ત્રણ સાધનો જરૂરી છે :-

- શાસ્ત્રો અને શાસન ઉપર અંતરંગ પ્રેમ.
- શાસ્ત્રીય જ્ઞાન મેળવવા માટેની સક્રિયતા.
- વિશુદ્ધ આરાધક, વિવેકી અને નિષ્ઠા-સંપન્ન પુણ્યાત્માઓની નિશ્રા.

**मोहस्पृशां कुम्भकुटीप्रभात-**
**न्यायेन या स्याद्विफला प्रवृत्तिः ।**
**फलावहां कर्त्तुमिमां समर्थः**
**सद्ज्ञानभानुः गुरुरेव भानुः ॥५२॥**

મોહાધીન જીવો બિચારા ધર્મપ્રવૃત્તિમાં ગતિ કરે તો ય પાછા ફરી ફરીને ઠેરના ઠેર. કેમ કે મોહદશાના અઘોર અંધકારમાં સાચો રસ્તો જડતો નથી. એટલે જ્યાંથી નીકળ્યા ત્યાં જ પાછા આવે તેમાં શી નવાઈ? (આને કુંભકુટીન્યાય કહે છે.)

પણ જો સૂર્યનો ઉદય થઈને ચોમેર પ્રકાશ થાય તો તે નિષ્ફળ પ્રવૃત્તિ સ્થગિત થઈ જાય; અને સફળતા પ્રાપ્ત થાય.

સમ્યગ્જ્ઞાનના પ્રકાશના સહસ્ર કિરણોને વિશ્વમાં પ્રસરાવતાં ગુરુદેવ એ જ સાચા સૂર્યશા નથી? જો સદ્‌ગુરુ સૂર્ય પ્રાપ્ત થઈ જાય તો બેડો પાર થઈ જાય.

अज्ञानभाजां विनिपातहेतु-
श्छन्नोऽस्ति यो मोहमहापदन्धुः ।
हस्ते गृहीत्वा विनिवार्य तस्मा-
ज्जनं नयत्यध्वनि धर्मबन्धुः ॥५३॥

અહો ! વંદન હો તે ધર્મબન્ધુ ગુરુદેવોને ! પેલો જાલીમ મોહ કૂવો; ઉપરથી જાણે કે ડાળાં-ઝાંખડાએ ઢંકાયેલો એકદમ ગુપ્ત. અજ્ઞાની જીવોના વિનિપાત માટે તો સાક્ષાત્ યમરાજના સહોદર જેવો.

જો આ જગતમાં ધર્મગુરુ ન હોત તો કોણ વહાલી મા બનીને કૂવે પડતાં અજ્ઞાની-બાળને હાથ ઝાલીને ત્યાંથી પાછો લાવત ! અને સન્માર્ગે ચડાવત !

उस्सुत्तमाचरंतो बंधई कम्मं सुचिक्कणं जीवो ।
संसारं च पवड्ढइ मायामोसं पकुव्वइ ॥

સૂત્ર=શાસ્ત્રની મર્યાદા વિરૂદ્ધ આપમતિથી સ્વચ્છંદ પ્રમાણે સંયમમાર્ગે ચાલનાર મુનિ ચીકણા કર્મો બાંધે, સંસાર વધારે અને માયામૃષાવાદ દોષનો ભાગી બને માટે ગુરૂ આજ્ઞા પૂર્વક શાસ્ત્રીય રીતે સંયમી જીવન જીવવા પ્રયત્ન કરવો જરૂરી છે.

—શ્રી ઉપદેશમાલા ગા. ૨૨૧

ततश्च सद्धर्मपथोपदेशात्-
सत्संगमाच्चोल्लसितस्ववीर्यात् ।
यो भावधर्मस्य रहस्यलाभः
पचेलिमं तत्फलमामनन्ति ॥५४॥

**ફળ :** સદ્‌ગુરુનો સદ્ધર્મોપદેશ સાંભળવાથી એ કૃપાલુ ગુરૂદેવના સત્સંગથી અને એવા નિમિત્તોને પામતા-ઊછળતાં આત્મોલ્લાસથી ભાવધર્મના રહસ્યો આત્માની સામે પ્રકાશિત થવા લાગે છે. આવો જે રહસ્ય-લાભ એ જ વિરાગ-વેલડીનું પાકી ગયેલું સુંદર મજાનું ફળ છે.

શાસ્ત્રના શબ્દોની પાછળ ઘૂઘવતો રહસ્યોનો સાગર સદ્‌ગુરુની કૃપા વિના કદી સંભવિત નથી.

સદ્‌ગુરૂની નિરપેક્ષ ભક્તિ વિના એમની કૃપા કદી મળતી નથી.

જેને કૃપા મળી એને રહસ્યોનો ઉઘાડ થાય.

જેને રહસ્યો પ્રગટ થયા એની વાસનાઓ મરવા પડે; એને તત્ત્વોનો સાક્ષાત્કાર થાય; એને આત્માનું સ્વરૂપ પ્રગટ થાય.

प्रोक्तो जिनेन्द्रैरयमेव मोक्ष-
प्रसाधको निश्चयतोऽनुपाधिः ।
द्रव्यात्मको नीतिकुलादिभावी
धर्मस्तु दत्त्वाऽभ्युदयं प्रयाति ॥५५॥

ત્રિલોકગુરુ તીર્થંકરદેવો ફરમાવે છે કે સદ્ગુરુ-ભગવાનની કૃપાથી પ્રાપ્ત થએલા ધર્મ-રહસ્યના ફળોનો લાભ એ જ કોઈ પણ બીજા હેતુની અપેક્ષા રાખ્યા વિના અવશ્યમેવ મોક્ષભાવનું પ્રાગટ્ય કરી આપે છે.

બીજા નીતિ આદિના કે કુલાચારાદિના ધર્મો તો દ્રવ્ય સ્વરૂપ છે તેથી તે ધર્મો સ્વર્ગાદિસુખની પ્રાપ્તિ વગેરે કરીને જ વિરામ પામી જાય છે.

○ આત્મકલ્યાણનો સચોટ ઉપાય

"यः प्राणान्तेऽप्यन्यदोषं न पश्यत्येष
श्रेयो द्राग् लभेतैव योगी ॥"

જે પુણ્યાત્માઓ પ્રાણાંતે પણ બીજાના દોષને જોવા સરખી પણ વૃત્તિને ન ઊઠવા દે, તે સુસંયમી શીઘ્ર આત્મકલ્યાણ સાધી શકે છે.

**बीजस्य संपत्तिरपीह न स्या-**
**दपश्चिमावर्त्तविवर्त्तकाले ।**
**एषापि येनातिशयेन चार्वी,**
**भवाभिनन्दित्वनिवृत्तिलभ्या ॥५६॥**

જ્યાં સુધી જીવ અચરમાવર્ત્તકાળમાં છે ત્યાં સુધી તેને ધર્મરાગના બીજની સંપત્તિ પણ પ્રાપ્ત થઈ શકતી નથી. અચરમાવર્ત્તકાળમાં તો જીવ ભવાભિનન્દી હોય; ભવને જ ખૂબ સારો માનતો હોય. આ ભવાભિનન્દિત્વ ટળે પછી જ અનેક વિશિષ્ટતાવાળી આ સુંદર બીજની સંપત્તિ પ્રાપ્ત થાય.

o ધ્યાનમાં રાખવા જેવું

**फरुसवयणेण दिणतवं, अहिक्खिवंतो अ हणइ मासतवं ।**
**वरिसतवं सवमाणो, हणइ हणंतो अ सामण्णं ॥**

કઠોરભાષા-વચનો બોલવાથી એક દિવસના સંયમનું ફળ, અધિક્ષેપ-આક્રોશ ભર્યા, માર્મિક અને અપશબ્દો આદિ વાપરવાથી એક મહિનાના સંયમનું ફળ, શાપ-કષાયના આવેશમાં સામાનું નુકશાન થવાની હલકટ ભાષાથી એક વર્ષના સંયમનું ફળ ગુમાવાય છે, અને હાથ ઉગામીને મારવા આદિની પ્રવૃત્તિ કરવાથી સમૂળગું સાધુપણું જાય છે.

## બીજ વપનને લીધે મોહરાજની છાવણીમાં ખળભળાટ

**उप्तेऽपि चास्मिन् विशदत्वमेति,**
**संसारिजीवस्य हि चित्तवृत्तिः ।**
**क्षोभं तदा गच्छति तामसानां**
**वर्गो महामोहचमूचराणाम् ।।५७।।**

રે ! આ બીજનો તો અતિશય શું કહેવો ? એને હજી તો માત્ર વાવવામાં જ આવે ત્યાં સંસારી જીવની ચિત્તવૃત્તિ નિર્મળ થવા લાગે છે. આથી તો તમોગુણી મોહરાજના સૈનિકોની લશ્કરી છાવણીમાં મોટો ખળભળાટ મચી જાય છે.

**"सययं पमत्तसीलस्स संजमो केरिसो होज्जा ? ॥"**

જે પુણ્યાત્મા છતી શક્તિએ પણ સંયમની પ્રવૃત્તિઓમાં પ્રવર્તે નહીં અને વિષયરાગ અને વાસનાના વ્યામોહમાં અટવાઈ રહે તે સંયમ શી રીતે નભાવી શકે ?

તેથી વિવેકી આરાધકે ગુરૂનિશ્રાએ જરા ઉપયોગવંત બની સંયમ શા માટે લીધું છે ? એનો હળવો વિચાર જાગ્રત રાખી વિષય-કષાયની પ્રવૃત્તિને ધીરે ધીરે મંદ બનાવી સંયમ પ્રવૃત્તિઓમાં કર્તવ્યનિષ્ઠાની જાગૃતિ સાથે આગળ ધપવું.

तदैव तेषां स्फुरतीति चित्ते
क्षोभाय यद्बीजमपीदृशं नः ।
वैराग्यवल्लिः फलिता दशां सा,
कां कां न कर्त्तुं प्रभविष्यतीयम् ॥५८॥

એ વખતે મોહરાજના સૈનિકોના ચિત્તમાં વિકલ્પ જન્મે છે કે, "વૈરાગ્ય-વેલડીનું એક નાનકડું બીજ-વપન પણ આપણને જો આ રીતે હલબલાવી નાંખે તો એમાંથી ભવિષ્યમાં સાકાર બનનારી વૈરાગ્ય-વેલડી તો ન જાણે કેવો ઉલ્કાપાત આપણી ઉપર કરશે ?



० तपांसि तनुयात् विविधानि नित्यम् ।

ઈચ્છા નિરોધના ધ્યેયથી વિવિધ રીતે તપની આચરણા કરવી.

अल्पश्रमेणाऽऽदित एव नाशः
कर्त्तुं ततोऽस्याः खलु युज्यते नः ।
दुश्छेद्यतां यास्यति वर्धमाना
चारित्रधर्मादिभटाश्रितेयम् ॥५९॥

'એટલે આજે તો થોડીક જ મહેનતે આપણે આ બીજનો નાશ કરી શકીશું, પણ જો હવે તેની ઉપેક્ષા કરીશું તો એક દિવસ એવો આવશે કે તેમાંથી મોટી વેલડી બની ચૂકી હશે, વળી તે વેલડી ઉપર પણ ચારિત્રધર્મ રાજાના સુભટોનો પાકો ચોકી પહેરો ગોઠવાઈ ગયો હશે, એ વખતે એનો નાશ કરવાનું કામ આપણા માટે અત્યંત કાઠું બની જશે.

यः कामी स्यात्स एव देहविभूषां करोति ।

જે કામી હોય તે જ દેહની વિભૂષા (ટાપટીપ) કરે છે.

इत्थं समालोच्य निहत्य शक्त्या,
निवारकानाशु शुभाशयादीन् ।
उत्खन्यते तैः शुचिवल्लिबीजं
चारित्रधर्मस्य बलेऽनुपेते ॥६०॥

આ પ્રમાણે વિચાર કરીને મોહરાજના સૈનિકોએ એકાએક ચારિત્રધર્મરાજના સૈન્યની ગેરહાજરીમાં છાપો માર્યો અને એ બીજની ચોકી કરતાં શુભાશય વગેરે ચોકીદારોને કાપી નાંખ્યા અને એવી વૈરાગ્ય-વેલડીના શુદ્ધ બીજને ઉખેડીને દૂર ફેંકી દીધું.

वरं प्राणपरित्यागो, न तु शीलस्य खण्डनं ।
प्राणत्यागे क्षणं दुःखं, नरकः शीलखंडने ॥

પ્રાણનો ત્યાગ કરવો સારો, પણ શીલનું ખંડન કરવું સારું નથી. (કારણ કે) પ્રાણત્યાગમાં ક્ષણનું દુઃખ છે જ્યારે શીલભંગમાં નરકનાં દીર્ઘકાળનાં દુઃખો છે.

મોહરાજના સૈન્યોની કપટી યુદ્ધ સ્થિતિ

संप्रेष्यते तत्र बलं यदा तु,
चारित्रधर्मेण नरेश्वरेण ।
युद्धं तदा तेन सहाविमृश्य
कुर्वन्ति ते दोर्बलदर्पभाजः ॥६१॥

આ સમાચાર મળતાં જ ચારિત્રધર્મરાજાએ પોતાનું લશ્કર મોકલ્યું, પેલા મોહરાજના સૈનિકોને ઘેરી લીધા. પોતાની તાકાતનો અને બળીઆ શત્રુનો વિચાર કર્યા વગર પોતાના બાહુબળના મિથ્યા માનને લીધે ચારિત્રધર્મરાજના યોદ્ધાઓ સાથે લડાઈમાં, કશું ય વિચાર્યા વિના ઉતરી પડ્યાં.



निःशंकितादिगुणयुक्त एव हि प्रभावको भवति ।

જિનવચનમાં શંકા કાંક્ષા વગરનો જ શાસન પ્રભાવક થાય છે.

धाम्नाऽथ भानोरिव तेन तूर्णं,
ध्वान्तप्रबन्धा इव दीर्यमाणाः ।
पलाय्य लीना गहनप्रदेशे
तिष्ठन्ति ते कालमवेक्षमाणाः ॥६२॥

સૂર્યના પ્રચંડ તેજથી જેમ અંધકારનો સમૂહ તાબડતોબ ભાગી છૂટે તેમ ઘાયલ થતાં સૈનિકો દૂમ દબાવીને નાઠા. અને ગૂઢ સ્થાનમાં જઈને ભરાયા. છાપો મારવાની તક જોતાં ત્યાં જ છુપાઈ રહ્યા.

**साधुधर्माशक्तस्यैव श्रावकधर्मानुज्ञा ।**

સાધુધર્મ પાળવાની અશક્તિમાં જ શ્રાવક ધર્મ પાળવાની આજ્ઞા છે.

**एक्कावि जा समत्था जिणभक्ति दुग्गइं निवारेउं ।**

એકલી જિનભક્તિ પણ દુર્ગતિને અટકાવવા સમર્થ છે.

**भोगतत्त्वस्य तु पुनर्न भवोदधिलङ्घनम् ।**

ભોગમાં તત્ત્વબુદ્ધિવાળો જીવ ભવસમુદ્રનું ઉલ્લંઘન કરી શકતો નથી.

व्यग्रेऽथ चारित्रबले स्वकार्ये,
भूयोऽपि ते लोकमुपद्रवन्ति ।
बीजाङ्कुराद्युत्खननक्रमेण,
वैराग्यवल्लीं प्रविनाशयन्ति ॥६३॥

અને...જ્યારે લાંબો સમય પસાર થતાં ચારિત્રધર્મના સૈનિકોએ પોતાને શત્રુના ભયથી મુક્ત થયાનું માન્યું અને પોતાના કોઈ બીજા કાર્યોમાં તેઓ જોડાયા કે ફરી મોહરાજના સૈનિકોએ જોરદાર છાપો માર્યો અને એ ભૂમિના લોકોને ખૂબ સતાવવા લાગ્યા; એટલું જ નહિ પણ વૈરાગ્ય વેલડીનો-બીજ, અંકુર વગેરે રૂપે જે કાંઈ વિકાસ થયો હતો તે બધાયનો ક્રમશઃ નાશ કરી નાંખ્યો.



गुरुभक्तेः श्रुतज्ञानं भवेत् कल्पतरूपमम् ।

ગુરુભક્તિથી કલ્પવૃક્ષની ઉપમાવાળું શ્રુતજ્ઞાન મળે.

ज्ञात्वा प्रवृत्तिं पुनरागतास्तां
चारित्रधर्मस्य नृपस्य योधाः ।
पलाय्यमानानपि तान् सुतीक्ष्णै-
र्बाणै भृशं मर्मणि ताडयन्ति ॥६४॥

મોહરાજના સૈનિકોએ ફરી છાપો મારીને મોટું નુકશાન પહોંચાડ્યાની જાણ થતાં જ ચારિત્રધર્મરાજના યોદ્ધાઓ ફરી ધસી આવ્યા. એમને જોતાં જ મોહરાજના સૈનિકો જીવ લઈને નાસવા લાગ્યા. પણ ચારિત્રરાજના સૈનિકોએ તેમનો પીછો પકડીને તીક્ષ્ણ બાણોની તેમની ઉપર વર્ષા કરી અને તેમની કાર્યાને જર્જરિત કરી નાંખી.



अतिचारासेवनेन तप्यतेऽनुतापं करोति स एव तदालोचयितुं शक्नोति ।

અતિચારોનું સેવન કરીને જે મનમાં પશ્ચાત્તાપ કરે છે તે જ સાચી આલોચના કરી શકે છે.

इत्थं छलात्ते कृतधर्मविघ्ना,
बलाच्च चारित्रनृपस्य भग्नाः ।
निर्विद्य तिष्ठन्ति जनापकारान्ना-
वृत्तिभाजस्तमसामिवौघाः ॥६५॥

આ રીતે છળકપટથી ધર્મક્ષેત્રમાં વિઘ્નો નાંખનારા તે મોહરાજના સૈન્યને ચારિત્રનૃપતિના સૈન્યે હવે હતપ્રહત કરી નાંખ્યું.

હવે બિચારા, રાંકડા બની ગયેલા એ શું કરે ? અધૂરામાં પૂરું, એમની નિર્માલ્યતા ઉપર લોકોએ પણ ફીટકાર વરસાવ્યો. એટલે હવે ફરી ફરી છાપો મારવાનું બંધ કરીને મનથી અત્યંત ઉદ્વિગ્ન થઈને અંધકારના સમૂહ જેવા કાળામેંશ બનીને બેસી રહ્યા.

**न अगीतार्थस्य गुर्वादिपारतंत्र्यं विना गुणलेश-सम्भावनापि, प्रत्युत महानर्थसम्पात एव ।**

ગુરુપારતન્ત્ર્ય વિના અગીતાર્થને જરા પણ ગુણની સંભાવના તો નથી, પરંતુ ઉલટો મહાન અનર્થ આવી પડે છે.

इत्थं पुरे सात्त्विकचित्तसंज्ञे,
गिरेश्च मूले गृहिधर्मदेशे ।
आटीकते यत् खलु मोहघाटी
वैराग्यवाटी न विवर्धते तत् ॥६६॥

પણ એક વાત ચોક્કસ બની કે આ રીતે મોહરાજના સૈનિકો છાપા માર્યા કરે તેથી વિવેકશૈલ નામના પર્વતની તલાટીના ગૃહસ્થ-ધર્મના પ્રદેશમાં આવેલા સાત્ત્વિકચિત્ત નામના નગરમાં વૈરાગ્ય-વેલડી વધવા ન લાગી.



**नानापथे सर्वजनः प्रवृत्तः,**
**को लोकमाराधयितुं समर्थः ।**

જુદા જુદા માર્ગ ઉપર પ્રવૃત્તિશીલ લોકોના ચિત્તને આરાધવા કોણ સમર્થ છે ? (ભિન્ન ભિન્ન રુચિવાળા જીવોના ચિત્તને પ્રસન્ન કરવાનો કોઈ માર્ગ જ નથી.)

**बीजाङ्कुरस्कन्धदलाद्यवस्था-**
**मुच्छिद्य पापाः खलु तस्करास्ताम् ।**
**गच्छन्ति तेषां न विवेकशैले,**
**पुनः प्रचारो भटकोटिपूर्णे ॥६७॥**

મોહરાજના પાપી સૈનિકો વિવેકશૈલની તલાટીના પ્રદેશમાં તક લઈને છાપા મારે છે; અને વૈરાગ્ય વેલડીનો બીજ, અંકુર સ્કન્ધ વગેરે જે કોઈ અવસ્થા સુધી વિકાસ થયો છે તેને નષ્ટ કરીને ભાગી છૂટે છે પણ તે ચોરો ચારિત્ર ધર્મરાજના ક્રોડો સુભટોના ચોકી પહેરાવાળા વિવેકપર્વત ઉપર જવાની હિંમત પણ કરી શકતા નથી.



तथा च वैराग्यसमृद्धिकल्प-
लतावितानैरभितः स शैलः ।
अलङ्कृतः शत्रुततेरगम्यो
धत्ते धृतिं चेतसि धर्मभाजाम् ॥६८॥

ચારિત્રધર્મના સ્વામી· પ્રજાજનોને તે તે વિવેકશૈલ ઉપર ભારે નિર્ભયતા, ધૈર્ય વગેરે મળી ગયા છે; કેમ કે શત્રુઓની સેના ત્યાં પહોંચી શકે તેમ નથી. વળી વૈરાગ્ય સમૃદ્ધિની કલ્પ વેલડી ચોફેર વિસ્તરી હોવાથી તે વિવેકશૈલ ખૂબ જ અદ્ભુત શીતળતા આપતો શોભી રહ્યો છે.



देहबलं यदि न दृढं तथापि मनोवृत्तिबलेन यतितव्यम् ।
तृषितः पात्राभावे करेण किं नो जलं पिबति ?

જો સંયમસાધનામાં દેહબળ મજબૂત ન હોય તો પણ મનના ધૃતિ બળવડે સંયમમાં યત્ન કરવો જોઈએ. તૃષાતુર મનુષ્ય પાણી પીવાના પાત્રના અભાવે શું હાથ વડે પાણી પીતો નથી ? પીવે જ છે.

चारित्रधर्मस्य नृपस्य तस्य
साम्राज्यभाजः प्रबलप्रभावात् ।
स्थले स्थले तत्र वसन्ति लोका,
वैराग्यवाटीसुखभग्नशोकाः ॥६१॥

વિશાળ સામ્રાજ્યના અધિપતિ તે ચારિત્રધર્મરાજના પ્રબળ પ્રભાવના કારણે વિવેકશૈલ ઉપર અનેક લોકો નિવાસ કરવા લાગ્યા. ત્યાં વ્યાપેલી વૈરાગ્યવેલડીના અનુપમ સુખની લિજ્જત માણતા તેમના સઘળા ય કૌટુંબિકાદિ શોકનષ્ટ થઈ ગયા.



यस्य भागवती सदाज्ञा प्रिया तस्य नियमतः संवेग इति ।

જેને ભગવાનની આજ્ઞા પ્રિય છે તેને નિયમા સંવેગ હોય. જ્યાં આજ્ઞાપ્રિયતા ત્યાં સંવેગ.

शुद्धात्मनां तत्र विसारि दत्ते
तत्सौरभं हर्षभरं प्रकृत्या ।
अतुच्छमूर्च्छां कुरुते तदेव
व्यक्तं महामोहचमूभटानाम् ॥७०॥

વૈરાગ્ય-વેલડીમાંથી નીકળીને ચોફેર પ્રસરતી સુગંધની તો શી વાત કરવી ? નિર્મળ પરિણતિવાળા ત્યાંના નિવાસી આત્માઓને તો તે સૌરભ અનુપમ મસ્તીમાં લાવી મૂકે છે. જ્યારે મહામોહરાજના સૈન્યને તો એ જ સૌરભ 'ત્રાહિ મામ્' પોકારાવી દે છે.

न चिंतिज्जा परपीडं । न भाविज्जा दीणयं ।
न गच्छिज्जा हरिसं । न निरिक्खिवज्ज परदारं ।

પરપીડનનો વિચાર ન કરવો.
દીનતાનો વિચાર ન કરવો.
બહુ હર્ષઘેલા ન બની જવું.
પરસ્ત્રીને જોવી નહિ.

लोकानतस्तत्र पराबुभूषु-
श्छलादुपेतोऽपि हि मोहसैन्यः ।
अमारितोऽपि म्रियते हतेन,
घ्राणेन तेन प्रतिलब्धमूर्च्छः ॥७१॥

ક્યારેક વધુ અકળાઈને અધીરું બનીને મોહરાજનું સૈન્ય ધર્મીજનોને પરાજિત કરવાની વાસનાથી છલપૂર્વક છાપો મારે છે; પણ અફસોસ ! વૈરાગ્ય-વેલડીના પ્રદેશમાં પ્રવેશ કરતાં જ તે સૈન્યને કોઈ પડકારતું-મારતું નથી તો ય પેલી સુગન્ધ, નાકને અડતાં જ મગજ ચક્કર ખાઈ જાય છે અને બિચારા સૈનિકો ત્યાં ને ત્યાં જ બેભાન થઈને ધરતી ઉપર ઢળી પડે છે.

आगमवचनपरिणतिर्भवरोगसदौषधं ।

આગમવચનની પરિણતિ (પરિણામ) ભવ રોગનું સમ્યગ્ ઔષધ છે. (જિનવચનની પરિણતિ વગર કર્મરોગ જાય નહિ.)

हेतोरतः पर्वतकल्पवल्लि-
विसृत्वरामोदविशङ्कितास्ते ।
आयान्ति चौरा गृहिधर्मदेशेऽ-
प्यालस्यवस्त्रेण निबध्य नासाम् ॥७२॥

વારંવાર એવું થતાં મોહના સૈનિકોને શંકા પડી કે વિવેકશૈલ ઉપર વ્યાપક રીતે પથરાએલી વૈરાગ્ય-વેલડીની ચોપાસ વ્યાપતી સુગંધ જ આપણને બેભાન કરી નાંખતી જણાય છે.

પછી તેઓએ 'આલસ્ય' નામનું વસ્ત્ર પોતાના નાક ઉપર બાંધ્યું અને તેમણે પર્વતની તલાટીમાં રહેલા ગૃહસ્થ ધર્મના પ્રદેશમાં છાપો માર્યો.

यः ददाति शुद्धधर्मं स परमात्मा जगति ।

જે લોકોને શુદ્ધ ધર્મ આપે છે તે આ જગતમાં પરમાત્મા છે.

**तत्तादृगप्यद्रिसमृद्धिशर्म,**
**चारित्रधर्मस्य मनःप्रसादम् ।**
**शत्रुप्रचाराप्रतिरोधदुःस्थं**
**धत्ते न पङ्कोपहतं यथाम्भः ॥७३॥**

જો કે, આમ તો વિવેકશૈલ વૈરાગ્ય વેલડીના કારણે ખૂબ સમૃદ્ધ હતો પણ એની એ સમૃદ્ધિનું સુખ ચારિત્રધર્મ રાજના ચિત્તને આનંદ આપતું ન હતું કેમ કે એ સુખ, શત્રુના વારંવારના છાપાઓનો સબળ પ્રતિકાર ન થઈ શકતો હોવાની દુઃખદ સ્થિતિથી મિશ્રિત હતું.

નિર્મળ પણ જલ; કાદવથી ખરડાય પછી તે જલ ચિત્તને શે આનંદ આપી શકે ?

**गुरुकुलवासाभावे आज्ञारुचित्वस्याप्यभावः ।**

ગુરુકુલવાસના અભાવે જિનાજ્ઞારુચિનો પણ અભાવ હોય-જ્યાં જિનાજ્ઞાની રુચિ હોય ત્યાં ગુરુકુલવાસ હોય.

ततः स्वशैलस्य समृद्धिशर्म
स भूमिशक्रोऽबहुमन्यमानः ।
उपद्रवात्स्वाश्रितमण्डलानां
बोधं प्रतीत्थं सचिवं ब्रवीति ॥७४॥

ત્યારબાદ તે ચારિત્રધર્મરાજ, પોતાની હકૂમતના વિવેકશૈલની સમૃદ્ધિના તેવા સુખને નગણ્ય સમજીને, અને પોતાના તાબાના પ્રદેશો ઉપરના ઉપદ્રવને વિચારીને સદ્‌બોધ નામના પોતાના મન્ત્રીને આ પ્રમાણે કહે છે.

**संकल्प विनाशे एव कामविनाशः ।**

કામના-સંકલ્પના ત્યાગમાં જ કામનો ત્યાગ થાય છે. કામના વિચારથી કામ ઉત્પન્ન થાય છે.

## ચારિત્રધર્મરાજ અને સદ્બોધમન્ત્રીનો વાર્તાલાપ

### ચારિત્રરાજની ચિન્તા :

दुर्वादिपक्षा इव कूटलक्ष्या,
मलीमसाः प्राञ्जलमाश्रितं नः ।
निवार्यमाणा अपि मोहसैन्याः
पुनः पुनर्लोकमुपद्रवन्ति ॥७५॥

ચારિત્રરાજ : સદ્બોધમન્ત્રી ! મને એમ લાગે છે કે જેમ દુષ્ટ વાદીઓ વાદ કરવામાં તત્ત્વપ્રાપ્તિના લક્ષ્યવાળા હોતા નથી પણ એમનું લક્ષ્ય તો છલ-કપટ તરફ જ હોય છે તેમ મોહરાજના સૈનિકો પણ કૂડ-કપટના જ લક્ષ્યવાળા છે. આ સૈનિકોને આપણે ખૂબ મારી હંફાવ્યા છતાં ફરી ફરીને આપણને સારી રીતે આશ્રિત રહેલા લોકો ઉપર ઉપદ્રવ કર્યા કરે છે.

सकलाचारस्य मूलभूतो गुरुकुलवासः ।

સકલ આચારનું મૂળ ગુરુકુલવાસ છે.

अस्मद्‌बलं तिष्ठति चित्तवृत्तौ
वैराग्यवल्लीं न विना प्रवृद्धाम् ।
छलान्विषस्ते च विनाशयन्ति
बीजाङ्कुरस्कन्धदशामपीमाम् ॥७६॥

"સદ્‌બોધ ! જો ચિત્તવૃત્તિમાં સમૃદ્ધ બનેલી વૈરાગ્યવેલડીની સૌરભ વ્યાપી ન હોય તો આપણું સૈન્ય ત્યાં રહી શકતું નથી, આપણા સૈન્યનો એ વેલડી સાથે અવિનાભાવ છે.હવે પેલા છળ-કપટના જ શોધક મોહરાજના સૈનિકો આ વેલડીનો બીજ, અંકુર કે સ્કન્ધદશા સુધીનો જે કાંઈ વિકાસ થયો હોય તે બધો ય વારંવાર વેરવિખેર કરી નાંખે છે.

गुरुपारतंत्र्याभावे च सूत्रार्थनिश्चयोऽपि न संभवति ।

અર્થ-ગુરુ પારતંત્ર્યના અભાવમાં સૂત્રાર્થનો નિશ્ચય સંભવતો નથી.

निजाश्रितानामिति मानवाना-
मुपद्रवोऽधस्तनमण्डलेषु ।
अयं प्रतापक्षतये भवेन्मे
रवेरिवाम्भोधरसन्निरोधः ॥७७॥

"વળી મન્ત્રીશ્વર ! આ વિવેકશૈલના નીચેના તલાટીના ભાગોમાં જે આપણા આશ્રિત માનવો (સુશ્રાવકો) છે એમને મોહરાજનું સૈન્ય જે ઉપદ્રવ કર્યા કરે છે એ ઉપદ્રવ તો મારા તેજને ઝાંખપ લગાડનારો બને છે.

વાદળ દ્વારા સૂર્યનું તેજ ઢંકાય એ પ્રતાપી સૂર્ય માટે હીણપતભર્યું નથી શું ?

**बहुसाधुमध्ये लज्जाभयादिभिरपि भवत्येव गुर्वाज्ञानुल्लं घनम् ।**

અર્થ-ઘણા સાધુઓ વચ્ચે લજ્જા, ભય વગેરેના કારણે પણ ગુરુ આજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી.

विचार्य मे ब्रूहि तदार्य ! तेषा-
मात्यन्तिकं विघ्नविनाशहेतुम् ।
भूयान्मनीषा तव भूरिचिन्ता-
महार्णवोत्तारकरी तरीव ॥७८॥

"એટલે હે આર્ય ! મન્ત્રીશ્વર ! તું શાન્તચિત્તે વિચાર કર અને તે શત્રુઓના ઉપદ્રવનો સંપૂર્ણ નાશ થાય તેવો કોઈ ઉપાય શોધી કાઢ અને મને જણાવ.

તારી સૂક્ષ્મ-પ્રજ્ઞા ઉપર મને ભારે ભરોસો છે. ચિન્તાના મોટા સાગરમાં ડૂબેલા મારા માટે તારી પ્રજ્ઞા ખરેખર તારનારી હોડીનું કામ કરી જશે."



अन्तर्गतशुभभावसद्भाव एव भक्तिवृद्ध्यादिकम् ।

અર્થ-અંતરમાં શુભભાવના સદ્ભાવમાં જ ભક્તિ વિનય આદિની વૃદ્ધિ હોય.

સદ્‌બોધમન્ત્રીનો સુંદર પ્રત્યુત્તર

इतीरिते भूमिभुजा ब्रवीति
सद्बोधमन्त्री कलितोरुनीतिः ।
बलस्य कार्यं न हि तेषु राजं-
स्त्राणं कला येषु पलायनस्य ॥७१॥

ચારિત્રધર્મ નૃપતિએ કહ્યા બાદ સદ્‌બોધમન્ત્રી બોલવા લાગ્યા. મન્ત્રીશ્વર યુદ્ધની વ્યૂહરચનાઓના કાબેલ જાણકાર હતા. તેમણે કહ્યું, "હે રાજન્ ! જે શત્રુઓને નસાડી મૂકવા માટે કળની કળા જ અજમાવવાની જરૂર છે ત્યાં બળ અજમાવાય તે બરોબર નથી એમ મને લાગે છે."

**आसन्नकालभवसिद्धियस्स जीवस्स लकखणं इणमो ।
विसयसुहेसु ण रज्जइ सव्वत्थामेण उज्जमइत्ति ।**

નજીકના કાળમાં જેની ભવમાંથી મુક્તિ થવાની હોય તેવા જીવનું લક્ષણ આ છે કે તે વિષયસુખમાં આનંદ પામતો નથી અને સર્વ શક્તિથી તપ સંયમનો ઉદ્યમ કરે છે.

उपद्रवस्यास्य विनाशहेतुः
पूजास्ति पूता परमेश्वरस्य ।
स्वसैन्यसंमर्दमृतेऽपि हन्त,
हतो यया स्याद्द्विषतां प्रचारः ॥८०॥

આ ઉપદ્રવની જડ ઉખેડી નાંખવી હોય અને વૈરાગ્ય વેલડીને સદા માટે સુરક્ષિત કરી દેવી હોય તો રાજન્ ! ત્રિલોકગુરુ દેવાધિદેવની પવિત્ર પૂજા જ તે સિદ્ધિ બતાડી શકશે. એમાં આપણા સૈન્યનો લેશ પણ નાશ નહિ થાય અને શત્રુઓનું આક્રમણ મૃતપ્રાયઃ થઈને નષ્ટ થઈ જશે.



सर्वविरतिलालसः खलु देशविरतिपरिणामः ।

અર્થ-દેશવિરતિનો પરિણામ ખરેકર સર્વ વિરતિની લાલસાવાળો હોય. (દેશવિરતિધર શ્રાવક સર્વવિરતિની તીવ્ર ઈચ્છાવાળો હોય જ.)

तेषां रिपूणां पदशृङ्खलेयं
स्वमण्डलक्षेमविधानदक्षा ।
क्रन्दन्ति बद्धा ह्यनया नितान्तं
भवन्ति न स्पन्दितुमप्यलं ते ॥૮૧॥

હે રાજન્ ! આપણા રાષ્ટ્રની રક્ષા કરવામાં ઉત્તમ પૂરવાર થનારી એ ત્રિલોકગુરુ પૂજા તે શત્રુઓ માટે તો પગની બેડી જ બનશે. આ બેડીથી એવા તો બંધાઈને પોક મૂકશે કે તો ય જરાક પણ ચસકવાને સમર્થ બની શકશે નહિ.

जो गिलाणं पडियरइ से मं पडियरइ ।
जो मं पडियरइ सो गिलाणं पडियरइ ॥

**અર્થ**-જે ગ્લાન સાધુની સેવા કરે છે તે મારી (તીર્થંકરની) સેવા કરે છે અને જે મારી (તીર્થંકરની) સેવા કરે છે તે ગ્લાન (બિમાર) સાધુની સેવા કરે છે.

**उक्ता विशुद्धा त्रिविधा क्रमात्सा**
**प्रकृष्टमध्याधिकविघ्नहर्त्री ।**
**व्यापारसारा निजकायवाणी-**
**मनोविशुद्धैरुपचारभेदैः ॥८२॥**

આ પૂજાઓ ત્રણ પ્રકારની છે; ઉત્તરોત્તર વધુ વિશુદ્ધ છે. પહેલી પ્રકૃષ્ટ, બીજી મધ્ય અને ત્રીજી અધિક વિઘ્નોનો નાશ કરનારી છે. પહેલીમાં કાયાની વિશુદ્ધિની, બીજીમાં વાણીની વિશુદ્ધિની અને ત્રીજીમાં મનની વિશુદ્ધિની મુખ્યતાવાળા વિવિધ ઉપચારો સાથેના વ્યાપારોની સારમયતા હોય છે.

**गुरुभक्ति-बहुमानभावत एव चारित्रे श्रद्धा स्थैर्यं च भवति, नान्यथा ।**

**અર્થ**-ગુરુ પ્રત્યે ભક્તિ, બહુમાન હોય તો જ ચારિત્રમાં શ્રદ્ધા અને સ્થિરતા થાય છે, નહિતર ન થાય.

समन्तभद्रा प्रथमाऽत्र पूजा
प्रोक्ता द्वितीया खलु सर्वभद्रा ।
मरोर्भवस्याध्वनि सर्वसिद्धि-
फला तृतीयाऽमृतदीर्घिकाभा ॥८३॥

પ્રથમ પૂજાનું નામ સમન્તભદ્રા છે; બીજી પૂજા સર્વભદ્રા છે. અને મરુદેશરૂપી સંસારના માર્ગમાં અમૃતની વાવડી સમી ત્રીજી પૂજા સર્વસિદ્ધિફલા છે.

न हि भवति अनुपासितगुरूकुलस्य विज्ञानम् ।

અર્થ-ગુરુકુલવાસ જેણે સેવ્યો નથી તેને વિજ્ઞાન થતું નથી. (આગમોનું સ્પષ્ટ અને સૂક્ષ્મ જ્ઞાન ગીતાર્થ ગુરુના ચરણકમળ સેવ્યા વિના થતું નથી.)

भावात् भाव प्रसूतिः शुभाच्छुभस्य ॥

અર્થ-ભાવથી ભાવની ઉત્પત્તિ-શુભભાવથી શુભભાવની ઉત્પત્તિ થાય; જેમ માટીથી ઘડો ઉત્પન્ન થાય તેમ.

तत्रादिमा सर्वगुणाधिकेषु
जिनेषु सर्वोत्तमवस्तुजातैः ।
कर्पूरपुष्पागुरुचन्दनाद्यैः
स्वयं वितीर्णैः परितोषमूला ॥८४॥

**પહેલી સમન્તભદ્રા પૂજા**

સર્વગુણોથી ઉત્કૃષ્ટ જિનેશ્વરદેવોની ન્યાયથી પ્રાપ્ત કરેલી સર્વોત્કૃષ્ટ ઉત્તમ વસ્તુઓ—કપૂર, પુષ્પ, ગંધ, ચન્દન વગેરેથી થતી પૂજા એ પહેલી સમન્તભદ્રા પૂજા છે. આ પૂજા ચિત્તને અદ્ભુત પરિતોષ આપવાના સામર્થ્યવાળી હોય છે.

જે પૂજા : ઉત્કૃષ્ટ, ઉત્તમ દ્રવ્યોવાળી નથી.

અન્યાયોપાર્જિત દ્રવ્યોની વસ્તુઓવાળી છે.

અ-જિનેશ્વરોની છે...

તે પૂજા ચિત્તના પરિતોષરૂપી મહામૂલા ધનની બક્ષિસ આપી શકતી નથી.

**न क्षमं हि मुमुक्षुणां क्षणमपि निरभिग्रहाणामवस्थातुं ।**

મુમુક્ષુઓએ એક ક્ષણ પણ અભિગ્રહ વિના રહેવું યુક્ત નથી.

तेषां जनैरानयेन वाचा-
माचारसंचारपवित्रितेन ।
भवेद् द्वितीयाऽधिकताषहेतुः
स्वशक्तिविस्फारितभूरिभक्तिः ॥८५॥

**બીજી સર્વભદ્રા પૂજા :**

પોતાની શક્તિ મુજબ ઝળહળતી પ્રબળ ભક્તિવાળો પૂજક (પોતાના શુદ્ધ) આચારના વ્યવહારથી એવા વાર્તાલાપો દ્વારા લોકો પાસેથી તે ઉત્તમ દ્રવ્યોને મંગાવીને જિનપૂજા કરે/કરાવે તે બીજા પ્રકારની પૂજા અધિક આનંદનો હેતુ બને છે. અહીં બીજાઓ દ્વારા સામગ્રી મંગાવીને પૂજા કરવામાં સામગ્રી તો પોતાની છે જ પણ ધનાઢ્યોની સામગ્રી વિપુલ હોવાથી બીજાઓ દ્વારા મંગાવાય અને એમાં જે પવિત્ર વાણીનો પ્રયોગ થાય તે દ્વારા મંગાવાય તે દ્વારા બીજા અનેકોને અનુમોદનાનું કારણ બને. આ વાણી જ પૂજામાં પ્રબળભક્તિ ઉત્પન્ન કરવાનો ઉલ્લાસ જગાડે છે.

विषयानुराग-विरागयोरेव सर्वानर्थार्थमूलत्वात् ।

અર્થ-વિષયનો અનુરાગ સર્વ અનર્થનું મૂળ છે. વિષયનો વિરાગ સર્વ અર્થનું મૂળ છે.

अनन्तसन्तोषकरी तृतीया,
स्वशक्तिसिद्धेऽर्चनसंविधाने ।
भवत्यविश्रम्य सुरादिसाध्य-
विधौविधित्साप्रसरोऽपि यस्मात् ॥८६॥

**ત્રીજી સર્વસિદ્ધિફલા પૂજા :**

ચિત્તમાં અનન્ત પ્રસન્નતાને પ્રગટ કરનારી, ત્રીજી સર્વસિદ્ધિફલા પૂજા છે. અહીં પોતાની શક્તિથી સિદ્ધ થયેલા પૂજન-વિધાનમાં ત્યાં સુધીની ભાવના જાગે છે કે, "દેવોને જ જે સાધ્ય સિદ્ધ થાય છે તેવી પરમાત્માના જન્માભિષેકાદિની ક્રિયાઓ માનસિક રીતે હું જ કેમ ન કરું ? અહીં ભક્તને કાયિક ભક્તિથી એટલી અતૃપ્તિ રહે છે કે જિનજન્મસ્નાત્ર મહોત્સવાદિના રૂપમાં તે દેવોને સાધ્ય માનસિક પૂજા પણ અચૂક કરે છે.

**आत्मप्रशंसया धर्मः प्रणश्यति ।**

આત્મ પ્રશંસા કરવાથી ધર્મ નાશ પામે છે. (બીજા પોતાના ગુણોની પ્રશંસા કરે તો તેઓના ધર્મનું પોષણ થાય છે અને જાતે પોતે પોતાના ગુણોની પ્રશંસા કરે તો ધર્મનું શોષણ થાય છે.) માટે આત્માર્થીએ સ્વ-પ્રશંસાથી દૂર રહેવું.

आद्यादिमाऽवञ्चकयोगतः स्यात्
सम्यग्दृशामुत्तरसद्गुणौघम् ।
युज्येत पूजा दधतां द्वितीया
द्वितीयतद्योगपवित्रितानाम् ॥८७॥

પ્રથમ અવંચક યોગ-યોગાવંચકથી પૂજકને પહેલી પૂજા પ્રાપ્ત થાય છે.

બીજા ક્રિયાવંચકયોગથી પવિત્ર થએલા સમ્યગ્દૃષ્ટિ આત્માઓ—ઉત્તર સદ્ગુણોના ધારક આત્માઓને બીજી પૂજા પ્રાપ્ત થાય છે.

**जे बंभचेरभट्ठा, पाए पाडंति बंभयारीणं ।**

**ते हुंति टूंटमुंटा, बोहि वि सुदुल्लहा तेसिं ।**

જે બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલા હોય અને બીજા બ્રહ્મચારીઓને પગમાં પડાવે તો તે હાથ-પગ વિનાના લૂલા, લંગડા થાય છે અને બોધિ પણ તેઓને અત્યંત દુર્લભ બની જાય છે.

तथा तृतीयाऽतिशयात् तृतीयात्
सञ्जायतेऽवञ्चकयोगरूपात् ।
श्राद्धस्य शुद्धस्य निजोचितस्य
श्रुतोदिताचारपरायणस्य ॥८८॥

પોતાને ઉચિત એવા શાસ્ત્રોક્ત આચારોમાં પરાયણ અને વિશુદ્ધ શ્રમણોપાસકને ત્રીજા ફલાવંચક યોગના અતિશયથી ત્રીજી પૂજા પ્રાપ્ત થાય છે.



आयओ गुरुबहुमाणो ।

હૃદયમાં અપરંપાર ગુરુ બહુમાનને સ્થાન આપો. મોક્ષમાં સ્થાન પામવાનું આથી વધુ કોઈ જ મૂલ્ય નથી. ગુરુ બહુમાનની પહોંચ મોક્ષ સુધી છે. બીજા શબ્દોમાં ગુરુબહુમાન એ જ મોક્ષ છે.

## ત્રણ અવઞ્ચક યોગો :

योगा इहोक्ता स्त्रिविधाश्च [१]योग-
[२]क्रिया[३]फलावञ्चकभेदभाजः ।
सत्साधुसंगात् परिणामभाग्भ्यां
क्रियाफलाभ्यां च तदाश्रयाभ्याम् ॥८९॥

શાસ્ત્રકાર પરમર્ષિઓએ ત્રણ પ્રકારના યોગ કહ્યા છે. (૧) યોગાવંચક યોગ. (૨) ક્રિયાવંચક યોગ. (૩) ફલાવંચક યોગ.

સુવિહિત મુનિનો યોગ તે યોગાવંચક યોગ. તેમના નિમિત્તે પ્રાપ્ત થતી શાસ્ત્રોક્ત ધર્મ ક્રિયાઓનો આશ્રય તે ક્રિયાવંચક યોગ. તે ક્રિયાઓના ફળરૂપે પ્રાપ્ત થતાં તત્ત્વો તે ફલાવંચક યોગ.

बहुसाधुमध्ये लज्जाभयादिभिरपि गुर्वाज्ञानुल्लंघनम् ।

ઘણા સાધુઓ વચ્ચે લજ્જા ભય વગેરેના કારણે પણ ગુરુ આજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી.

**सम्यक्त्वभाजां त्रिविधाऽपि सेय-**
**मेकातपत्रप्रभुताविधात्री ।**
**मिथ्यात्वभाजामपि विघ्नहर्त्री,**
**धर्माप्तिकृद्ग्रन्थिसमीपगानाम् ॥९०॥**

આ ત્રણે ય પ્રકારની પૂજાઓ સમ્યગ્દૃષ્ટિ આત્માઓને એકછત્રી પુણ્ય-પ્રભુત્વ આપનારી બને છે.

એટલું જ નહિ, પણ સદ્‌ધર્મની પ્રાપ્તિ કરી આપનારા ગ્રન્થિપ્રદેશના સામીપ્યમાં-આવી ગયેલા મિથ્યાદૃષ્ટિ આત્માઓ માટે પણ આ પૂજાઓ વિઘ્નોનો નાશ કરનારી તો બને જ છે.

**अकामी मण्डनप्रियो न भवतीति ।**

અકામી વિભૂષાપ્રિય ન હોય.

(શરીરની અને કપડાંની બહુ ટાપટીપ કરવી તે બ્રહ્મચારી માટે ખતરનાક છે. સ્ત્રીઓનું આકર્ષણ વધે એવું કાંઈ જ ઈરાદાપૂર્વક કરવું તે સ્વ-પરને મહાન્ નુકશાનકર્તા છે.

भवस्थितेर्भङ्गकरीयमिष्टा
विशोधनी मोक्षमहापथस्य ।
जीवायसश्चाक्षयभावराग-
रसायनात् काञ्चनभावकर्त्री ॥९१॥

હે રાજન્ ! આ ત્રણે ય પ્રકારની જિનપૂજાઓ સંસાર પર્યાયનો છેદ કરી નાંખનારી હોવાથી આપણને ખૂબ જ ઈષ્ટ બની જશે. વળી મોક્ષના મહાપંથે પથરાએલા વિઘ્નોના કાંટા અને પથ્થરોની આ જ પૂજાઓ સાફસુફી કરે છે. એટલું જ નહિ પણ પૂજકના પૂજનનો જે અક્ષયભાવનો રાગ એ તો રસાયણનું કામ કરે છે.આ ભાવ-રસાયન જીવસ્વરૂપ લોખંડને સ્પર્શ કરીને એને વિશુદ્ધ સુવર્ણ બનાવી દે છે.

આવા તો અઢળક લાભો છે ત્રિલોકગુરુની પૂજાના.

**जो गिलाणं पडियरइ से मं पडियरइ ।**
**जो मं पडियरइ से गिलाणं पडियरइ ॥**

જે ગ્લાન સાધુની સેવા કરે છે તે મારી (તીર્થંકરની) સેવા કરે છે અને જે મારી (તીર્થંકરની) સેવા કરે છે તે ગ્લાન (બીમાર) સાધુની સેવા કરે છે.

आत्यन्तिकोपद्रववारणेन
तदेतया देव ! जनास्त्वयाऽमी ।
संरक्षणीयास्तव काऽत्र चिन्ता
सर्वेऽप्युपायाः खलु यस्य वश्याः ॥९२॥

હે રાજન્ ! હવે વધુ તો શું કહું ! સઘળાં ય ઉપદ્રવોનો સંપૂર્ણ નાશ કરનાર આ પૂજનો વડે જ આપે આપની રૈયતનું રક્ષણ કરવું. હવે શત્રુનાશના સઘળા ય ઉપાયો આપના હાથમાં આવી ગયા છે પછી આપને કોઈ ચિન્તા કરવાનું કારણ રહેલું નથી.”



जे अणन्नदंसी से अणन्नारामे ।

એક વાર.. માત્ર એક વાર તારા અદ્ભુત આત્મસ્વરૂપને જોઈ લે. પછી તારું મન બીજે બધેથી ઉઠી જશે. અને એમાં જ રમણ કર્યા કરશે.

## જિનપૂજનારંભ અને ઉપદ્રવનાશ :

**स्वीकृत्य सन्मन्त्रिवचस्तदेत-**
**च्चारित्रधर्मो विनियोज्य लोकान् ।**
**पूजाविधौ तीर्थकृतां समग्र-**
**मुपद्रवं शत्रुकृतं निहन्ति ॥९३॥**

સદ્‌બોધ મન્ત્રીના સૂચનોનો સંપૂર્ણ સ્વીકાર કરીને ચારિત્રધર્મરાજાએ તમામ પ્રજાને ત્રિલોકગુરુ તીર્થંકરદેવોની પૂજનવિધિમાં જોડી દીધા. પ્રજાજનોએ પણ ચારિત્રધર્મરાજ પ્રત્યેના અથાગ બહુમાનને લીધે એમની આજ્ઞાનો સ્વીકાર કર્યો. આમ શત્રુઓના સઘળા ઉપદ્રવોને શાન્ત કરવામાં ચારિત્રધર્મરાજને ભારે સફળતા મળી.

**गुरुपारतंत्र्याभावे च सूत्रार्थनिश्चयोऽपि न संभवति ।**

ગુરુ-પારતંત્ર્યના અભાવમાં સૂત્રાર્થનો નિશ્ચય સંભવતો નથી.

**ततश्च तेषां निरुपद्रवत्वा-**
**द्वैराग्यवल्ली परिवृद्धिमेति ।**
**तदीयपुष्पोत्करसौरभश्रीः**
**सर्वत्र संमूर्च्छति चित्तवृत्तौ ॥९४॥**

આમ જ્યારે મોહરાજ તરફી ઉપદ્રવોથી ચારિત્ર-ધર્મરાજની વૈરાગ્ય-વેલડી મુક્ત થઈ એટલે તે પણ ઝપાટાબંધ વિકસવા લાગી. તેની ઉપર પુષ્પોના સુંદર ગુચ્છા લચી પડ્યા. તેની સોડમ ચિત્તવૃત્તિમાં સર્વત્ર ફેલાઈ ગઈ.



**भावे परिणामिकारणं भाव एव ।**

ભાવમાં પરિણામીકારણ ભાવ જ છે.

**भोगेच्छानिवृत्तिरूपं वैराग्यं ।**

ભોગની ઈચ્છાનો ત્યાગ તે વૈરાગ્ય.

नितान्तभीता निखिला हताशा,
व्रजन्ति दूरे रिपवस्तदानीम् ।
तत्रैव तिष्ठन्ति च धाष्ट्र्यतो ये,
ते शृङ्खलायां निपतन्ति तस्याम् ॥९५॥

ચારિત્રધર્મરાજનો વ્યૂહ અત્યંત મજબૂત થઈ જવાથી શત્રુ સૈન્યની છાવણીમાં કારમી હતાશા ફેલાઈ ગઈ. એક પણ સૈનિક યુદ્ધ આપવાની હિંમત પણ હારી બેઠો. સહુ દૂર દૂરના પ્રદેશોમાં ભાગી છૂટ્યા. જે કેટલાક સૈનિકો પોતાનું બળ માપ્યા વિના ધિટ્ઠા થઈને ત્યાં જ રહી ગયા તેમના પગમાં પૂજા રૂપી બેડીઓ પડી ગઈ; અને બિચારા ત્યાં ને ત્યાં જ ફસડાઈ પડ્યા.

आज्ञापारतन्त्र्यं विना न शुद्धिः ।

આજ્ઞાની પરાધીનતા વિના આત્મશુદ્ધિ નથી.

अन्तर्गतशुभभावसद्भाव एव भक्तिवृद्ध्यादिकम् ।

અંતરમાં શુભ ભાવના સદ્ભાવમાં જ ભક્તિ વિનય આદિની વૃદ્ધિ હોય.

छायासु वैराग्यलताश्रयासु
बद्धवा निवासानथ सावधानाः ।
आगन्तुकोपद्रववारणाय,
तिष्ठन्ति चारित्रनृपस्य योधाः ॥९६॥

નવા આવનારા-સંભવિત-ઉપદ્રવોથી આશ્રિતોની રક્ષા કરવા માટે ચારિત્રધર્મરાજના યોદ્ધાઓએ વૈરાગ્ય વેલડીની દૂર દૂર પડતી છાયાઓમાં પોતાના તંબૂઓ ખોડંગી દીધા અને સઘળી સરહદો ઉપર સાવધાન થઈને ચોકી કરવા લાગ્યા.



आज्ञापारतन्त्र्यस्यैव चारित्राङ्गत्वात् ।

અર્થ-આજ્ઞાની આધીનતા એ જ ચારિત્રનું અંગ છે.

छिन्दन्ति वासांश्च विषद्रुमांस्ते
पापात्मनां भावमहारिपूणाम् ।
ते भग्नवासा विषमेषु नंष्ट्वा,
व्रजन्ति विच्छेदनगान्तरेषु ॥९७॥

પાપી તે ભાવશત્રુઓના ઝેરી વૃક્ષ જેવા નિવાસો ઉપર હલ્લા કરીને ચારિત્રરાજના યોદ્ધાઓએ ધારાશાયી કરી નાંખ્યા.

આથી બે-ઘર બનેલા તે શત્રુસૈનિકોએ ભાગી છૂટીને જગતથી કપાઈ ગએલા વ્યવહારવાળા, ભયંકર પર્વતોનો આશ્રય લીધો.

गुरुकुलवासः परमपदनिबंधनं ।

અર્થ-ગુરુકુલવાસ પરમપદનું કારણ છે.

स्वाध्यायादिक्रिययाऽसत्क्रिया निवृत्तिः ।

સ્વાધ્યાયાદિ ક્રિયાથી અસત્ ક્રિયાની નિવૃત્તિ થાય છે.

**चारित्रधर्मेण वशीकृताऽथ**
**सर्वाऽपि जन्तोरिह चित्तवृत्तिः ।**
**शुष्काटवीत्वं प्रविहाय लीला-**
**रामत्वमेति प्रविसृत्वरश्रीः ॥९८॥**

આ રીતે જીવની સમસ્ત ચિત્તવૃત્તિ ઉપર ચારિત્રધર્મ રાજે પોતાનું આધિપત્ય જમાવી દીધું.

આજ સુધી જે ચિત્તવૃત્તિ-મોહરાજના કબજામાં હોવાથી છેદાઈ ભેદાઈને ભેંકાર જંગલ જેવી બની ગઈ હતી તે હવે વિસ્તૃત શોભાવાળી બનીને ગુણોને ક્રીડા કરવા માટેનાં સુંદર મજેનાં ઉદ્યાનમાં ફેરવાઈ ગઈ !

**यदाज्ञाबाह्यं तन्मोक्षांगं न भविति ।**

અર્થ-જે જિનાજ્ઞા બાહ્ય અનુષ્ઠાન હોય તે મોક્ષનું અંગ બનતું નથી.

**संपूर्णाज्ञाकरणं च साधोरेव भवति, नेतरस्य ।**

અર્થ-સંપૂર્ણ આજ્ઞાનું પાલન સાધુને જ હોય, બીજાને નહિ.

सर्वे हताशाः परिघर्षयन्तः,
करौ स्वगेहस्थितिमात्रनाशात् ।
अथारयोऽस्य प्रतिकूलवृत्यै,
कुर्वन्ति संभूय रहस्यवार्ताम् ॥९९॥

મોહરાજના સઘળા ય સૈનિકો એકદમ હતાશ થઈને હાથ ઘસતા થઈ ગયા હતા; કેમ કે તેમણે પોતાના ઘર પણ ગુમાવી દીધા હતા.

એક દિવસ એ ચારિત્રરાજને ત્રાસ આપવા માટેની યોજના ઘડી કાઢવા માટે તેઓ બધા એકઠા થઈને ગુપ્ત રીતે વાતો કરવા લાગ્યા.

जो आणं बहुमन्नति सो तित्थयरं गुरुं च धम्मं च ।

અર્થ-જે જિનાજ્ઞાનું બહુમાન કરે છે તે તીર્થંકર, ગુરુ અને ધર્મનું બહુમાન કરે છે.

## મોહરાજના સૈનિકોની નવા વ્યૂહ માટે વિચારણા

संकोचयन् यत्फलमब्जखण्डं
सूर्याश्रितं प्रातरुपैति चन्द्रः ।
उपद्रवद्भिर्महदाश्रितान्न
प्राप्तं किमस्माभिरतर्कितं तत् ॥१००॥

ખરેખર ! મોટા માણસોને આશ્રિત રહેલા લોકો ઉપર ઉપદ્રવ કરવા જતાં, આપણા ઉપર અણધારી આફતો આવી પડી !

સૂર્યને આશ્રિત રહેલા કમળોને ચન્દ્ર સંકોચી નાંખે છે તો સવાર પડતાં જ એ ચન્દ્રને અસ્ત પામી જવાની નાલેશી ભોગવવી પડે છે ને ?

**न च संसारभीरूतां विना धर्माधिकारो नाम ।**

ભવભય વિના ધર્મનો અધિકાર પ્રાપ્ત થતો નથી. ભવનિર્વેદ વિના નિર્વાણની નિર્મળ ભાવના પ્રગટ થતી જ નથી. સંસાર ઉપર જેનું મન હોય તેનું મન મોક્ષ ઉપર ન હોય. સંસારના રાગીને મોક્ષનો રાગ ન હોય. એ તો સંસાર પ્રત્યે વૈરાગી બને તો જ મોક્ષનો રાગી બની શકે.

**अतिप्रकाशादपि जृम्भमाण-**
**मसंवृतं धाम किलोद्धतेषु ।**
**दीपाङ्कुरस्येव महानिलेषु**
**धीरस्य सद्यो निधनं प्रयाति ॥१०१॥**

ઝંઝાવાતના ભયંકર ઝપાટાઓમાં જેમ દીપકનું નિર્મળ તેજ હણાઈ જાય છે; તેમ ધીર-ગંભીર માણસોનું અતિપ્રકાશથી ચમકતું; અને અણ-ગોપવ્યું તેજ પણ ઉદ્ધત માણસો દ્વારા એક ઝપાટે હણાઈ જાય છે. (મોહરાજના સૈનિકો પોતાને ધીર-ગંભીર જન માને છે !!!)

**संकिलष्टाचरणस्य निष्फलत्वात् ।**

સંકિલષ્ટ આચરણ નિષ્ફળ છે.

(શુદ્ધ અંતકરણપૂર્વકનું આચરણ જ સફળ છે.) ક્રિયાશુદ્ધિનો આધાર ચિત્તશુદ્ધિ ઉપર છે. ચિત્તશુદ્ધિ પૂર્વકની અલ્પક્રિયા પણ તારી દે છે. કલુષિત ચિત્ત જ સંસારનું મૂળ છે, ચોખ્ખું ચિત્ત જ મોક્ષનું મૂળ છે. ચિત્તને ચોખ્ખું કરવાનો ઉપાય છે; શુભાશય પૂર્વકનો શાસ્ત્ર સ્વાધ્યાય આદિ.

अथेदृशानामपि नः कथञ्चिद्
विचारयोगादवलम्ब्य धैर्यम् ।
निजं बलं स्फोरयितुं सुधांशु-
समानकीर्त्यभ्युदयाय युक्तम् ॥१०२॥

ખેર ! જેવા છીએ તેવા આપણે હવે ગંભીરપણે વિચાર કરીને, ધીરજ ધારણ કરીને, આપણું બળ-ચન્દ્ર-સમી કીર્તિનો અભ્યુદય પામવા માટે ફોરવવું એ જ યોગ્ય છે.

**स्वदोषगर्हणप्रकारेणापि प्रज्ञप्ता जिनैर्दोषशुद्धिः ।**

પોતાના દોષોની ગર્હા કરવાથી પણ જિનેશ્વર દેવોએ દોષશુદ્ધિ કહી છે. (સ્વદોષોની વારંવાર પશ્ચાત્તાપ પૂર્વક નિંદા-ગર્હા કરવાથી દોષશુદ્ધિ થાય છે અને પાપોના અનુબંધો પણ તૂટી જાય છે) ગર્હાથી દોષોનો ગંદવાડ જાય.

क्षीणोऽपि संश्रित्य विचारपक्षं
शशीव शुक्लं खलु योऽभ्युदेति ।
सर्वाः प्रजास्तं प्रणमन्ति भक्त्या
कृतार्थपूजाः पुनराहिताशाः ॥१०३॥

એકવાર અમાવસ્યાના દિવસે-સાવ ક્ષીણ થઈ ગએલો ચન્દ્ર શુક્લપક્ષનો આશ્રય લે છે તો કેવો જબ્બર અભ્યુદય પામે છે કે સઘળી પ્રજા તેને ભક્તિથી નમે છે અને તેની પૂજા કરીને ધન્ય બનતી તે પ્રજા ફરી પોતાની આશાઓનું તે ચન્દ્રમાં દર્શન કરે છે.

તે રીતે આપણે પણ આજે ભલે ક્ષીણ થઈ ગયા છીએ પણ જો ગંભીર-વિચારના શુક્લપક્ષનો આશ્રય લઈશું તો ચન્દ્રવત્ પાછા પૂંજાઈશું.

अविक्खा अणाणंदे ।

તમે કોઈ પણ વસ્તુની આશા રાખી, પછી તમે આનંદને ભૂલી જાવ.

અપેક્ષા અને આનંદ એ કદી સાથે રહેતા જ નથી.

जीवन् जनो मा स भटाभिमानी,
वैराविशुद्धेः खलु योऽधर्मणः ।
निन्द्यः स पङ्कादपि मर्द्यमानाद्
मालिन्यकर्तुः परिमर्दकाङ्घ्रेः ॥१०४॥

જે માણસ પોતાના શત્રુના વૈરની વસુલાત કરી શકતો નથી એ તો દેવાદાર છે. એવો માણસ સુભટ તરીકેના અભિમાનપૂર્વક જીવી શકે જ નહિ.

પેલો કાદવ ! જે એને પગેથી કચડે છે તેના પગ બગાડે છે. રે ! કચડાતા આવા કાદવથી તે માણસ વધુ હીણો છે.



विश्वजनीनाचम् ।

સમસ્ત વિશ્વનું કલ્યાણ કરવાનું સામર્થ્ય છે.

પ્રભુ વીરની વાણીમાં.

मुखं विशुष्यत्यरतिश्च यस्या-
मुदेति दाहः प्रसरीसरीति ।
तस्या धनुर्दर्पभृतां हि वैरा-
प्रतिक्रियायाः परमो ज्वरः कः ॥१०५॥

ધનુષ્ય સહિત સ્વમાનને ધારણ કરનારા સુભટોને તો વૈરની અવસુલાતથી વધુ બીજો ક્યો ઉગ્ર તાવ ગણાય ?

આ અવસ્થામાં એ સુભટોનું મોં સુકાય છે; ચિત્તમાં ઉદ્વેગ જાગે છે; બળતરા થાય છે. આ બધા ય કોઈ તાવના જ લક્ષણો છે ને ?

सो उवयारी जो किर सम्मं धम्मंमि ठावए अन्नं ।
सो चेव महावेरी जो पावपहे पयट्टेइ ॥

જે બીજાને ધર્મમાં સ્થાપે છે (જોડે છે) તે ઉપકારી છે અને જે બીજાને પાપના માર્ગમાં જોડે છે તે મહાવૈરી છે.

दैवान्निलीयापि निशि स्थितं यत्,
प्रोत्थाय भूयो द्विषतः पिनष्टि ।
तेजस्विजातौ गणनाधिकारे
तदेव धाम प्रथमं निमित्तम् ॥१०६॥

ભાગ્યવશાત્ જે તેજ છુપાઈને રાત્રિમાં રહે છે તે જ તેજ સવાર થતાં પોતાના શત્રુ અંધકારનો ચૂરો કરી નાંખે છે. આથીસ્તો જગત્ની તેજસ્વી વસ્તુઓની ગણતરી થાય ત્યારે તેમાં આ તેજ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે ને ?

यस्य त्वनादरः शास्त्रे तस्य श्रद्धादयो गुणाः ।
उन्मत्तगुणतुल्यत्वान्न प्रशंसास्पदं सताम् ।

જેને શાસ્ત્ર ઉપર અનાદર છે તેના શ્રદ્ધા આદિ ગુણો પણ ઉન્મત્ત પુરુષના ગુણ તુલ્ય છે, તેથી સજ્જનોને તે ગુણો પ્રશંસા કરવા લાયક નથી બનતા. (જેને શાસ્ત્રો ઉપર આદર ન હોય તેને દેવ, ગુરુ, ધર્મ, સંઘ ઉપર પણ આદર ન હોય.)

अस्माभिरोजस्विकुलप्रसूतै-
वैरस्य शुद्धिस्तदियं विधेया ।
गन्तुं च शक्यं विषये न तस्मिन्,
यत्र ध्रुवा सा पदशृङ्खला नः ॥१०७॥

આપણે કોણ ? ઓજસ્વીકુળમાં ઉત્પન્ન થયેલા નબીરાઓ !

આપણે વૈરની વસુલાત કરવી જ રહી. હા; ભલે આપણે શત્રુના પ્રદેશમાં જઈ ન શકીએ કેમ કે, ત્યાં ગયા તો પેલી ત્રિભુવનગુરુ-પૂજાની બેડી પગમાં પડી જ સમજો. એટલે એ જોખમ તો આપણે ન જ કરી શકીએ.

पूर्वसेवा तु तन्त्रज्ञैर्गुरुदेवादिपूजनम् ।
सदाचारस्तपो मुक्त्यद्वेषश्चेह प्रकीर्तिता ॥

યોગની પૂર્વ સેવાના ચાર ગુણ શાસ્ત્રના જાણકારોએ બતાવેલા છે :- (૧) ગુરુદેવાદિનું પૂજન, (૨) સદાચાર, (૩) તપ, (૪) મુક્તિનો અદ્વેષ.

अत्र स्थितैरेव परन्तु मन्त्र-
प्रतिक्रिया काचन चालनीया ।
दूरस्थितानामपि या रिपूणा-
मुच्चाटनात्तद्विधिघातिनी स्यात् ॥१०८॥

પણ અહીં રહીને જ આપણે એવી મન્ત્રપ્રતિક્રિયા કરીએ કે આપણાથી દૂર રહેલા શત્રુઓ ઉપર પણ તેનું એવું ઉચ્ચાટન વગેરે થાય કે આપણા માટે જીવલેણ નીવડેલી તેમની પૂજા-વિધિનું સત્યાનાશ નીકળી જાય.



आगमवचनपरिणतिर्भवरोगसदाधम् ।

આગમ વચનની પરિણતિ (પરિણામ) ભવ રોગનું સમ્યગ્ ઔષધ છે. (જિનવચનની પરિણતિ વગર કર્મરોગ જાય નહિ.)

## નવા ભેદી યુદ્ધનો આરંભ

**सर्वेऽपि सञ्चिन्त्य हृदीत्थमुच्चैः**
**अनाद्यविद्याख्यमहानिशायाम् ।**
**विपाकवस्त्राणि विहाय मिथ्या-**
**संस्कारमन्त्रं प्रयता जपन्ति ॥१०१॥**

આ પ્રમાણે સઘળાએ એકમતે ગંભીર રીતે વિચાર કર્યો અને અનાદિ-અવિદ્યા નામની ભયંકર રાત્રિના સમયે વિપાકસ્વરૂપ વસ્ત્રોનો ત્યાગ કરીને 'મિથ્યા-સંસ્કાર' નામનો મન્ત્ર એકાકાર બનીને જપવા લાગી ગયા.

**विवेको गुणेषु राजा अविवेकस्तु दोषेषु राजा ।**

વિવેક ગુણોમાં રાજા છે, અવિવેક દોષોમાં રાજા છે.

(વિવેક સર્વગુણોમાં શિરોમણિ છે, જ્યારે અવિવેક સર્વ દુર્ગુણોમાં શિરોમણિ છે.)

पापानुरूपा जपमालिकाश्च
गृह्णन्ति पाणौ ददते दशांशे ।
रागप्रथाभिः पृथुगारवाख्य-
त्रिकोणकुण्डे कणवीरहोमम् ॥११०॥

અંતરંગશત્રુઓ ચારિત્રરાજને સીધા હલ્લામાં તો જીતી શકે તેમ નથી એટલે તેમણે અભિચાર (ઉચ્ચાટન) પ્રયોગ શરૂ કર્યો.

પાપ સ્વરૂપ જપમાળા હાથમાં લીધી; દશાંશ હોમ ચાલુ કર્યો. એમાં રાગની આહુતિ દ્વારા ત્રણ ગારવોના ત્રિકોણીઆ હોમકુંડમાં કણેરનો હોમ કરવા લાગ્યા. (અભિચારકર્મ વખતે ફક્ત કણેરનો હોમ થાય છે. અહીં રાગરૂપી લાલ કણેર સમજવું.)

संकल्पनिराश एव कामनिरासात् ।

કામના સંકલ્પના ત્યાગમાં જ કામનો ત્યાગ થાય છે. કામના વિચારથી કામ ઉત્પન્ન થાય છે.

**अमर्षणा जागरयन्ति रोष-**
**भूमिस्मशानान्यभिचारकामाः ।**
**उत्कृत्य चोत्कृत्य निजाङ्गमेव**
**प्रेतप्रसत्त्यै बलिमुत्क्षिपन्ति ॥१११॥**

અત્યન્ત ઈર્ષ્યાથી ભરેલા એ દુષ્ટો અભિચારની ઈચ્છાથી રોષભૂમિ નામના આખા સ્મશાનને જગાડે છે અને જાગેલા પ્રેતોને પ્રસન્ન કરવા માટે પોતાના જ શરીરમાંથી કાપી કાપીને માંસના કટકાઓના બલિ પ્રેતોને પ્રસન્ન કરવા માટે આકાશમાં ફેંકવા લાગે છે.

**गुरुकुलवासाभावे आज्ञारुचित्वस्याप्यभावः ।**

ગુરુકુલવાસના અભાવે જિનાજ્ઞારુચિનો પણ અભાવ હોય, જ્યાં જિનાજ્ઞાની રુચિ હોય ત્યાં ગુરુકુલવાસ હોય.

सिद्धेऽथ तेषामभिचारमन्त्रे
स्याद्यातना सात्त्विकमानसादौ ।
विवेकशैलेऽपि विकल्पधारा-
धूमः समुत्सर्पति दुर्निवारः ॥११२॥

તે લોકોનો અભિચાર-મન્ત્ર (ઉચ્ચાટન કાર્ય) સિદ્ધ થઈ જતાં સાત્ત્વિકમાનસ વગેરેમાં પણ યાતનાઓ ઉત્પન્ન થાય તે સહજ છે. વિવેક પર્વત ઉપર પણ દુષ્ટ વિકલ્પોની ધારાઓ રૂપી ધૂમાડો ચારે બાજુ ભયંકર રીતે ફેલાવા લાગી ગયો.

समाधिः पुनर्निःस्नेहस्यैव भवति ।

સમાધિ સ્નેહ (રાગ-મોહ-મમતા) વગરનાને જ થાય છે.

(રાગ-મોહ-મમતા એ સમાધિના શત્રુઓ છે.)

**व्रजन्ति वैराग्यलतासु तस्मात्**
**फलानि पुष्पाणि च कालिमानम् ।**
**निःश्रीकता गच्छति भावराज्ये,**
**विभावराज्ये च यियासति श्रीः ॥११३॥**

વળી વૈરાગ્ય વેલડીઓ ઉપર રહેલા ફળો અને પુષ્પો પણ એ ધૂમાડાના સ્પર્શે કાલિમાને પામવા લાગ્યા. એ ભાવરાજ્ય શોભાહીન થઈ ગયું અને જાણે કે બધી શોભા શત્રુરાજમાં જવાની ઈચ્છાવાળી થઈ ગઈ.



**योषित्सान्निध्यं ब्रह्मचारिणां महतेऽनर्थाय ।**

સ્ત્રીનું સાનિધ્ય બ્રહ્મચારીઓ માટે મહાન્ અનર્થ બને છે.

જ્યાં બિલાડીનો વાસ હોય ત્યાં ઉંદરોએ રહેવું સહીસલામત નથી, તેમ જ્યાં સ્ત્રી હોય ત્યાં બ્રહ્મચારીએ રહેવું સહીસલામત નથી.

उपद्रवं तं पुनरप्युदीक्ष्य,
समुत्थितं स्मारितधूमकेतुम् ।
समाधिमन्त्रं पठति
क्षितीशश्चारित्रधर्मोऽथ रिपून् विजेतुम् ॥११४॥

ભારેલા અગ્નિની જેમ ફરી ઉછળી પડેલો ઉપદ્રવ કે જેણે અગ્નિનું સ્મરણ કરાવી દીધું-જોઈને શત્રુઓને જીતવા માટે ચારિત્રધર્મ-નૃપતિએ સમાધિમન્ત્રનો પાઠ શરૂ કરી દીધો.

ત્રિલોકગુરુની પૂજાથી પણ ચડીઆતી ચિત્તસમાધિ છે. મોહરાજના છેલ્લામાં છેલ્લા અભિચારમન્ત્રના જપના હુમલાઓને જો પૂજા ન ટાળી શકે તો ચિત્ત-સમાધિ અચૂક મારી હઠાવી શકે.

विकृतयः शरीमनसोः प्रायो विकारहेतुत्वात् ।

ઘી વગેરે વિગઈઓ પ્રાયે કરીને શરીર અને મનના વિકારનું કારણ છે.

(વિકાર કરે તે વિગઈ)

सर्वां कुविद्यां स च पाठसिद्धः
सांस्कारिकीं हन्ति महारिपूणाम् ।
ततश्च नागा इव मन्त्रबद्धा
मूर्च्छन्ति तेऽन्तर्ज्वलिता मृताभाः ॥११५॥

સમાધિમન્ત્રને સિદ્ધ કરવો પડતો નથી. એ તો એનો પાઠ કરવા માત્રથી તે સિદ્ધ થાય છે. મહાદુષ્ટ મોહરિપુની સઘળી કુસંસ્કારની કુવિદ્યાઓને તે હણી નાંખે છે.

આ પાઠ કરતાં જ મોહરાજના સૈનિકોના શરીરના રોમે રોમે દાહ પ્રગટી ગયો અને લગભગ મડદા જેવા થઈ ગયા.

મંત્રથી બંધાઈ ગયેલા જાણે કે કાળા ભોરીંગ નાગ જ જોઈ લો.



एयस्स णं वुच्छित्ति शुद्धधम्माओ ।

મોક્ષનું કારણ છે, શુદ્ધ ધર્મ.

निजाश्रितानामपि दिव्यमन्त्रं,
समाधिमाभ्यासिकमेष दत्त्वा ।
निवारयत्युग्रमुपद्रवं तं,
विस्तारयत्युत्तमसौख्यलीलाम् ॥११६॥

ચારિત્રધર્મરાજે પોતાના શરણાગતોને પણ તેમની વ્યક્તિગતરક્ષા બની રહે તે માટે અભ્યાસકાલીન સમાધિનો દિવ્યમન્ત્ર આપ્યો. આમ તેણે શત્રુના જીવલેણ ઉપદ્રવનું વારણ કર્યું અને ઉત્તમોત્તમ સુખની લીલાને ચોફેર વિસ્તારી.

**शुभोऽशुभो वा परिणामः सदैव बाह्यालम्बनतः एव प्रवर्तते चित्तधर्मत्वात्, विज्ञानवदिति, यथा विज्ञानं बाह्यं नीलपीतादिकं वस्तु विना न प्रवर्तते एवं परिणामोऽपि ।**

શુભ અથવા અશુભ પરિણામ (ભાવ) હંમેશા બાહ્ય આલંબનથી જ (નિમિત્તથી) ઉત્પન્ન થાય છે. ચિત્તનો ધર્મ હોવાથી વિજ્ઞાનની જેમ. જેમ વિજ્ઞાન બાહ્ય લીલી, પીળી વગેરે વસ્તુ વિના ઉત્પન્ન થતું નથી એવી રીતે પરિણામ પણ બાહ્ય નિમિત્ત વગર ઉત્પન્ન થતો નથી.

## ચારિત્રધર્મરાજનો જ્વલંત વિજય

**इति प्रथाभाजि समाधिमन्त्रे**
**संसारिजीवः प्रभुतामुपैति ।**
**भवन्ति वैराग्यसमृद्धिकल्प-**
**वल्लीविलासाश्च निरन्तरायाः ॥११७॥**

જેમ જેમ આ સમાધિમન્ત્ર વિસ્તાર પામતો ગયો તેમ તેમ સંસારીજીવ અનેક પ્રભુત્વને પામતો ગયો.

પેલી વૈરાગ્યસમૃદ્ધિની કલ્પવેલડીના વિલાસો પણ નિરાબાધિતપણે વ્યાપતા ગયા.

**ज्ञानमपि तदेव परमार्थतो यत्परपीडातो निवर्तनं ।**

વાસ્તવિક જ્ઞાન તે જ છે કે જે પરપીડનથી આત્માને પાછો વાળે.

(ક્રોડો શ્લોકો કંઠસ્થ કર્યાથી પણ શું ? અને હજારો શાસ્ત્રો ભણ્યા તેથી ય શું ? જો પરપીડા (પારકા જીવને દુઃખ દેવું) ન કરવી એ ન જાણ્યું તો. જ્ઞાન આવે પણ દયા ન આવે તો તે જ્ઞાન પણ એક પ્રકારનું અજ્ઞાન જ જાણવું.

नोत्पातमीष्टे प्रबलोऽपि शत्रु-
मोंहादिकः कोऽपि पुनर्विधातुम् ।
प्रक्षीणशक्तिर्विषमोऽपि कूटैः
शैलो यथा वज्रविलूनपक्षः ॥११८॥

હવે તો મોટો રૂસ્તમ પણ મોહાદિ કોઈ શત્રુ ફરી હુમલો કરવાને તૈયાર થઈ શકે તેમ ન રહ્યું.

વજ્રથી જેની પાંખો કપાઈ ગઈ હોય; જેની શક્તિઓ ક્ષીણ થઈ ગઈ હોય, ઊંચા નીંચા શિખરોથી જે વિષમ બન્યો હોય તેવો પર્વત પણ બિચારો શું કરી શકે ?



गुणी गुणान् पश्यति, दोषी च दोषान् पश्यति ।

ગુણવાન્ ગુણોને જુએ છે અને દોષવાન્ દોષોને જુએ છે.

चारित्रधर्मस्य नरेश्वरस्य,
प्रतापभानुः प्रबलत्वमेति ।
दिक्चक्रमाक्रामति तद्यशश्च,
प्रत्यर्थी चक्राक्रमणादुदीतम् ॥११९॥

ચારિત્રધર્મરાજના પ્રતાપનો સૂર્ય શત શત કિરણોથી ચોપાસ પ્રકાશવા લાગ્યો. શત્રુઓના સૈન્યને ઘોર પરાજય આપવાથી પ્રાપ્ત થએલો તેમનો યશ દિશાઓની ક્ષિતિજોને પણ ઓળંગી ગયો.

**निंद्यो न कोऽपि लोके, पापिष्ठेष्वपि भवस्थितिश्चिन्त्या ।**

લોકમાં કોઈ પણ નિંદા કરવા લાયક નથી. પાપીમાં પાપી જીવોની પણ ભવસ્થિતિ ચિંતવવી.

(જે જીવોને આ સંસારમાં હજુ ઘણા ભવો કરવાના બાકી હોય તેને સત્કાર્ય કરવાનું જલ્દી સૂજે નહિ. પ્રાયઃ એવા જીવોની બુદ્ધિ બગડેલી હોય છે. તેથી દુષ્કૃત્યોમાં જ રાચતા હોય છે.)

मरुत्पथे दुंदुभयो ध्वनन्ति,
पुरः स्फुरन्त्येव च मङ्गलानि ।
उद्घोषयन्तो जयशब्दमुच्चैः,
कुर्वन्ति देवाः शुचिपुष्पवृष्टिम् ॥१२०॥

ચારિત્રરાજના વિજયની ખુશાલીમાં ગગનમાં દુંદુભિનો નાદ થવા લાગ્યો; આંખ સામે જ મંગળો ઉપસ્થિત થવા લાગ્યા, 'ચારિત્રરાજનો જય હો' એવા ગગનભેદી ઘોષપૂર્વક દેવાત્માઓ નિર્મળ પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા.



सकलाचारस्य मूलभूतो गुरुकुलवासः ।
સકલ આચારનું મૂળ ગુરુકુલવાસ છે.

गायन्ति रामा मधुरं सुराणां,
नृत्यन्ति चित्राभिनयाभिरामाः ।
मुक्ताफलौघान् विकिरन्ति नम्राः,
पाणिक्वणत्कङ्कणराजिकम्राः ॥१२१॥

આનંદોલ્લાસમાં દેવાંગનાઓ મધુર સ્વરે ગાવા લાગી. વૈવિધ્યભર્યા હાવભાવોથી અત્યંત સુંદર દેખાવા લાગી. હાથમાં પહેરેલાં કંકણથી શ્રેણીના અવાજથી મનોહર બનેલી તે દેવીઓ નીચી નમીને ચોમેર મોતી ઉડાડવા લાગી.



सम्यक्त्वे हि विराधिते नीचदेवत्वं प्राप्नोति ।

સમ્યક્ત્વની વિરાધનાથી નીચ દેવત્વ પ્રાપ્ત થાય છે.

प्रतिक्रमन्यासममर्त्यसार्थाः,
संचारयन्तः कनकाम्बुजानि ।
तदाश्रितायाः स्वरसाधिकत्वं
श्रियो नु भक्तेरनुमापयन्ति ॥१२२॥

ચારિત્રધર્મરાજાના પ્રત્યેક પગલે દેવોના સમૂહો સુવર્ણના કમળોની સ્થાપના કરે છે.

રે ! શું આ દેવો તે ચારિત્રધર્મરાજને આશ્રિત એવી આંતરલક્ષ્મીની પોતાની બાહ્ય લક્ષ્મીથી પણ અધિકતાનું શું ભક્તિભાવથી અનુમાપન કરતા હશે ?



यद् वस्तुनि यद् धर्मः न भवति ततो न जायते तृप्तिः ।
જે વસ્તુમાં જે ધર્મ ન હોય તેનાથી તૃપ્તિ ન થાય. (જેમ વિષયો.)

हतातपक्लान्तिकमातपत्रं,
तिष्ठन्ति धृत्वा शुचिमूर्धदेशे ।
क्षीराब्धिवीचीचलचारुकान्तीन्
सुचामरौघान् परिवीजयन्ति ॥१२३॥

જેણે તડકાના ત્રાસનો નાશ કર્યો છે એવા છત્રને ચારિત્રધર્મરાજ મસ્તક-દેશ ઉપર ધારણ કરીને રહે છે.

ક્ષીરસમુદ્રના મોજાઓ જેવા ચપલ અને મનોહર કાન્તિવાળા સુંદર ચામરો વીંઝાઈ રહ્યા છે.

तीव्रकषायोदयश्च मिथ्यात्वाविरतिभ्यामेव निर्वर्त्यते ।

તીવ્ર કષાયનો ઉદય મિથ્યાત્વ અને અવિરતિના કારણે જ થાય છે.

(મિથ્યાત્વ અને અવિરતિ હોય તો કષાયની વૃદ્ધિ અને તે બંનેના અભાવમાં કષાયની વૃદ્ધિ ન હોય.)

## વૈરાગ્યના સર્વસ્વ સમા સમાધિભાવનો મહિમા

इयं समृद्धिः सकला समाधि-
प्रभावजन्येति जिनागमज्ञैः ।
अत्रैव कार्यः सुदृढप्रयत्नो
वैराग्यसर्वस्वमिदं विदन्ति ॥१२४॥

શ્રી જિનાગમોના જાણકાર ભગવંતો કહે છે કે આવી સઘળી અતિશય-સમૃદ્ધિ **સમાધિ**ના પ્રભાવથી જ પ્રાપ્ત થાય છે માટે વૈરાગ્યભાવના સર્વસ્વસમા સમાધિભાવને પામવા માટે સઘળો પ્રયત્ન ભવ્યાત્માએ કરી છૂટવો જોઈએ.

**सर्वार्हदाज्ञा प्रमाणमेव कार्या ।**

અરિહંતની સર્વ આજ્ઞા પ્રમાણ કરવી જોઈએ. અર્થાત્ અરિહંતની સર્વ આજ્ઞા સત્ય માની તેનો હૃદયથી સ્વીકાર કરવો જોઈએ.

सिद्धं हि वैराग्यमिदं समाधि-
सुधास्वरूपं जिनशासनाब्धौ ।
अस्योद्धृतैर्बिन्दुभिरेवशास्त्रा-
ण्यास्वाद्यतां यान्ति पराणि लोके॥१२५॥

સમાધિની સુધાસ્વરૂપ આ વૈરાગ્યરસ જિન-શાસનના સાગરમાં જ ઉત્પન્ન થયો છે; અને સિદ્ધ થયો છે. આ સુધારસના કેટલાક સુધા બિન્દુઓને લેવા વડે જ આ લોકમાં બીજા કેટલાક ધર્મશાસ્ત્રો સ્વાદિષ્ટતા પામે છે.

**सर्वेषामपि कर्मणां मोहनीयमूलकत्वम् ।**

સર્વ કર્મો મોહનીય કર્મમૂલક છે. (સર્વ પ્રકારનાં કર્મોનું ઉત્પાદન કરનારી ફેકટરી હોય તો મોહનીય કર્મ છે.) સર્વ કર્મોનો રાજા હોય તો મોહનીય કર્મ છે.

समुद्धृतं पारगतागमाब्धेः
समाधिपीयूषमिदं निपीय ।
महाशयाः पीतमनादिकालात्,
कषायहालाहलमुद्वमन्तु ॥१२६॥

ઓ ઉદાર ચિત્તવાળા સદ્‌ગૃહસ્થો ! પારગત એવા શ્રી જિનેશ્વરદેવોના આગમરૂપી સાગરમાંથી આ સમાધિ-પીયૂષ નીકળ્યું છે. તમે તેનું પાન કરો. અનાદિકાળથી પીવાઈ ગયેલા કષાયોના તાલપુટ ઝેરનું તરત જ વમન થઈ જશે.

उत्सूत्रभाषिणोऽनुपरताः मृताः सन्तो नियमादनन्त संसारिण एव स्युः । (धर्मपरीक्षा)

શાસ્ત્રવિરૂદ્ધ બોલનારા ઉત્સૂત્રભાષણથી આલોચના લઈ નિવૃત ન થાય અને મરે તો નિયમા (નક્કી) અનંત સંસારી જ થાય. (પછી જેના જેવા પરિણામ તેટલા ભવો થાય.)

**अनल्पसङ्कल्पविकल्पलोल-**
**कल्लोलमालाकुलितस्य जन्तोः**
**ऐकान्तिकः कोऽपि विना समाधि-**
**स्तैमित्यमन्यो न हि तस्य हेतुः ॥१२७॥**

રે ! ભવ્યાત્માઓ ! અમે જાણીએ છીએ કે સંસારના અકલ્પ્ય ભારથી કચડાએલા તમારું ચિત્ત અગણિત સંકલ્પ-વિકલ્પોના ચંચળ તરંગોથી આકુળ-વ્યાકુળ થઈ ગયું છે.

પણ તે ચિત્તની સાચી શાન્તિનો ઉપાય એક જ છે; એ ઉપાયના સેવનથી ચિત્ત-શાન્તિ અચૂક પ્રાપ્ત થઈ જાય એમાં કોઈ શંકા નથી. એ ઉપાય છે; અડોલ-સમાધિ ભાવને તમે સિદ્ધ કરો.

સમાધિ એટલે સમાધાન-ચિત્તનું સમાધાન...સુખે અને દુઃખે-કોઈ પણ પ્રસંગે ચિત્તનું સમાધાન કરતાં રહો.

સુખને અને દુઃખને સહન કરવાથી; પચાવી લેવાથી આ સમાધાન પ્રાપ્ત થાય છે. પછી એ આત્મા સુખે છકવાની; અને દુઃખે ડગવાની અસમાધિ પામતો જ નથી.

**आज्ञाराधकश्च कर्म क्षपयति शुभं वा तद् बध्नाति ।**

જિનાજ્ઞાનો આરાધક અશુભ કર્મોને ખપાવે છે અથવા શુભ કર્મોને બાંધે છે.

परेषु न स्यात्परिणामयोगो,
न जन्म तेषु ग्रहणं न तेषाम् ।
अखण्डसौख्यानुभवस्वभाव-
श्चिन्मात्रमस्मीति समाधिवृत्तेः ॥१२८॥

જેવી ચિત્તમાં તમને સમાધિવૃત્તિ આવી જશે કે તરત તમારું ચિત્ત પરપદાર્થોમાં પરિણામ નહિ પામે; તેમાં ચાલી જવા દ્વારા જન્મ પણ નહિ પામે, તે પર પદાર્થનું ગ્રહણ પણ નહિ કરે.

પછી તો એ ચિત્તમાં એક જ વૃત્તિ સ્થિર થશે કે, અખંડ આત્મસુખનો અનુભવ કરવાના સ્વભાવવાળો હું ચિત્-સ્વરૂપ છું; સિવાય હું કાંઈ નથી; મારું કોઈ નથી.

येन गुरोः समीपे धर्मः श्रुत स एवान्यान् श्रावयति, नान्यः ।

જેણે પોતાના ગુરુ પાસે ધર્મ સાંભળ્યો હોય તે જ બીજાઓને ધર્મ સંભળાવે, બીજો નહિ.

रागादिभिः पल्लवितानविद्या-
संस्कारसिक्तान् विषयान् विषद्रून् ।
छेत्तुं क्षमस्तीव्रविचारधारः
समाधिरूपः कठिनः कुठारः ॥१२१॥

અહો ! કેટલું કાતીલ છે આ વિષય-વાસનાનું વૃક્ષ ! ચિત્તપ્રદેશમાં ઊગી પડેલું !

પરપદાર્થના રાગ-દ્વેષના સહકારથી આ વૃક્ષ પલ્લવિત થઈ ગયું અને મોહદશામાં કરેલા કુકર્મોના જે સંસ્કાર પડી ગયા તેના પાણીથી આ ઝાડ સતત સીંચાતું રહ્યું. છે કોઈ તીક્ષ્ણ કુહાડો કે જે આ સર્વઘાતી વૃક્ષને ધારાશાયી કરી નાંખે ?

હા...તીવ્ર શુભ વિચારોના તીક્ષ્ણ ધારવાળો એવો એક કુહાડો આ અધ્યાત્મની દુનિયામાં છે. એનું નામ છે; સમાધિ-કુહાડો.

**अष्ट वर्षस्यैव प्रवज्यार्हत्वात् ।**

સામાન્યતઃ આઠ વર્ષનો (મનુષ્ય) જ પ્રવજ્યાને (દીક્ષાને) લાયક છે. (તે પૂર્વે નહિ.)

विना समाधिं परिशीलितेन,
क्रियाकलापेन न कर्मभङ्गः ।
शक्तिं विना किं समुपाश्रितेन
दुर्गेण राज्ञो द्विषतां जयः स्यात् ॥१३०॥

જેના ચિત્તમાં સમાધિરસ સીંચાયો નથી એ આત્મા માત્ર ધર્મક્રિયાઓ કર્યા કરે તો તેથી કાંઈ સર્વકર્મનો ક્ષય થઈ જતો નથી.

એક રાજામાં પોતાનામાં શક્તિ જ ન હોય અને કોઈ શત્રુ ચડી આવતાં તે રાજા ચોફેરથી કિલ્લો બંધ કરીને તેમાં બેસી જાય એટલે શું તે શત્રુ ઉપર વિજય મેળવી લેશે ? ના. ના... સંભવિત જ નથી.



न हिंस्यात् सर्वभूतानि, स्थावराणि चराणि च ।

કોઈ પણ જીવોની હિંસા કરવી ન જોઈએ. પછી તે સ્થાવર હોય કે જંગમ હોય.

**समाधिशुद्धे हृदये मुनीनां**
**शङ्कादिपङ्काविलता न जातु ।**
**न मिश्रमोहौघतमिस्त्रदृष्टि-**
**र्न क्वापि मिथ्यात्वपुरीषगन्धः ॥१३१॥**

ઓ, વંદનીય મુનિવરો ! તમે તમારા હૃદયમાં સમાધિ ભાવની સ્થાપના કરીને એક વાર સુવિશુદ્ધ બનાવી દો.

પછી જુઓ મજા... વિદ્વત્તા, માન, મોટાઈ દ્વારા કે અપમાન, અજ્ઞાન, અહંતા દ્વારા તમારા જીવનમાં સંભવિત શંકા, કુશંકા, તિરસ્કાર, ધિક્કાર દર્પ કે કન્દર્પની કાલિમા કદાપિ ઉત્પન્ન નહિ થાય.

**सर्वत्र ज्ञानक्रियाऽविनाभाविन्येव पुरुषार्थसिद्धिः ।**

સર્વત્ર જ્ઞાન અને ક્રિયા ઉભયથી જ પુરુષાર્થની સિદ્ધિ થાય છે. (એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી કાર્યસિદ્ધિ ન થાય.)

न दोषदर्शिष्वपि रोषपोषो,
गुणस्तुतावप्यवलिप्तता नो ।
न दम्भसंरम्भविधेर्लवोऽपि,
न लोभसंक्षोभजविप्लवोऽपि ॥१३२॥

સમાધિમાન્ મુનિવરો ! આપને તો અમારા કોટાન-કોટિ વંદન.

આપના અછતા દોષોને ચોરે-ચૌટે ફેલાવવાનો ધંધો લઈ બેઠેલા દુર્જનો પ્રત્યે પણ આપની આંખની એકાદ પણ ભ્રૂકુટિ રોષથી ઊંચી થઈ જતી નથી !

અને કમાલ ! કોઈ આપના ગુણો ગાય તો ય આપના અંતરના કોઈ તારમાં ક્યાં ય ગલગલીઆ થઈ જતા નથી. અને... દંભી જીવનના તોફાનો તો ક્યાંય શોધ્યા જડતા નથી. પરપદાર્થની મૂર્છામાંથી ઉત્પન્ન થતી વિહ્વળતાઓના વિપ્લવો આપના સ્વપ્ને ય ઉદ્ભવતા નથી !

**वैयावृत्त्यं च महानिर्जराहेतुः तीर्थकरपदतानिबन्धनं ।**

વૈયાવચ્ચ એ મહાન્ નિર્જરાનું અને તીર્થંકર પદનું કારણ છે.

**कंदर्पमन्यस्य न भूरि हास्य-**
**क्रीडारूचिं कस्यचिदीरयन्ति ।**
**समाधिभाजः कुदृशां मतेऽपि**
**स्वयं न हास्यप्रथने रताः स्युः ॥१३३॥**

નથી તો કદી એ સમાધિમાન્ મહાત્માઓ કોઈની કામ વાસનાઓને ઉદ્દીપિત કરતાં કે નથી તો એ બીજાઓના ઠઠ્ઠા-મશ્કરીના અડ્ડામાં કદી રસ ધરાવતાં.

મિથ્યાદૃષ્ટિઓની જમાતમાં પણ એ મહાત્માઓ હાસ્યાદિ દ્વારા વાતાવરણને તુચ્છ રીતે વિસ્તારવામાં સ્વયં કદી તત્પર બનતા નથી.

**तीर्थंकराज्ञाव्यतिरिक्तं सर्वमपि प्रमादं ।**

તીર્થંકરની આજ્ઞા શૂન્ય (ભિન્ન) બધો જ પ્રમાદ છે, (જ્યાં તીર્થંકરની આજ્ઞાનું પાલન છે ત્યાં અપ્રમાદ છે. અને જ્યાં તીર્થંકરની આજ્ઞાનું પાલન નથી ત્યાં પ્રમાદ છે.

आक्रोशहास्यादिकमन्यधर्मे-
ऽप्यपक्वभावं ब्रुवते समाधेः ।
निसर्गसंसर्गविचारदृष्टि-
रव्युत्थितिर्वा परिपाकरूपम् ॥१३४॥

અન્ય ધર્મોમાં પણ સંતોએ બૂમબરાડા, ઠઠ્ઠા, હસાહસી વગેરેને સમાધિના અપક્વભાવો કહેલા છે.

સમાધિનો પરિપાક થાય ત્યારે તો સહેજ રીતે સંસાર સ્વરૂપચિંતનની દૃષ્ટિ તથા સમાધિની અવ્યુત્થાન દશા (સમતાની સ્થિતિ) જીવંત બનવા લાગે છે.

**श्रावकस्तावत्तीर्थे साध्वादीनां हितेच्छुर्यथाशक्ति तद्भक्त्युद्यतः प्रतिसमयमनन्ताः पापप्रकृतीः परिशाटयति, पुण्यप्रकृतीश्च बध्नाति ।**

શ્રાવક (જૈન) સંઘમાં રહેલા સાધુ-સાધ્વીઓનો હિતેચ્છુ, યથાશક્તિ તેઓની ભક્તિ-સેવામાં તત્પર બનેલો પ્રતિસમય અનંતી પાપ પ્રકૃતિઓનો નાશ કરે છે. અને અનંતી પુણ્ય પ્રકૃતિઓને બાંધે છે. (સાધુ-સાધ્વીની ભક્તિનું ફળ કેટલું બધું છે તેનો વિચાર શ્રાવક-શ્રાવિકાઓ કરે.)

**शरीररूपप्रविलोकनायां,**
**वस्त्रादिनेपथ्यविधौ च रम्ये ।**
**रतिर्ध्रुवं पौद्गलिके न भावे,**
**समाधिलब्धात्मरतिस्थितानाम् ॥१३५॥**

ઓ, મુનિવરો ! જ્યારે સમાધિભાવ પામવા દ્વારા આપણે આપણા આત્મામાં જ પલાઠી મારીને બેસી જઈએ પછી આપણા શરીરના રૂપ, રંગ, આરોગ્ય કે દુર્બલતા આદિને તપાસ્યા કરવાની હલકી સ્થિતિમાં તો ચક્કર કાપતાં ન જ હોઈએ ને ?

સંયમના ઉપકરણભૂત, વસ્ત્ર વગેરેની મનમાં ગલગલીઆ ઉત્પન્ન કરતી ટાપટીપોમાંથી તો આપણું મન સંપૂર્ણ પણે ઉભગી જ ગયું હોય ને ?

હાસ્તો... પૌદ્ગલિકભાવો સાથે આત્મરતિને મેળ જ ક્યાં છે ?

**न हि तीर्थं संविग्नाचार्यविरहितं भवेत् ।**

તીર્થ (જૈનશાસન) સંવિગ્ન ગીતાર્થ આચાર્ય વિનાનું (કદી) ન હોય. અર્થાત્ તીર્થ હોય તે સંવિગ્ન ગીતાર્થ આચાર્યથી યુક્ત જ હોય.

अन्तः समाधेः सुखमाकलय्य,
बाह्ये सुखे नो रति मेति योगी ।
अटत्यटव्यां क इवार्थलब्धो
गृहे समुत्सर्प्पति कल्पवृक्षे ॥१३६॥

જેના અંતરમાં સમાધિના સુખના ફૂવારા ઊડવા લાગ્યા એવા યોગીજનોને બાહ્ય-ભોગ સુખોમાં રસ જ ન પડે તેમાં કશી નવાઈ નથી.

જેના ઘર-આંગણે જ કલ્પતરુ ઊગ્યા છે એ ધનાર્થી શા માટે જંગલમાં લાકડાં કાપવા જાય; અને તેનો ભારો ઊંચકી લાવીને જગત્‌ના બજારમાં ધૂમ તાપે વેચવા ઊભો રહે !

साधुविरहितदेशे श्रावकस्य निवासो न युक्तः ।

સાધુરહિત દેશમાં શ્રાવક (જૈનો)ને રહેવું ઉચિત નથી. (અમેરિકા, આફ્રિકા જનારા જૈનોએ આ બાબતનો ખાસ વિચાર કરવાની જરૂર છે.)

नातिप्रहर्षश्च न वा विशिष्टा
निष्ठा प्रतिष्ठार्जनमात्र एव ।
रतिर्न वा स्वादरसक्रियादौ
समाहितानामणुशल्यरूपा ॥१३७॥

પૌદ્ગલિક પદાર્થ પ્રત્યે મુનિઓને એવો કોઈ હર્ષ ઊભરાઈ જતો નથી. ન તો એમને પ્રતિષ્ઠા પામવાની કોઈ લત જાગતી નથી.

નથી તો એ સ્વાદરસની ક્રિયાઓના કદી લંપટ બનતા. કેમકે તે સમાધિસ્થ મુનિવરો જાણે છે કે પ્રતિષ્ઠાની ઘેલછા કે રસનાની નાનકડી પણ આસક્તિ એ આત્મામાં શલ્ય બનીને એવી પેસી જાય છે કે એનાથી આત્મા દુર્ગતિઓમાં જઈને દુઃખી દુઃખી થઈ જાય છે.

**श्रावकधर्मः साधुधर्मद्वारा मोक्षकारणं ।**

શ્રાવકધર્મ એ સાધુધર્મ દ્વારા મોક્ષનું કારણ છે. (મોક્ષનું સાક્ષાત્ કારણ તો સાધુધર્મ જ છે. જ્યારે શ્રાવકધર્મ સાધુધર્મ પેદા કરીને મોક્ષમાં કારણ બને છે.)

रतेः समाधावरतिः क्रियासु,
नात्यन्ततीव्रास्वपि योगिनां स्यात् ।
अनाकुला वह्निकणाशनेऽपि
न किं सुधापानगुणाच्चकोराः ॥१३८॥

જે મુનિવરોનું ચિત્ત સમાધિમાં રસતરબોળ થઈ જાય એમને શરીરાદિ સંબંધમાં તીવ્ર પીડાદિની ક્રિયાઓ ઉત્પન્ન થાય તો પણ જરાય અરતિ-વ્યાકુળતા ઉત્પન્ન થતી નથી.

જે ચકોર પક્ષી અમૃતના પાનનું જ વ્યસની બની ગયું છે અને તેમાં જ તરબોળ રહે છે તેને નાનકડો અગ્નિ કણ મોંમા આવી જાય તો તેથી શું તે વ્યાકુળ થઈ જશે ? ના... નહિ જ.

अर्हदादिस्मरणं तु महानिर्जराङ्गम् ।

અરિહંત, સિદ્ધ વગેરે પરમેષ્ઠિઓનું નામસ્મરણ મહાન નિર્જરાનું અંગ (સાધન) છે.

विविच्य नैव प्रसरेदरत्यानन्दा-
वभासोऽपि समाधिशुद्धौ ।
श्यामत्वशोणत्वकृतो विभागः
स्वरूपशुद्धौ स्फटिकस्य किं स्यात् ? ॥१३१॥

હે મુનિવરો ! જ્યારે આપણે જીવનમાં સમાધિનો સાચો રસાસ્વાદ પામશું. ત્યારે તે વિશુદ્ધસમાધિના આનંદમાં એક રસ બની ગએલો આપણો આતમ કર્મજનિત સુખ-દુઃખની રતિ, અરતિઓને તો અડશે પણ નહિ. એ તો મસ્ત હશે આનંદ મસ્તીમાં.

જ્યારે સ્ફટિક એની પોતાની વિશુદ્ધિના સ્વરૂપને પૂરબહારમાં પ્રગટાવે છે ત્યારે તેમાં પડેલી શ્યામતા કે રક્તતા તો બહુ જ નગણ્ય બની જાય છે.

गुरुकुलवास एव ज्ञानादिसंपद्हेतुः ।

ગુરુનિશ્રા-ગુરુ પારતંત્ર્ય એ જ જ્ઞાનાદિ સંપત્તિનું કારણ છે.

क्लेशेषु शीतातपतृड्बुभुक्षा-
दिकेषु वेद्योदयकल्पितेषु ।
शान्ताः समाधिप्रतिसंख्ययैव,
त्यजन्ति ये रत्यरती स्तुमस्तान् ॥१४०॥

જુદા જુદા વેદ્યકર્મોના ઉદયથી પ્રાપ્ત થયેલ ટાઢ, તડકો, ભૂખ, તરસ વગેરે કલેશો ઝંઝાવાતની જેમ ત્રાટકે તો ય તે વખતે જે પ્રશાન્ત મુનિવરો સમાધિના અનુભવમાત્રથી સ્વસ્થ રહે છે તેઓને અમે અંતઃકરણથી સ્તવીએ છીએ.

यथाशक्ति यथोचितं यथावसरं च परस्पराबाधया सर्वमपि धर्मानुष्ठानमनुष्ठेयं ।

યથાશક્તિ યથોચિત યથા અવસરે પરસ્પર એક બીજા ધર્માનુષ્ઠાનને બાધા ન આવે એ રીતે ધર્મકાર્યો કરવા જોઈએ. (દા.ત., પૂજાના અવસરે પૂજા અને પ્રવચનના અવસરે પ્રવચન સાંભળવું.)

न रत्यरत्यभ्युदयाय दृष्टा,
क्रिया यतीनामशनादिकापि ।
अंगारधूमादिकदोषहाना-
दिष्टा समाधिस्थितये तु शश्वत् ॥१४१॥

સમાધિમાન્ મુનિઓની ભોજનાદિ ક્રિયાઓ પણ રતિ કે અરતિને ઉત્પન્ન કરી શકતી નથી; કેમ કે જો તેમાં રતિ થાય તો અંગારદોષ ઉત્પન્ન થાય અને જો અરતિ થાય તો ધૂમ દોષ ઉત્પન્ન થાય. આથી આ દોષોના ક્ષય માટે રતિ અરતિમાં તે ભોજનાદિ ક્રિયાઓ નિમિત્ત બનવાને બદલે ચિત્ત સમાધિ માટે જ હંમેશ તે ક્રિયાઓ બને છે.

उत्सूत्रमार्गपतितः प्रभावको न भवति ।

ઉત્સૂત્રમાર્ગે ગયેલો શાસન પ્રભાવક બનતો નથી. (ઉત્સૂત્રમાર્ગ અને પ્રભાવકતા એક સાથે શીતોષ્ણ સ્પર્શની માફક રહી શકતી નથી.)

जनापवादेऽप्यसमे समाधि-
रतं मनो नारतिमेति साधोः ।
तमिस्त्रगूढेऽपि भजेत मार्गे
दिव्याञ्जनोपस्कृतमक्षि नान्ध्यम् ॥१४२॥

લોકો ગમે તેવો અછતો અવર્ણવાદ તે મુનિનો કરે તો ય શું ? તેથી કાંઈ તે સમાધિસ્થ મુનિનું મન અરતિગ્રસ્ત થઈ ન જાય. જેની આંખે દિવ્ય અંજન આંજ્યું છે તે માણસ અંધકારમય રસ્તે ચાલ્યો જતો હોય ત્યારે કાંઈ અન્ધત્વને પામતો નથી.



जिनपूजाविघ्नकरो महापातकी ।

જિનપૂજા કરનારને ખોટો ઉપદેશ આપીને જિનપૂજા કરતાં અટકાવનારો મહાપાપી છે.

ज्ञानक्रियाश्वद्वययुक्समाधि-
रथाधिरूढः शिवमार्गगामी ।
न ग्रामपुःकण्टकजारतीनां
जनोऽनुपानत्क इवार्त्तिमेति ॥१४३॥

જ્ઞાન અને ક્રિયા સ્વરૂપ બે ઘોડાના બનેલા મોક્ષ માર્ગે ધસમસતા જઈ રહેલા સમાધિ રથમાં અધિરુઢ થયેલા, મુનિરાજને નગરો અને ગામડાંઓના કાંટા ભોંકાતા થતી અરતિનો સંભવ જ ક્યાં છે ? એ તો જેણે જોડા ય ન પહેર્યા હોય તેને એ અરતિ થાય. આ મહાત્મા તો રથમાં આરૂઢ થયેલા છે !



केवलसूत्रवादी मिथ्यादृष्टिरेव भवति ।

માત્ર સૂત્રને માનનારો મિથ્યાદષ્ટિ જ છે. (પંચાગી આગમને માને તે જ સમ્યગ્દૃષ્ટિ.)

लाभेऽप्यलाभेऽपि सुखे च दुःखे,
ये जीवितव्ये मरणे च तुल्याः ।
रत्याप्यरत्याप्यनिरस्तभावाः
समाधिसिद्धा मुनयस्त एव ॥१४४॥

સમાધિની વાતો કરનારા મુનિઓ સમાધિમાન્ ન કહેવાય.

એ તો જેણે સમાધિને સિદ્ધ કરી દીધી હોય તે જ મુનિઓ સમાધિમાન્ કહેવાય.

સમાધિસિદ્ધ મુનિઓ તે જ છે જેઓ :-

(૧) લાભમાં કે અલાભમાં (૨) સુખમાં કે દુઃખમાં (૩) જીવનમાં કે મરણમાં સમાન અધ્યવસાયના સ્વામી છે. (૪) રતિ કે અરતિના ભાવો પણ જેમની સમાધિસિદ્ધ દશાને લગીરે આંચકો આપી શકતા નથી.

सर्वेष्वपि धर्मानुष्ठानेषु पारमेश्वरध्यानं बीजाभं ।

સર્વ ધર્મનાં અનુષ્ઠાનોમાં પરમાત્માનું ધ્યાન એ બીજ સમાન છે.

नोद्वेगवेगोऽप्यरतिर्न येषां,
न चाप्यनेकाग्रतया चलत्वम् ।
समाहितांस्तान् लसदेकटंको-
त्कीर्णज्ञभावान् शरणं प्रपद्ये ॥१४५॥

અહો ! અહો ! તે સમાધિસ્થ મુનિરાજોનું મને શરણ હો... જેઓને-

પ્રતિકૂળતાના પ્રસંગોમાં કદી જાગ્યો નથી ઉદ્વેગ કે કદી સ્પર્શી નથી અરતિ, ચંચળતાના કારણે અનેક વસ્તુમાં જેઓ ચલિત ચિત્તવાળા કદી થયા નથી. જેમનાં ચિત્ત ખડક ઉપર જ્ઞાતાભાવનો લેખ ટાંકણે ટંકાએલો છે.



तीर्थंकराज्ञया भुञ्जान अपि उपवासी ।

તીર્થંકરની આજ્ઞાથી ખાનારો પણ ઉપવાસી છે.

इतस्ततो नारतिवह्नियोगा-
दुड्डीय गच्छेद्यदि चित्तसूतः ।
समाधिसिद्धौषधमूर्च्छितः सन्,
कल्याणसिद्धेर्न तदा विलम्बः ॥१४६॥

ચિત્ત તો પારા જેવું ચંચળ છે; અતિચંચળ. જો એને અરતિરૂપી અગ્નિનો કણીઓ પણ અડી જાય તો એ ક્યાં ય ઊડી જાય.

પણ જો અરતિ-અગ્નિના કણના સ્પર્શથી એ આમ તેમ-ક્યાં ય ઉડીને ભાગે નહિ-અને તે માટે જો તેને સમાધિભાવથી સિદ્ધ થએલા ઔષધનો પાશ આપીને મૂર્ચ્છિત કરી દેવામાં આવે તો ક્યાં ય ઊડીને ન જતાં-કલ્યાણમય સિદ્ધિ પ્રાપ્ત થવામાં પછી તો જરા ય વાર લાગે નહિ.

**सर्वत्रैव सूत्रस्य मार्गेण चरेद् भिक्षुः ।**

સર્વત્ર સાધુ શાસ્ત્રોક્ત માર્ગે ચાલે (શાસ્ત્રોક્ત માર્ગ છોડીને ચાલનારો સાધુ ન કહેવાય.) તે ભિક્ષુ કહેવાય.

**इतस्ततो भ्राम्यति चित्तपक्षी**
**वितत्य यो रत्यरतीस्वपक्षौ ।**
**स्वच्छंदतावारणहेतुरस्य**
**समाधिसत्पञ्जरयन्त्रणैव ॥१४७॥**

કેવું વિચિત્ર છે આ ચિત્તરૂપી પંખીડું ! રતિ અને અરતિ નામની પોતાની બે પાંખો વિસ્તારીને-ઊડીને જગત્‌ના ગગનમાં ભટક્યા જ કરે છે.

જો એની આ સ્વચ્છંદતાનું વારણ ન થાય તો એના માલિક આત્માને દુર્ગતિના કારાગારોમાં લાંબા સમય સુધી ધકેલાઈ જવું પડે.

છે કોઈ એને પકડી લેનારું પાંજરું ? કે જેથી એની સ્વચ્છંદતા દૂર થાય ? હા... એ પિંજરનું નામ છે; સમાધિ પિંજર.

સમાધિભાવ પ્રાપ્ત થયા પછી ચિત્તને રતિ, અરતિ અને સ્વચ્છંદતા કશું ય જાગતું નથી.

**द्रव्यपूजा हि भावपूजाकारणं ।**

દ્રવ્યપૂજા જ ભાવપૂજાનું કારણ છે.

पुत्रात्कलात्राच्च धनाच्च मित्रा-
देहाच्च गेहाच्च विविक्तता मे ।
इति प्रसंख्याय समाधिभाजो,
न शोकशङ्कुव्यथयाकुलाः स्युः ॥१४८॥

સમાધિમાન્ મહાત્માઓને શોકરૂપી શંકુની વ્યથા-જનિત આકુળ-વ્યાકુળતા કદી થાય જ નહિ કેમ કે તેઓ સદૈવ એવા ભાવનાજ્ઞાનથી પરિણત હોય છે કે જેના કારણે પુત્ર, પત્ની, ધન, મિત્ર, શરીર અને ઘરથી પોતાની જાતને સદા ભેદના ભાવથી જ નીહાળતા હોય છે. હવે તો પુત્રાદિના મરણાદિમાં તેમને શોક એ અસંભવિત ઘટના જ બની જાય ને ?

द्यूतं च मांसं च सुरा च वेश्या,
पापर्द्धि चौर्यं परदार सेवा ।
एतानि सप्त व्यसनानि लोके,
घोरातिघोरं नरकं नयन्ति ॥

જુગાર, માંસ, મદિરા, વેશ્યા, શિકાર, ચોરી, પરદારા; આ સાત વ્યસનો સંસારમાં ઘોરાતિ ઘોર નરકમાં લઈ જાય છે.

इष्टप्रणाशेऽप्यनभिष्टलाभे,
नित्यस्वभावं नियतिं च जानन् ।
सन्तापमन्तर्न समाधिवृष्टि-
विध्यातशौकाग्निरुपैति साधुः ॥१४१॥

આ મુનિરાજે તો સમાધિભાવની ધોધમાર વર્ષા કરીને શોકરૂપી અગ્નિને સાવ જ ઠારી નાંખ્યો છે. હવે એમના ચિત્તમાં સન્તાપ સંભવે જ ક્યાંથી ?

રે ! ભલેને કદાચ કોઈ ઈષ્ટવસ્તુનો નાશ થઈ જાય; કે ભલેને કદાચ અનિષ્ટ વસ્તુનો સંયોગ થઈ જાય તો ય શું ? આ મહાત્મા તો તેવા સમયે પોતાના નિત્ય સ્વભાવનું અને નિયતિ નામના પદાર્થનું ધ્યાન ધરવા જ પલાઠી મારીને બેસી જાય છે. પછી એમને સન્તાપ ક્યાંથી સંભવે ?

रागादिजयश्चास्य रागादिस्वरूपतज्जयोपायज्ञानपूर्वक एव भवति ।

રાગાદિનો જય, રાગદ્વેષાદિ દોષોનું સ્વરૂપ અને તેને જીતવાના ઉપાય જ્ઞાનપૂર્વક થાય છે.

त्यक्तस्ववर्गः शरणानपेक्षः
क्रूरोपसर्गेऽप्यविलुप्तदृष्टिः ।
समाधितन्त्रोद्धृतशोकशल्यो,
न ध्यानभङ्गादधृतिं प्रयाति ॥१५०॥

સ્વજનવર્ગનો પરિત્યાગ કરી ચૂકેલા, કોઈ પણ જાતની સહાય કે શરણની અપેક્ષા વિના-એકલવીર બનીને-ઘોર ઉપસર્ગોની ઝડી વચ્ચે પણ આંતરદષ્ટિને કદી નહિ મીંચનારા, સમાધિના યન્ત્રથી શોકરૂપી કાંટાને સદા માટે બહાર ખેંચી કાઢનારા હે મુનિરાજ ! આપને ધ્યાનભંગથી પણ અધીરતા ન આવે તેમાં કશી નવાઈ નથી.

शीलं श्रियः कार्मणं । शीलं गुणानां निधिः ।
शीलं खनिः श्रेयसां । शीलं तु मुक्तिप्रदम् ॥

શીલ લક્ષ્મીનું વશીકરણ છે, શીલ ગુણોનો ભંડાર છે. શીલ કલ્યાણની ખાણ છે, શીલ મુક્તિને આપનારું છે.

शोचन्ति न स्वं च परञ्च मन्यो-
रन्योन्यकर्म्मव्यतिहारमग्नम् ।
शुद्धर्जुसूत्रक्षणमार्गणाभि-
स्तपस्विनः प्राप्तसमाधिनिष्ठाः ॥१५१॥

શુદ્ધ ઋજુસૂત્રનય માત્ર વર્ત્તમાન ક્ષણનું જ અસ્તિત્વ માને છે. આ નયથી વર્ત્તમાનમાં જ વિચરણ કરીને સમાધિની સ્થિરતા પ્રાપ્ત કરી છે તે તપસ્વીઓ અન્યોન્ય કર્મના બદલા આપવામાં જ મગ્ન એવા સ્વ-પરનો શોક કરતા નથી.

ભૂત, ભાવીને ભૂંસીને યોગી માત્ર વર્ત્તમાનમાં જ જ્ઞાતા, દૃષ્ટાભાવે વિચરે છે. સ્વપરને મળતાં કર્મફળોમાં તે તટસ્થ રહે છે. ભેદવિજ્ઞાન સિદ્ધ થયા બાદ સ્વ પરને-કરેલા કર્મના બદલારૂપે-મળતી શાતા કે અશાતાને કર્મની (ત્રિગુણની) રમત માનીને સિદ્ધ ભગવંતની જેમ યોગી વધુ તટસ્થપણે જુએ છે. પણ રીસે ભરાઈને શોક કરતા નથી.

पुण्यं-शुभं कर्म, पापम्-अशुभं कर्म ।

પુણ્ય એટલે શુભ કર્મ. પાપ એટલે અશુભ કર્મ.

गते न शोको न विमृश्यमेष्य-
च्छुद्धश्च योगः किल वर्त्तमानः ।
साधोः समाधिः प्रथते यदिदृक्
तदास्तु मन्योः क इवावकाशः ॥१५२॥

વીતી ગએલી વાતનો શોક નથી; આવનારી વાતનો અત્યારથી વિચાર નથી; વર્તમાન પ્રત્યેક ક્ષણ ચિત્ત શુદ્ધિમાંથી પસાર થઈ રહી છે.

આવી સમાધિને જે મુનિવર વિસ્તારી રહ્યા છે તેમને ક્રોધનો તો સંભવ જ કયાંથી હોય ?

संसारभीता न कुर्वन्ति पापम् ।

સંસારથી ભય પામેલા (સાધુઓ) પાપ કરતા નથી અને સંસારથી ભય પામેલો ગૃહસ્થ પાપ કરે તો પણ દુઃખતા હૃદયે.

अत्यन्तलूक्षव्रतयोगनुन्नाः
स्मृत्वानुभूताद्भुतभोगलीलाम् ।
न वैमनस्यं मुनयः प्रयान्ति,
समाधिमन्त्राहतशोकभूताः ॥१५३॥

શું મુનિરાજોને પોતે ભૂતકાળમાં અનુભવેલો કોઈ અદ્ભુત સંસાર સહસા યાદ આવી જાય તો ?

તો એ સંસાર ત્યાગ્યાનો લગીરે અફસોસ એમને થતો નથી. તેનું કારણ જાણો છો ?

એ કારણ છે અત્યંત રુક્ષ-ભોજનનું વ્રત.

રુક્ષભોજીને સંસાર યાદ આવે તો ય તેનાથી સમાધિના મનને લગીરે આંચકો પહોંચતો નથી.

અહો ! સમાધિના મન્ત્રથી શોકના ભૂતડાંઓને જેમણે કબજે કરી લીધા છે એવા અ-શોક મુનિઓ ! આપને પ્રણામ.

परस्य भार्या मनसाऽपि नेच्छेत् ।

પારકાની સ્ત્રીની મનથી પણ ઇચ્છા ન કરે.

उग्रे विहारे च सुदुष्करायां,

भिक्षाविशुद्धौ च तपस्यसह्ये ।

समाधिलाभव्यसायहेतोः

क्व वैमनस्यं मुनिपुङ्गवानाम् ॥१५४॥

ઓ, અતિ ઉગ્રવિહારકારી મુનિવરો ! ઓ, સર્વદોષમુક્ત કઠોર ભિક્ષાશુદ્ધિના આરાધકો !

ઓ, અસહ્ય ઘોર તપના સ્વામીઓ ! આપને કદાપિ ચિત્તમાં વિહ્‌વળતા ઉત્પન્ન થતી નથી ?

ઉત્તર... ના... કદાપિ નહિ. કેમ કે આ બધું ય ચિત્તમાં એક એવી સમાધિની મસ્તીની જમાવટ કરવા માટે જ હાથે કરીને સ્વીકાર્યું છે પછી વિહ્‌વળતા શેની !

અને સાચે જ... આ ઉગ્રસાધનાના ફળરૂપે કોઈ અનોખી ચિત્તમસ્તીની ઝલક અનુભવવા મળે છે.

मिथ्यादर्शनं-अतत्त्वार्थश्रद्धानम् ।

મિથ્યાદર્શન એટલે અતત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધા. (અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ.)

समाधिभाजोऽपि विपद्दशायां,
न यान्ति धीराः करुणास्पदत्वम् ।
जात्यस्य जायेत विवर्णभावः
किमग्नितापादपि काञ्चनस्य ॥१५५॥

સમાધિના રસમાં મહાલતા મહાત્માઓની તો શી વાત કરવી ? ભયંકર આફતમાં તે ધીર પુરુષો મુકાઈ જાય ત્યારે તેઓ કરુણા... 'બિચારાપણા'...ની દશાને કદી અનુભવતા નથી.

ભયંકર અગ્નિની ભઠ્ઠીમાં ફેંકાઈ જાય તો ય જાત્યસુવર્ણનાં સ્વરૂપમાં લગીરે ફેરફાર થએલો કોઈએ કદી સાંભળ્યો છે ખરો ?

आचारहीनं न पुनन्ति वेदा, यद्यप्यधीताः सह षड्भिरङ्गैः ।

આચારહીન છ અંગો સહિત વેદો ભણેલો હોય તો પણ પવિત્ર થતો નથી. (આચારહીનને વેદો પવિત્ર કરતા નથી.)

असह्यया वेदनयाऽपि धीरा,
रुदन्ति नात्यन्तसमाधिशुद्धाः ।
कल्पान्तकालाग्निमहार्चिषाऽपि,
नैव द्रवीभावमुपैति मेरुः ॥१५६॥

અત્યન્ત વિશુદ્ધ સમાધિભાવથી રસ તરબોળ થએલા ધીર મુનિવરોની કાયાના રૂવાંડે રૂંવાડે તણખા ઝરે તો ય તેમની આંખો આંસુથી લગીરે ભીંજાતી નથી.

પ્રલયકાળનાં અગ્નિના ગગનસ્પર્શી ભડકાઓથી ક્યારેક સુવર્ણમેરુ લપેટાઈ જાય તો ય તે શું ઓગળી જાય ખરો ?

अहं ममेति संसारो नाहं न मम निवृत्तिः ।
चतुर्भिरक्षरैर्बन्धः पंचभिः परमं पदम् ॥

હું અને મારું એ સંસાર છે અને હું નથી અને (આ) મારું નથી તે મોક્ષ છે. ચાર અક્ષરોથી બંધ છે અને પાંચ અક્ષરોથી પરમપદ (મોક્ષ) છે. ('હું' એટલે શરીર મારું એટલે ધન, સ્ત્રી પરિવાર વગેરે.)

समाधिविध्वस्तभयाः स्मशाने,
शून्यालये वा प्रतिमां प्रपन्नाः ।
दृष्ट्वापि रूपाणि भयङ्कराणि
रोमापि नैवोद्गमयन्ति गात्रे ॥१५७॥

ઓ, મુનિવરો ! આપના સઘળા ય ભયો સમાધિ-ભાવના મુદ્ગરથી ચૂરચૂર થઈ ગયા.

હવે આપ સ્મશાનમાં કે કોઈ ભેંકાર ભૂતીઆ ઘરમાં પ્રતિમા સ્વીકારીને રહો; ત્યાં ગાત્રો થરથરાવી નાંખે તેવા ભયંકર રૂપોને જુઓ તો ય આપના કોઈ રૂવાંડામાં ય ફફડાટ શેનો હોય ?

एगदिवसंपि जीवो पव्वज्जमुवागओ अनन्नमणो ।
जइवि न पावइ मोक्खं अवस्स वेमाणिओ होइ ॥

એક દિવસ પણ પ્રવ્રજ્યાના પરિણામ સહિત પ્રવ્રજ્યાને (દીક્ષાને) પામેલો કદાચ મોક્ષ ન પામે તો પણ અવશ્ય વૈમાનિક દેવ થાય છે. (પ્રવ્રજ્યાનો પ્રભાવ અચિન્ત્ય છે.)

महोपसर्गाश्च परीषहाश्च
देहस्य भेदाय न मे समाधेः ।
इत्थं विविच्य स्वपरस्वभावं
भयानुबन्धं मुनयस्त्यजन्ति ॥१५८॥

જે મુનિરાજ એક જ વિચાર કરે છે કે, "ઘોર ઉપસર્ગો અને પરીષહો મારી ઉપર તૂટી પડે તો ય બહુ બહુ તો મારા શરીરના કકડા કરી નાંખશે; પણ મારી સમાધિના કકડા કરવાની તો તેમનામાં ય તાકાત નથી."

આવા સ્વ અને પરના સ્વભાવોના વિવેકજ્ઞાનને પામી ગએલા મહાત્મા ભયના સંસ્કારોથી મુક્ત હોય તેમાં શી નવાઈ ?

गुणैरुत्तमतां याति, न तु जातिप्रभावतः ।

મનુષ્ય ગુણોથી ઉત્તમતાને પામે છે. નહિ કે જાતિના પ્રભાવથી, (નિશ્ચયનયની અપેક્ષાએ જાણવું.)

कुहेतुभिर्वा भयहेतुभिर्वा,
न क्षोभमभ्येति समाहितात्मा ।
महीधराणाञ्च महीरूहाणां
सर्वंसहा क्षुभ्यति किं नु भारैः ॥१५१॥

સમાધિમાન્ મુનિરાજ કોઈ પણ કારણે ચિત્તમાં ખળભળાટ અનુભવતા નથી. પછી તે કારણો દુષ્ટમાં દુષ્ટ હોય કે ભયભીત કરી દેવા માટેના હોય.

એ તો ધરતી જેવા છે. મોટા મોટા પર્વતો અને વિરાટ વડલાઓને ઉપાડતી ધરતી ક્યારે પણ એ ભારેખમ ભારથી ડગી છે ખરી ?

संसारः परमं दुःखं, मोक्षश्च परमं सुखं ।

સંસાર (એ) પરમ દુ:ખ છે અને મોક્ષ (એ) પરમ સુખ છે.

सुदूरदीर्घोच्चपदाधिरोहे,
नान्तर्विषीदन्ति समाधिधुर्याः ।
शक्त्या विहीनास्तु जरद्गवाभा
भ्रश्यन्ति तस्मादसमाधिखिन्नाः ॥१६०॥

સમાધિભાવને સિદ્ધ કરવામાં અગ્રેસર બનેલા મુનિવર બહુ દૂરના; ઘણાં લાંબા, અને ખૂબ ઊંચા એવા સાધનાના સ્થાનો ઉપર ચડવામાં ય કદી અંતરમાં ખિન્ન થતા નથી.

એ તો અસમાધિથી અકળાઈ ગયેલા ગધેડા જેવા શક્તિહીન માણસોનું કામ છે. એવાઓનું તો આવા ઉચ્ચ સ્થાનોએ ચડવા જતાં પતન જ થાય.

सपुण्या यत्र गच्छन्ति भवेयुस्तत्र सम्पदः ।

પુણ્યશાળીઓ જ્યાં જાય છે, ત્યાં સંપત્તિઓ હોય છે.

**भीरुर्यथा प्रागपि युद्धकालाद्**
**गवेषयत्यद्रिलतावनादि ।**
**क्लीबास्तथाध्यात्मविषिदनेना-**
**समाहिताश्छन्नपदेक्षिणः स्युः ॥१६१॥**

બિચારા સમાધિભાવના રસાસ્વાદને કદી નહિ પામેલા મુનિવરો ! અધ્યાત્મની કઠોર કેડીએ પદાર્પણ કરતાં પહેલાં જ થરથર ધ્રૂજે તો તેમાં શી નવાઈ ! આવા નપુંસક જેવા લોકો અપવાદાદિ ગુપ્ત શાસ્ત્રમાર્ગો શોધી કાઢીને તેની ઉપર જ-શિથિલાચારનો આનંદ માણીને-જીવન પૂરું કરી નાંખતા હોય છે.

નબળો માટી ! એ વળી રણે શી રીતે ચડી શકે ! પણ જો કદાચ કોઈ એને યુદ્ધ લડવાની ફરજ પાડે તો પહેલેથી જ યુદ્ધભૂમિ ઉપરથી નાસી જઈને લપાઈ જવાના સ્થાનરૂપ પર્વતો, કોચરો, જંગલો વગેરે શોધી રાખે ખરો.

दिव्यभोगभोगत्वात् मांसं देवा न भुंजते ।

દેવો દિવ્યભોગના ભોગી હોવાથી તેઓ માંસ ખાતા નથી.

पठन्ति शास्त्रं खलु ते कुतर्क-
ज्योतिःकथावैद्यकनाटकादि ।
कुतोऽपि हेतोः पततां समाधे-
राजीविकाऽनेन भविष्यतीति ॥१६२॥

અસમાધિમાન્ મુનિઓ કુતર્ક, જ્યોતિષ, કથા, વૈદક, નાટક વગેરે શાસ્ત્રોને અચૂક ભણતા હોય છે.

કદાચ-ન કરે નારાયણ-મુનિ જીવનના ઉન્નત સ્થાનેથી, કોઈ કારણે ભ્રષ્ટ થઈ જવાય તો આ ભણતરથી રોટલો નીકળી જાય તે માટે સ્તો.

**स्वच्छंदेन क्रियमाणं शोभनमपि भवाय भवति ।**

પોતાના મનની કલ્પનાથી સારું કરેલું કામ પણ સંસાર (વૃદ્ધિ) માટે થાય છે.

**बहुसावद्यो गृहवासः कथं श्रेयान् ?**

બહુ પાપમય ગૃહવાસ શ્રેયઃકારી કેમ હોય ?

रणाङ्गणे शूरपुरस्सरास्तु
पश्यन्ति पृष्ठं नहि मृत्युभीताः ।
समाहिताः प्रव्रजितास्तथैव
वाञ्छन्ति नोत्प्रव्रजितुं कदाचित् ॥१६३॥

ઉચ્ચ ખાનદાન કુળના સમાધિમાન્ આત્માઓ દીક્ષા લીધા પછી કદી પણ સંસાર તરફ પાછા વળવાનું ઈચ્છતા નથી.

શૂરવીરોમાં અગ્રણી યોદ્ધાઓ, મોતથી ડરી જઈને રણભૂમિ ઉપરથી કદી ઘર તરફ પાછું વળીને જોતા હશે ખરા ?

विवेकः बहुश्रुतपूजात उपजायते ।

બહુશ્રુતની પૂજાથી વિવેક ઉત્પન્ન થાય છે.

ऋद्धि-सत्कार-सन्मानंतन्मनसाऽपि न प्रार्थयेत् ।

ઋદ્ધિ, સત્કાર, સન્માનની ઈચ્છા મનથી પણ ન કરવી.

श्रद्धां पुरस्कृत्य निनिर्गतो यां
तामेव सम्यक् परिपालयेद्यः ।
सिंहोत्थितः सिंहविहारचारी,
समाहितोऽसौ न विषादमेति ॥१६४॥

મહાભિનિષ્ક્રમણના પુનિત પંથે પદાર્પણ કરતી વખતે એક મહાત્મા હૈયાની જે શ્રદ્ધાની જલતી-ઝળહળતી આગ સાથે સંસાર ત્યાગે છે તે જ શ્રદ્ધાની આગને જો તેવી ને તેવી જલતી ઝળહળતી રાખે તો સિંહની માફક છલાંગ મારીને સંસારથી ઊઠી ગએલા અને સિંહની માફક ગર્જના કરીને આંતરશત્રુઓને ધ્રુજાવતા વિચરતા એ સમાધિમાન્ મુનિરાજના મોં ઉપર કોઈ પણ નાની-મોટી પ્રતિકૂળતા, વિષાદની ટીશી પણ ઉત્પન્ન કરી શકે ખરી ?

भक्खणे देवदव्वस्स परत्थी गमणेण य ।
सत्तमं नरयं जंति सत्तवाराउ गोयमा ।

હે ગૌતમ ! દેવદ્રવ્ય ભક્ષણથી અને પરસ્ત્રી-ગમનથી મનુષ્ય સાતવાર સાતમી નરકમાં જાય છે.

पन्थानमेनं प्रणता हि वीराः
क्लीबस्य गम्योऽस्ति कदापि नायम् ।
इत्थं समाधाय कदापि धीरो-
दान्ताशयः खिद्यति नो महात्मा ॥१६५॥

મહાત્માઓ ગર્જના કરાતાં કહે છે, "અમારો આ માર્ગ શૂરવીરોથી મપાએલો છે; હીજડાઓનું તો અહીં કામ જ નથી."

વંદન તે ગર્જનાશીલ મુનિરાજોને ! ધીર અને ઉદાત્ત ચિત્તવાળા હે મુનિરાજો ! હવે આપના જીવનમાં ખેદ તો ક્યારે ય પણ ક્યાંથી જોવા મળે ?

यस्य स्वदयाऽस्ति तस्य नियता परदया । परदयायां तु स्वदया भाज्या ।

જેને પોતાના આત્માની દયા હોય તેને બીજાના આત્માની દયા નક્કી હોય, પરંતુ પરદયા હોય ત્યાં સ્વદયા હોય અથવા ન પણ હોય.

(જેને એમ થાય કે હું ભવસાગરમાં ડૂબી ન જાઉં તેને બીજો પણ ભવસાગરમાં ન ડૂબી જાય તેની ચિંતા હોય.)

समुद्रगम्भीरमनाः स्वदर्पाद्-
भिनत्ति मार्गं न समाहितात्मा ।
आत्माश्रितामेव कुठारतैक्ष्ण्यात्
छिनत्ति शाखां न तरोर्विपश्चित् ॥१६६॥

પોતાની શિષ્ટ વિદ્વત્તાને કારણે સમાધિમાન્ મુનિરાજ અભિમાનમાં આવી જઈને, શાસ્ત્રીય ધર્મમાર્ગનો કદી પણ ભેદ કરતાં નથી. રે ! સમુદ્ર જેવા ગંભીર ચિત્તવાળા એ મુનિરાજ છે. આવું છીછરાપણું તો તેમનામાં ક્યાંથી હોય ?

પોતે જ જે ડાળ ઉપર બેઠો છે એ જ ડાળને પોતાની જ તીક્ષ્ણ કુહાડીથી કયો ડાહ્યો માણસ કાપી નાંખે ?

**भावशून्या क्रिया न तत्त्वतः क्रिया, स्वफलशून्यत्वात् ।**

ભાવશૂન્ય ધર્મક્રિયા એ તાત્ત્વિક દૃષ્ટિએ ક્રિયા જ નથી. ભાવયુક્ત ક્રિયાના ફળથી શૂન્ય હોવાથી. (ભાવયુક્ત ક્રિયા અને ભાવશૂન્ય ક્રિયા વચ્ચે આકાશ-પાતાળ જેટલું અંતર છે) ભાવશૂન્ય ક્રિયાનું ફળ સરસવ જેટલું છે, તો ભાવયુક્ત ક્રિયાનું ફળ મેરૂપર્વત જેટલું છે.

उत्सर्गरुच्याऽप्यपवादरुच्या,
विचित्रसाध्वाचरणप्रलापात् ।
स्वबुद्धिमात्रेण समाधिभाजो,
न मार्गभेदं परिकल्पयन्ति ॥१६७॥

સમાધિમાન્ મુનિરાજ પોતાની બુદ્ધિકલ્પના માત્રથી માર્ગભેદ કરી દેવાનું અકાર્ય કદી કરતા નથી.

ઉત્સર્ગરુચિ કે અપવાદરુચિ ધરાવીને તેમાં એકાન્ત પકડી લેવો અને તે રીતના જ સાધ્વાચારની પ્રરુપણાના આગ્રહી બની જવું એ એમના માટે સંભવિત નથી. ભલે; શાસ્ત્રમાં બે ય પ્રકારના પાઠોનો નય-નીતિથી આગ્રહ મળે; તેથી કાંઈ તેનો ગેરલાભ તેઓ ન ઉઠાવે.

कृपणेन समो दाता न भूतो न भविष्यति ।
अस्पृशन्नेव वित्तानि, यः परेभ्यः प्रयच्छति ।

કૃપણ જેવો દાતા થયો નથી અને થશે નહિ, કેમ કે તે ધનને અડ્યા વિના જ બીજાને ધન આપે છે.

यन्नैव सूत्रे विहितं न चापि,
निवारितं किन्तु चिरप्ररूढम् ।
समाहिता मार्गभिदाभियैव
तदप्यनालोच्य न दुषयन्ति ॥१६८॥

જે માર્ગ સૂત્રમાં વિહિત પણ નથી તેમ નિષિદ્ધ પણ નથી પરન્તુ ચિરકાળથી તેની પરંપરા ચાલી આવતી જોવા મળે છે. તો તેની ઉપર વિશિષ્ટ ગીતાર્થ ભગવંતોના પરામર્શપૂર્વકનો નિર્ણય મેળવ્યા વિના જ સમાધિમાન્ મુનિઓ કદી કોઈ ટીકા-ટીપ્પણ કરવાનું સાહસ કરતા નથી. રખે માર્ગભેદ થઈ જાય એ ભયથીસ્તો.



यतिजनसहायता हि ब्रह्मचर्यगुप्तिर्वर्तते ।

બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન બીજા સાધુઓની સહાયતાથી સારી રીતે થાય છે. (એકલ દોકલ સાધુ-સાધ્વીથી બ્રહ્મચર્યનું પાલન મુશ્કેલ બની જાય છે.)

**यथा यथा शिष्यगणैः समेतो**
**बहुश्रुतः स्याद् बहुसंमतश्च ।**
**समाधिमार्ग प्रतिकूलवृत्तिः**
**तथा तथा शासनशत्रुरेव ॥१६१॥**

વધુ ને વધુ શિષ્યોના ગુરુ બનતા જાય, બહુશ્રુત બનેલા હોય અને આદેય નામ કર્મની પુણ્યાઈના કારણે ઘણાઓને માન્ય બનતા હોય એવા મુનિરાજ જો સ્વમાં અને સંઘમાં સમાધિ ઉત્પન્ન કરવાને બદલે અસમાધિ થાય તેવી પ્રવૃત્તિ કરે તો તે અવશ્યમેવ જિનશાસનના શત્રુ છે.

**आज्ञापरतंत्रस्य बाह्या प्रवृत्तिर्विरतिं न बाधते ।**

જિનાજ્ઞાને આધીનની બાહ્ય પ્રવૃત્તિ વિરતિને બાધા પહોંચાડતી નથી. (જિનાજ્ઞાને આધીન મતિવાળાને નિયમા વિરતિના પરિણામ હોય.)

निरन्तरं दारूणकेशलोच-
ब्रह्मव्रताभिग्रहभारखिन्नाः ।
च्युताः समाधेः कृतमार्गभेदाः,
निन्दन्ति शास्तारमनन्तपापाः ॥१७०॥

સતતપણે કરવામાં આવતાં ઉગ્ર કેશલોચ, બ્રહ્મચર્ય વ્રતનું પાલન અને કઠોર અભિગ્રહોના સેવનના ભારથી ત્રાસી જઈને સમાધિથી ભ્રષ્ટ થએલા, પોતાના શિથીલાચારને છાવરવા માટે માર્ગમાં જ ભેદ ઊભો કરતાં એ અનન્ત પાપીઓ પોતાના જ આવા કરતૂકો વડે શ્રી જિનેશ્વરદેવની નિન્દા કરતા હોય છે.

प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः ।
तत्त्वात्तदेव वक्तव्यं, किं वचनेऽपि दरिद्रता ॥

પ્રિય વાક્યના દાનથી સર્વે જીવો ખુશ થાય છે. માટે તેવું પ્રિય વચન જ બોલવું જોઈએ. શા માટે વચનમાં દરિદ્રતા રાખવી જોઈએ ? (લાખોનું દાન દેનાર પણ અવસરે પ્રિય વાણીનું દાન દઈ શકતા નથી.)

उत्सूत्रलेशादपि मार्गभेद-
भिया प्रकम्पेत समाहितात्मा ।
उत्सूत्रलक्षादपि नो नृशंस-
सब्रह्मचारी तु बिभेत्यनीदृक् ॥१७१॥

અજાણતાં ય જો ઉત્સૂત્ર ભાષણ થઈ જાય તો સુવિહિત મુનિ માર્ગભેદ થઈ જવાના ભયથી ફફડી ઊઠે.

અને... નામધારી નાલાયક સાધુ ! લાખો ઉત્સૂત્રો હાંકતો રહે. તો ય એ મૂર્ખ માર્ગભેદના ભયથી લગીરે ડરે નહિ.



क्षमा यत्कुरुते कार्यं न तत्कोपवशंगतः ।
कार्यस्य साधिनी प्रज्ञा सा च क्रुद्धस्य नश्यति ॥

ક્ષમાવાન જે કાર્ય કરી શકે છે તે કાર્ય ક્રોધને આધીન બનેલો કરી શકતો નથી. કારણ કે કાર્યની સાધક પ્રજ્ઞા (બુદ્ધિ) ક્રોધીની નષ્ટ થઈ જાય છે.

भवेन्न सत्त्वाधिकमानसस्य,
बिभीषिका क्वापि समाहितस्य ।
भिन्नेभकुम्भस्थलमौक्तिकाङ्ग-
क्रमस्य सिंहस्य कुतोऽस्तु शङ्का ॥१७२॥

વિશિષ્ટ સત્ત્વવાળા સમાધિમાન્ મહાત્માને રોગાદિ કોઈનો ય ભય થતો નથી.

રે ! જે વનરાજે હાથીના કુંભસ્થળને ચીરી નાંખ્યું છે અને તેમાંથી પડેલા મોતીઓ જેના પગે ચોંટયા છે એને વનમાં કોઈનો ય ડર શેનો હોય ?



श्रावकस्य गुरुसमीप एव सूत्रार्थग्रहणं युक्तं ।

શ્રાવકે ગુરુ પાસે જ સૂત્રાર્થ ભણવા યુક્ત છે. (અહીં પંચમહાવ્રતધારી ત્યાગી ગુરુ સમજવા.)

**समाधिसतोषवतां मुनीनां**
**स्वप्नेऽपि न स्यात्परमार्गदृष्टिः ।**
**न मालतीपुष्परतः करीरे,**
**बध्नाति रोलम्बयुवाभिलाषम् ॥१७३॥**

ઓ, સમાધિમાં સંતોષી મહાત્મા ! સ્વપ્નમાં પણ મિથ્યામાર્ગ ઉપર આપની અમીદૃષ્ટિ થાય નહિ.

માલતીના પુષ્પરસમાં આસક્ત બનેલો થનગનતો ભમરો કદી કેરડા ઉપર તે આસક્ત થતો હશે ?

**स्त्रीसमुद्रेऽत्र गम्भीरे निमग्नमखिलं जगत् ।**
**उन्मज्जति महात्माऽस्माद् यदि कोऽपि कथंचन ॥**

આખું જગત સ્ત્રીરૂપી ગંભીર સમુદ્રમાં ડૂબેલું છે. તેમાંથી કોઈક મહાત્મા સ્ત્રીરૂપી સમુદ્રનો પાર પામે છે.

कुत्सां मलक्लीन्नकलेवरेषु
कुर्वन्तिनो शुद्धसमाधिभाजः ।
व्रजन्ति नोद्वेगमनिष्टभावा-
न्निवर्तयन्त्यक्षि नवाऽप्रशस्तात् ॥१७४॥

મેલથી ઉભરાઈ ગયેલા શરીર તરફ શુદ્ધ સમાધિમાન્ મહાત્માને જુગુપ્સા થતી નથી.

અનિષ્ટ આપદા આવે તો એ ઉદ્વેગ પામતા નથી કે અપ્રશસ્તભાવનો યોગ થાય તો તેમની આંખો ત્યાં મીંચાઈ જતી નથી. તેમને તો સુંદર-અસુંદરમાં સમદષ્ટિ છે.

सूत्रार्थानुस्मरणतः रागादिविनाशनं भवति ।

શાસ્ત્રના અર્થનું ચિંતન કરવાથી રાગ, દ્વેષ, મોહનો નાશ થાય છે.

न मूत्रविष्टापिठरीषु रागं बध्नन्ति
कान्तासु समाधिशान्ताः ।
अनङ्गकीटालयतत्प्रसङ्ग-
मब्रह्मदौर्गन्ध्यभिया त्यजन्ति ॥१७५॥

ઓ, સમાધિસ્થ ભગવન્ ! મળ-મૂત્રે ભરેલી કુંડી જેવી નારી પ્રતિ આપને રાગ તો જાગતો જ નથી પરંતુ કામદેવના ગંદા કીટાલયના સ્પર્શથી પણ અબ્રહ્મની બદબૂના ત્રાસથી આપ સદા દૂર રહો છો. વંદન હો; આપના સત્ત્વને !



संविग्नगीतार्था आगमनिरपेक्षं नाचरन्ति ।

સંવિગ્ન ગીતાર્થ મહાપુરુષો આગમ નિરપેક્ષ (આગમ વિરુદ્ધ) પ્રવૃત્તિ કરતા નથી.

स्मिताच्छपुष्पाधरपल्लवश्री-
विशालवक्षोजफलाभिरामाम् ।
दृष्ट्वाऽपि नारीं न समाहितात्मा,
मुह्येद्विदँस्ताँन्विषवल्लीरुपाम् ॥१७६॥

વિશ્વની આંખે નારી એ સ્મિતના સ્વચ્છપુષ્પોને વેરતી, ઓષ્ઠના પલ્લવની શોભા ધરાવતી; વિશાળ સ્તનના ફળોથી શોભતી દેખાય છે.

પણ સબૂર ! આવી નારીને જોવા છતાં સમાધિસ્થ મુનિને લેશ પણ મૂંઝારો થતા નથી...રે ! એની જ્ઞાન-આંખે તો એ નારી વિષની વેલડી જ દેખાય છે. ત્યાં મૂંઝારાનો સવાલ જ ક્યાં રહ્યો ?



चैत्यादिपूजापुरस्सरं भोजनमिति ।

જિનપૂજા, ગુરુપૂજાપૂર્વક (શ્રાવક) ભોજન કરે.

कुचद्वये चन्दनपङ्किले च

स्मितप्रवाहे च मृगेक्षणानाम् ।

येषां न चेतः स्खलितं समाधे

र्नामापि तेषां दुरितानि हन्ति ॥१७७॥

અહો ! અહો ! તે મુનિઓને વંદન હો; જેમના નામનું પુનિત સ્મરણ પણ અમારા પાપોનો નાશ કરી નાંખે છે.

ચંદનથી ચર્ચિત્ત બનેલા મૃગાક્ષીના બે સ્તનોને સહસા જોવા છતાં, વિકારની છોળો ઉડાડતાં તેના માદક હાસ્યને જોવા છતાં આપના ચિત્તની સમાધિનું લેશ માત્ર પણ સ્ખલન થઈ જતું નથી. વંદન ! લાખ લાખ વંદન !

प्रवचने पुरुषोत्तरिको धर्म इति पुरुषः प्रमाणम् ।

જૈન પ્રવચનમાં પુરુષપ્રધાન ધર્મ છે માટે પુરુષને પ્રમાણ ગણવો.

**कटाक्षबाणैः सुदृशां समाधि-**
**वर्मावृता ये खलु नैव विद्धाः ।**
**प्राप्ताः स्वयं ते भवसिन्धुपार-**
**मन्यानपि प्रापयितुं समर्थाः ॥१७८॥**

હે સમાધિસ્થ મુનિવર ! રૂપવતી રમણીઓના કામુક કટાક્ષોના બાણોથી પણ આપનું હૃદય વીંધાતું નથી; કેમકે આપે સમાધિનું બખ્તર પહેરી લીધું છે.

આપના જેવા મુનિવરો જ આ ભવ-સિંન્ધુનો પાર પામી શકે; એટલું જ નહિ પણ અન્ય જીવોને પણ તારવાનું સામર્થ્ય આપના જેવા મુનિવરોમાં જ હોઈ શકે.

**असदाचारिणः प्रायो लोका कालानुभावतः ।**
**द्वेषस्तेषु न कर्तव्यः संविभाज्य भवस्थितिम् ॥**

કલિકાલના પ્રભાવે પ્રાયે કરીને લોકો અસદાચારવાળા હોય છે તેથી તેવા લોકો ઉપર દ્વેષ ન કરવો, પરંતુ તેઓની ભવસ્થિતિનો વિચાર કરવો.

**अहं ममेति प्रथमानबुद्धि-**
**र्बध्नाति कर्म्माण्यसमाहितात्मा ।**
**तस्यैव नाहं न ममेति बुद्धि-**
**र्बन्धप्रमोक्षाय समाधिकाले ॥१७९॥**

બિચારો અસમાધિસ્થ આત્મા ! 'હું અને મારું' ના વિચારોના વર્ધમાન વમળોમાં જ ફસાએલો રહે છે અને કાળા કર્મો બાંધ્યા કરે છે.

આ જ આત્મા જો સમાધિભાવમાં આવી જાય અને 'ન દેહ હું, ન દેહાદિ મારા' ચિંતનમાં લાગી જાય તો બંધાયેલા કર્મો છૂટવા લાગી જાય.

**अभव्यस्य भव्याभव्यत्वशङ्कया अभावात् ।**

અભવ્ય આત્માને 'હું ભવ્ય હોઈશ કે અભવ્ય' એવી શંકાનો અભાવ હોય. (જેને એમ થાય છે કે હું ભવ્ય હોઈશ કે અભવ્ય તે નિયમા ભવ્ય જ હોય.)

यो ब्राह्मणः क्षत्रियदारको वा,
तथोऽग्रपुत्रोऽपि च भोगपुत्रः ।
गृहीतदीक्षः परदत्तभोजी,
गोत्राभिमानी न समाहितोऽसौ ॥१८०॥

બ્રાહ્મણ હોય કે ક્ષત્રિય હોય; ઉગ્રકુળનો કે ભોગકુળનો નબીરો હોય; તેણે દીક્ષા પણ લીધી હોય અને બીજાએ દીધેલા ધાન ઉપર પેટ-ગુજારો કરી લેતો હોય; પણ જો તે પોતાના ગોત્રનો મિથ્યાભિમાની હોય તો એની બધી બાજી ધૂળમાં છે; એવો પણ ઊંચો આત્મા સમાધિમાન્ કહેવાય નહિ.

मनोऽपि नैवेन्द्रियैः सह युगपत् संबध्यते ।

મન પણ એક સાથે બધી ઈન્દ્રિયો સાથે સંબંધ કરતું નથી. (મનનો ઉપયોગ એક સાથે એક જ ઈન્દ્રિયના વિષયમાં હોય.)

न तस्य जातिः शरणं कुलं वा,
विद्यां चरित्रं च विना कदापि ।
करोति निष्क्रम्य स गेहिचर्यां,
भवेद्भवाब्धेस्तु न पारदश्वा ॥१८१॥

જેની પાસે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર્ય નથી તેવા સાધુ કાંઈ ઊંચી જાતિ કે ઉચ્ચકુળના હોય તેથી કાંઈ તેમનું ગૌરવ વધી જતું નથી. સંસારનો ત્યાગ કરીને પણ જો તે ગૃહસ્થના જેવું જીવન જીવે તો કાંઈ સંસારનો પાર ન પામી શકાય.

**योषित्सानिध्यं ब्रह्मचारिणां महतेऽनर्थाय ।**

સ્ત્રીનું સાનિધ્ય બ્રહ્મચારીઓ માટે મહાન્ અનર્થનું કારણ છે, (સ્ત્રીની સમીપ બ્રહ્મચારીએ રહેવું તે જોખમ ભરેલું છે.)

प्राप्ताः स्वयं कर्मवशादनन्ता–
जातीर्भवावर्त्तविवर्तमानाः ।
विज्ञाय हीनोत्तममध्यमाः कः
समाधिभाग् जातिमदं विदध्यात् ॥१८२॥

આ સંસાર સાગરના વમળોમાં પલટાતી જતી અનન્તી જાતિઓ જીવે સ્વયં કર્મવશાત્ પ્રાપ્ત કરી. હવે બીજાની જાતિ હીન કે મધ્યમ છે અને પોતાની જાતિ ઉત્તમ છે એમ કહીને કયો સમાધિમાન્ મહાત્મા આવો જાતિમદ કરે !

श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यताम् ।
आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत् ॥

તમે ધર્મનું સર્વસ્વ (રહસ્ય) સાંભળો, સાંભળીને હૃદયમાં ધારણ કરો. પોતાના આત્માને જે પ્રતિકૂળ હોય તે બીજાઓ પ્રત્યે ન આચરવું જોઈએ.

अशुद्धशीले च विशुद्धशीले,
प्रयोजनं शुद्धकुलस्य नेति ।
नौपाधिकश्लाघ्यतयान्वितेन
कुलेन माद्यन्ति समाधिभाजः ॥१८३॥

કુળમદ :

શુદ્ધ જાતિ-કુલ મળ્યા હોય તો જ શુદ્ધ શીલ પાળી શકાય એવું કાંઈ જ નથી. એટલે જ સમાધિમાન્ મુનિરાજ અમુક પરંપરાદિગત સંદર્ભોમાં જ જે પ્રશંસા કરવા લાયક બને તેવા કુળના વટથી કદી અભિમાન કરતા નથી.

स्नेहतन्तवो हि जन्तूनां दुरुच्छेदा भवन्ति ।

પ્રાણીઓને સ્નેહના તંતુઓ તોડવા મુશ્કેલ થાય છે. (લોખંડી સાંકળો તોડવી હજુ સહેલી છે, પરંતુ સ્નેહના કાચા સુતર જેવા તાંતણા તોડવા ઘણા કઠીન છે. આર્દ્રકુમારનું જીવન તેનું દૃષ્ટાંત છે.)

विनाशशीले कलुषेन पूर्णे
जरारुजां सद्मनि नित्यसेव्ये ।
रूपेऽस्तु कः शोणितशुक्रबीजे
मदावकाशः सुसमाधिभाजाम् ॥१८४॥

સુંદર સમાધિના સાધક મુનિભગવંતોને પુણ્યયોગે સુંદર રૂપ પ્રાપ્ત થયું હોય તો ય તેમને તેનું અજીર્ણ થતું નથી. કેમ કે તેઓ એ રૂપના સ્વરૂપને નખશીખ જાણતા હોય છે.

તેઓ જાણે છે કે આ કાયાનું રૂપ :

(૧) સડન-પડનના સ્વભાવવાળું છે.

(૨) મેલ-મલિનતાઓથી ખદબદેલું છે.

(૩) ઘડપણનું અને રોગોનું ઘર છે.

(૪) હંમેશ મરામત માંગનારું છે.

(૫) લોહી-વીર્યના ગંદા તત્ત્વોમાંથી ઉત્પન્ન થએલું છે.

मूलं हि संसारतरोः कषायाः ।

સંસારરૂપી વૃક્ષનું મૂળ કષાયો છે.

**उपस्थिते मृत्युबले बलेन,**
**समाधिभाग् माद्यति नो बलेन ।**
**आसाद्य चारित्रबलस्य निष्ठां,**
**संसारकोटीमरणापहर्त्रीम् ॥१८५॥**

બળમદ :

જોસથી મૃત્યુનું સૈન્ય આવીને ઊભું રહી જાય ત્યારે પણ પોતાના આધ્યાત્મિક બળોના અભિમાનમાં સમાધિમાન્ મહાત્મા ફાટી જતા નથી.

ક્રોડો મૃત્યુઓનું નિવારણ કરી દેવાને સમર્થ-ચારિત્રધર્મરાજના-સૈન્યની તાકાત મળી છે તો ય તે બળનું અજીર્ણ સંભવે જ કયાંથી ! આવું અજીર્ણ મૃત્યુના ઉપસ્થિત થતાં બળ સામે કદાચ પરાજય પમાડી દે.



**यथा संयम उत्सर्पति तथा तथा कर्तव्यं ।**

જેમ સંયમનો ઉત્કર્ષ થાય તેમ કરવું જોઈએ.

विद्वाननित्यौ परिभाव्य लाभा-
लाभौ स्वकर्मप्रशमोदयोत्थौ ।
मदं न लाभान्न च दीनभाव-
मलाभतो याति समाहितात्मा ॥१८६॥

લાભમદ :

સમાધિમાન્ મુનિરાજના તો કેટલા ગુણ ગાવા ? પોતાના વિષમ કર્મોનો પ્રશમ થતાં જો એમને લાભ થઈ જાય છે તો એ અનુકૂળ લાભને અનિત્ય જુએ છે; જો વિષય કર્મોનો ઉદય થઈ જતાં કોઈ ગેરલાભ થઈ જાય છે તો એ ગેરલાભને પણ અનિત્ય જુએ છે. આમ થતાં તેમને લાભથી અભિમાન આવી જતું નથી અને ગેરલાભથી દીનતા આવી જતી નથી.



यतिरपि गुरुकर्मा चिकित्सितुं न शक्यते ।

ભારે કર્મી સાધુની પણ કર્મરોગની ચિકિત્સા કરવી શક્ય નથી.

आजीविकागारवमेति भूयो,
लूक्षोऽपि यो भिक्षुरकिञ्चनोऽपि ।
कुर्वन्निजोत्कर्षपरापवादौ
विपर्ययं याति भवे भवेऽसौ ॥१८७॥

સાવ લૂખો અને પાછો અકિંચન છતાં જે ભિક્ષુ પોતાને મળી જતી આજીવિકાની ગૃદ્ધિને પામે છે એ આત્મશ્લાઘા અને પરનિન્દાને કરતો ભવે ભવે ભારે ને ભારે કફોડી સ્થિતિને પામ્યા જ કરે છે; એ વિષમતાનો કોઈ અન્ત જ આવતો નથી.

व्रतभङ्गो गुरूदोषः भगवदाज्ञाविराधनात् ।
स्तोकस्यापि पालना व्रतस्य गुणकारिणि ॥

ભગવાન્ તીર્થંકરની આજ્ઞાની વિરાધના (ભંગ) થવાથી વ્રતભંગ મોટો દોષ છે. (જયારે) થોડું પણ શુદ્ધ વ્રતનું પાલન ગુણકારી (હિતકારી) છે. (મોટું વ્રત લઈને મૂકવું તેના કરતાં શક્તિ મુજબ નાનું વ્રત લઈ પ્રાણના ભોગે પણ શુદ્ધ પાળવું તે શ્રેયસ્કર છે.)

यः साधुवादी कृतकर्म्मशुद्धि-
रागाढबुद्धिश्च सुभावितात्मा ।
न सोऽपि हि प्राप्तसमाधिनिष्ठः
पराभवन्नन्यजनं स्वबुद्ध्या ॥१८८॥

જે આત્મા પોતાની બુદ્ધિથી બીજા આત્માઓની તર્જના વગેરે કરી નાંખતો હોય તે આત્મા (૧) સત્યભાષી હોય (૨) સ્વકર્મમાં શુદ્ધિ રાખનારો હોય (૩) તીક્ષ્ણ બુદ્ધિવાળો હોય (૪) વિરાગથી સારી રીતે ભાવિત થએલો હોય તો પણ તેને પ્રાપ્ત થએલી સમાધિની નિષ્ઠા-રુચિવાળો સમજવો નહિ.

જ્યાં જીવમાત્ર પ્રત્યે બહુમાન નથી ત્યાં સાચી સમાધિ નથી.



अतिमात्रभोजनेन तृप्तोऽनङ्गेन बाध्यते ।

અત્યંત ભોજનથી તૃપ્ત થયેલો કામથી બાધા પામે છે.

**अनन्तपर्यायविवृद्धियुक्तं,**
**ज्ञानार्णवं पूर्वमहामुनीनाम् ।**
**समाधिमानाधुनिकोऽवधार्य**
**कथं स्वबुद्ध्या मदमेति साधुः ॥१८९॥**

"રે ! મારું તે જ્ઞાન કેટલું ? આટલા અમથા જ્ઞાનમાં અહં શેનો વકરે ?

અહો ! પૂર્વના મહર્ષિઓ તો જ્ઞાનનો વિરાટ સાગર હતા. એકેકા દ્રવ્યના અનન્ત પર્યાયોના એ જાણ હતા.

એ વિરાટ ! હું વામણો ! આધુનિક સમાધિસ્થ મહાત્માઓને આવા સુંદર વિચાર આવે છે.

**कषायाभावो हि कर्माभावस्य कारणमिति ।**

કષાયનો અભાવ કર્મના અભાવમાં કારણ છે.

परस्य चाटुक्रियया किलाप्ता-
दूवाल्लभ्यकान्माद्यति यः स्वचित्ते ।
समाधिहीनो विगमे स तस्य,
वाल्लभ्यकस्यातुलशोकमेति ॥१९०॥

સમાધિભાવ વિનાના રાંકડાની દશા તો જુઓ.

બીજાઓ એની ખુશામત કરે એટલે એ માની લે છે કે, "હું લોકપ્રિય બની રહ્યો છું" આથી તેનામાં અભિમાન આવી જાય છે.

પણ જ્યાં એ ખુશામતખોરીનો ધબકડો થાય છે અને એ ઉપરથી પોતાની લોકપ્રિયતામાં મોટી ઓટ આવ્યાનું અનુમાન કરે છે કે તરત પોક મૂકીને રોવા લાગે છે.



मनोव्यग्रता नास्ति सुसाधूनाम् ।

સુસાધુઓને મનની વ્યગ્રતા ન હોય.

श्रुतस्थितेर्माषतुषस्य वार्ता,
श्रीस्थूलभद्रस्य च विक्रियायाः ।
श्रुत्वा श्रुतं दर्पभिदेव लब्ध्वा
न तेन दृप्यन्ति समाधिभाजः ॥१९१॥

શાસ્ત્રોમાં આવતી શ્રીમાષતુષ મુનિની વાર્તાને અને શ્રી સ્થૂલભદ્રજીની શ્રુત-વિક્રિયાને જાણ્યા પછી તો એ શ્રુત મદને ઓગાળી નાંખનારું જ બને તેમાં શી નવાઈ છે ? આવા શ્રુતને પામ્યા પછી સમાધિસ્થ મહાત્માઓના અંતરમાં અહં પ્રગટે જ ક્યાંથી ?



क्रोधो हि शत्रुः प्रथमो नराणाम् ।

ક્રોધ એ મનુષ્યોનો પ્રથમ શત્રુ છે.

प्रज्ञामदाद् वादमदाच्च पृथ्व्यां,
योऽन्यं जनं पश्यति बिम्बभूतम् ।
मौनीन्द्रमार्गादसमाहितात्मा
भ्रश्यन्नधः कर्मगुरुः स याति ।।११२।।

પોતાની બુદ્ધિના જોરે કે તર્કશક્તિના જોરે જગત્‌ના અન્ય જીવોને જે માણસ બુધ્ધુ માને છે એ અસમાધિસ્થ આત્મા ભગવાન્ જિનેશ્વરોના માર્ગે ચડ્યો હોય તો પણ ત્યાંથી પડીને, કર્મથી ભારે થઈને દુર્ગતિઓમાં ચાલ્યો જાય છે.

धर्मार्थमुद्यतेन सर्वस्याप्रीतिकं न कर्तव्यम् ।

ધર્મ કરવા તત્પર બનેલા માનવીએ કોઈને પણ અપ્રીતિ (દુઃખ) થાય તેવું ન કરવું જોઈએ.

(કોઈને પણ ત્રાસ ન આપવામાં જ ધર્મ રહેલો છે.)

नाहं क्रियां याति समाहितात्मा,
नोकर्म्मभावैर्न च कर्मभावैः ।
भिन्नान्विदन् मिश्रितपुद्गलात्म
भावान्मिथः कर्तृभिदानिदानात् ॥११३॥

કર્મના ભાવોથી કે નોકર્મ (કષાયો)ના ભાવોથી સમાધિમાન્ આત્મા અહંકારની ક્રિયાને કદી પામતો નથી. કેમ કે એક બીજામાં મિશ્રિત થઈ ગએલા પુદ્ગલના અને આત્માના ભાવોને-તેમનો કર્તા જુદો હોવાના કારણે જુદા માનવાનો તેણે નિર્ણય કર્યો છે.

कुभावजनकं सन्तो भाषन्ते न कदाचन ।

બીજાઓને દુર્ભાવ ઉત્પન્ન થાય એવું કદી સજ્જન પુરુષો બોલતા નથી. (બીજાને સદ્ભાવ ઉત્પન્ન થાય તેવી વાણી સજ્જન માણસની હોવી જોઈએ.)

नाहं वपुर्नैव मनो, न वाँणी;
कर्त्ता न नो कारयिता च तासाम् ।
न चानुमन्तेति समाधियोगा-
द्विदन्नहंकारमतिं च कुर्यात् ॥१९४॥

"હું શરીર નથી, મન નથી, વાણી નથી, કર્તા નથી, પ્રેરક નથી, અનુમોદક નથી." આવું સમાધિના યોગથી જાણતા મહાત્મા અહંકારગ્રસ્ત બુદ્ધિનો ભોગ કદી બનતા નથી.

**भगवद्वचनस्य पदे पदे हृदयेऽनुस्मृतिः कार्या ।**

ભગવાનના વચનનું સ્મરણ પગલે પગલે કરવું. (ભગવાનના વચનનું સ્મરણ એટલે ભગવાનનું જ સ્મરણ સમજવું.)

ભગવાનનું વચન (ઉપદેશ) યાદ આવે એટલે ભગવાન્ યાદ આવે જ.

શાસ્ત્રસ્વાધ્યાયમાં ઓતપ્રોત રહેનાર મોક્ષના સાધકને આ ભગવાનના સ્મરણનો નિરંતર લાભ મળે છે.

**हृद्वर्गणां पुद्गलजन्यवृत्तिं,**
**विकल्परूपां कलयन् विविक्ताम् ।**
**समाधिशुद्धो मननात्मनोऽह-**
**मिति स्मयं को विदधीत योगी ॥१९५॥**

મનોવર્ગણાના પુદ્ગલથી જન્ય વિકલ્પોને પણ સમાધિ શુદ્ધ આત્મા ભિન્ન જુએ છે. મનનમાત્રથી 'હું મન છું' એવો મિથ્યા ગર્વ તેમને થતો નથી. મન અને આત્માનું ભેદજ્ઞાન અનુભવ્યા પછી યોગીને એ મન સાથે વિચાર દ્વારા એકતા થતી નથી પણ તેને દૃષ્ટાભાવ જ રહે છે.



**भावना प्रधानो निर्वाणहेतुः ।**

ઉત્તમ ભાવના નિર્વાણનું મુખ્ય કારણ છે.

कुमारतायौवनवार्धकादी-
नुच्चत्वगौरत्वमृदुत्वमुख्यान् ।
स्वस्मिन् गुणान् को वपुषोऽधिरोप्य
समाहितोऽहं कुरुते मनस्वी ॥१९६॥

આ તો બધા શરીરના જ ગુણો છે ને ? કૌમાર્ય, યૌવન, વાર્ધક્ય, ઉચ્ચત્વ, ગૌરત્વ, મૃદુત્વ વગેરે...?

તો પછી કયો સમાધિસ્થ મનસ્વી આત્મા એ ગુણોને પોતાના આત્મામાં આરોપે ? અને એવો ખોટો અહંકાર કરે ?



चक्रवर्त्यादीनां राज्यादिसम्पत् पुण्यप्रकृतिलभ्याऽपि हेयैव ।

ચક્રવર્તી આદિની રાજ્યાદિ સંપત્તિ પુણ્ય-પ્રકૃતિથી લભ્ય છે, છતાં તે હેય જ (ત્યાજ્ય) છે.

पदानि वर्णैर्विहितानि तैश्च,
वाक्यानि वाक्यैरखिलः प्रबन्धः ।
इत्थं श्रयन्नैश्चयिकं समाधे-
र्ग्रन्थं करोमीत्यभिमन्यते कः ॥१९७॥

કેટલાક વર્ણો ભેગા થઈને પદો બની ગયાં. પદોના ભેગા થવાથી વાક્યો બની ગયાં; વાક્યોના ભેગા થતાં પ્રબન્ધો બની ગયા; અને પ્રબન્ધો ભેગા થતા ગ્રન્થ બની ગયો.

તો અહીં 'મેં ગ્રંથ બનાવ્યો !' એવું કહેવાય જ શી રીતે ?

સમાધિથી નૈશ્ચયિક મત વિચારતાં મુનિરાજનું અંતર આમ બોલે છે.

**निर्जराकरणे बाह्यात् श्रेष्ठमाभ्यन्तरं तपः ।**

કર્મની નિર્જરા (નાશ) કરવામાં બાહ્ય તપ કરતાં અભ્યંતર તપ શ્રેષ્ઠ છે.

तथा तथा सन्निपतत्सु कर्म्म-
स्कन्धेषु कूटस्थतया स्थितस्य ।
कर्तृत्वधीः स्यान्न समाहितस्य
चिन्मात्रनिर्मग्नसमग्रवृत्तेः ॥१९८॥

સમાધિમાન્ આત્મા જ્યારે શુદ્ધ નિશ્ચયનયથી પોતાના આત્માને જુએ છે ત્યારે તેને કૂટસ્થ નિત્ય (એકાન્તે નિત્ય) દેખાય છે. એ વખતે એની સઘળી વૃત્તિઓ ચિત્-સ્વરૂપમાં જ નિમગ્ન બની જાય છે, ત્યારે તેવા તેવા પ્રકારના પોતાની ઉપર પડતા-ચોંટતા કહેવાતા કર્મસ્કન્ધોમાં આ કર્મો મેં કર્યાં એવી કર્તૃત્વબુદ્ધિ તેને થતી નથી.

सम्यक्त्वाभिमुखस्यैव भक्त्या साधुदानसद्धर्मश्रवणादिकं मन्तव्यं ।

સમ્યક્ત્વની અભિમુખને જ હૃદયની ભક્તિપૂર્વકનું સાધુદાન, સદ્ધર્મનું શ્રવણ વગેરે જાણવું.

तन्त्वादिभावैः परिणामवद्भिः,
पटादिभावान् जनितानवेत्य ।
न तेषु कर्तृत्वमतिं दधाति
गतस्मयो निश्चयधीः समाधेः ॥१९१॥

સમાધિભાવની સિદ્ધિના કારણે નૈશ્ચયિક બુદ્ધિને પામેલા મહાત્મા અહંકાર-મુક્ત થઈ જાય છે.

અનિત્ય પર્યાયોવાળા તન્તુ આદિમાંથી પટ વગેરેને ઉત્પન્ન થતાં તે જુએ છે; અને તેથી જ તેઓ કહે છે કે જ્યારે તન્તુઓએ પટ કર્યો છે ત્યારે મેં પટ કર્યો એવો અહંકાર રાખવાની શી જરૂર છે ?

गृहस्थसमक्षं हि साधूनां भोक्तुं न कल्पते,
प्रवचनोपघातसंभवात् ।

ગૃહસ્થોની હાજરીમાં સાધુઓને ભોજન કરવું કલ્પે નહિ. શાસનનાં માલિન્યનો સંભવ હોવાથી.

पराश्रितान् दानदयादिभावा-
नित्थं समाधेर्मनसाऽप्यकुर्वन् ।
निजाश्रितानेव करोति योगी
विकल्पहीनस्तु भवेदकर्त्ता ॥२००॥

વિકલ્પહીન યોગી તો માત્ર, સ્વ-ભાવનો જ કર્ત્તા છે. દયા, દાનાદિ-મેં કર્યા એમ તે માનતો નથી કેમ કે તે બધા પરકીય ભાવો છે. તન્તુઓમાંથી બનેલા વસ્ત્રમાં જેમ નિરભિમાનીને કર્તૃત્વબુદ્ધિ થતી નથી. તેવું જ પરાશ્રિત એવા દયા-દાનાદિમાં યોગીને કર્તૃત્વનો અહંકાર મનથી પણ થતો નથી.

आरंभे नत्थि दया, महिलासंगेण नासए बंभं ।
संकाए सम्मत्तं, पव्वज्जा अत्थरागेण ।

આરંભમાં દયા નથી, સ્ત્રીસંગથી બ્રહ્મચર્યનો નાશ થાય, જિન વચનમાં શંકા કરવાથી સમકિતનો નાશ થાય અને ધનરાગથી પ્રવ્રજ્યાનો નાશ થાય.

(આરંભ એટલે જીવનાશક પ્રવૃત્તિ.)

**द्रव्येषु भिन्नेषु कदापि न स्या-**
**न्ममत्ववार्तापि समाधिभाजः ।**
**रागादिभावैर्विहितं ममत्वं**
**न तत्प्रमाणीकुरुते च योगी ॥२०१॥**

ભિન્ન એવા પુદ્‌ગલોમાં સમાધિમાન્ આત્માને કયારે ય પણ એવું મમત્વ થતું નથી કે, "આ મારું છે."

કેમ કે મમત્વ તો રાગાદિ ભાવોને કારણે જ થાય; અને રાગાદિ ભાવો તો સમાધિસ્થને બિલકુલ માન્ય નથી, શુદ્ધનયથી ભાવિત યોગી પોતાના આત્માને શુદ્ધ સ્વભાવનો જ કર્તા માને છે.

**पूआ पच्चक्खाण पडिक्कमणं पोसहो परोवयारो ।**
**पंच पयारा जस्स उ, न पयारो तस्स संसारे ॥**

પૂજા, પચ્ચકખાણ, પ્રતિક્રમણ, પૌષધ અને પરોપકાર આ પ'કારો જેની પાસે છે, તેનું પતન સંસારમાં થતું નથી. (આ પાંચ પ'કારની ઉપાસનાથી પાપો જાય છે અને પુણ્ય આવે છે.)

साक्षीव पश्यन्स्वनिमित्तभावा-
दुत्पत्तिसम्बन्धजुषः पदार्थान् ।
तेषामगृह्णन् परिणामिभावं
दुःखाद्विमुच्येत समाहितात्मा ॥२०२॥

પોતાના નિમિત્ત બનવાથી જે પદાર્થો ઉત્પત્તિના સંબંધવાળા બને છે. (ઉત્પન્ન થાય છે.) તે પદાર્થોને સમાધિસ્થ આત્મા સાક્ષીભાવથી માત્ર જુએ છે; પરન્તુ તે ઉત્પત્તિ વગેરેના પરિણામોવાળા (પરિણામી) તરીકે પોતાને ભોક્તા-માનતો નથી. આથી જ પરપુદ્ગલ સંબંધિત-ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગાદિ-દુઃખો એ મહાત્માને સ્પર્શતા નથી.

न सम्यक् समितिगुप्त्याराधना संयमाद् विना ।

સમ્યગ્ સમિતિગુપ્તિની આરાધના સંયમ વિના થતી નથી.

**यथा जनोऽन्यस्य सुखासुखेषु**
**तटस्थभावं भजते तथैव ।**
**विश्वस्य तेषु प्रशमी ममत्वा-**
**हङ्कारमुक्तः सुसमाधिशाली ॥२०३॥**

જેમ એક માણસ બીજા માણસના સુખ કે દુઃખમાં તટસ્થ ભાવને-સાક્ષીત્વભાવને-ધારણ કરે છે, તેમ મમત્વ અને અહંત્વની ગ્રન્થિમાંથી મુક્ત થઈ ગએલા સમાધિસ્થ મહાત્મા સમગ્ર વિશ્વના સુખ-દુઃખો પ્રત્યે તટસ્થ બનીને રહે છે; આથી તે પરમ પ્રશમભાવને પ્રાપ્ત કરે છે.

**को हि गुणवतः प्रति प्रीतो न भवति ?**

કોણ ગુણવાન્ પ્રત્યે પ્રીતિવાળો ન થાય ? (અર્થાત્ સાચા ગુણવાનને જોઈને સજ્જન પુરુષને પ્રેમ થાય જ.)

समाधिभाजां व्यवहारकाले
मैत्र्यादिरूपापि हि चित्तवृत्तिः ।
एकान्तशुद्धौ त्वियमिद्धसिद्ध-
ज्योतिःसमापत्तिमयी प्रसिद्धा ॥२०४॥

સમાધિમાન્ મુનિવરોની ચિત્તવૃત્તિ વ્યવહાર કાળમાં મૈત્ર્યાદિ ભાવમય હોય છે. પણ જ્યારે એ યોગી શુદ્ધ નિશ્ચયમાં વર્તતો હોય છે ત્યારે એ જ ચિત્તવૃત્તિ દેદીપ્યમાન પરમ જ્યોતિસ્વરૂપ સિદ્ધ ભગવંત સાથે એક બની જાય છે. ધ્યાન દ્વારા તેમની સાથે એકતા અનુભવે છે.

परोपकारपरो हि पुमान् सर्वस्य नेत्रामृताञ्जनम् ।

પરોપકાર પરાયણ પુરુષ સૌને આંખમાં આંજેલા અમૃતના જેવો ટાઢો હીમ લાગે છે.

स्फुटीभवत्याप्तवचोविमर्शा-
त्तद्वासनासङ्गतधर्मतो वा ।
क्षमादिरूपोऽपि दशप्रकारो
धर्मः समाधौ परिपाकभाजि ॥२०५॥

આપ્ત પુરુષોના વચનોના પરામર્શથી અથવા તો તે વચનોના સ્વાધ્યાયથી ઉત્પન્ન થતાં સંસ્કારોથી અથવા તેનાથી સંગત થતાં ધર્મથી જ્યારે તે સમાધિભાવ પરિપાક પામે છે ત્યારે ક્ષમાદિસ્વરૂપ દશ પ્રકારનો ધર્મ એ સમાધિસ્થ મુનિઓના આત્મામાં પ્રકાશ બનીને પ્રસરી જાય છે.

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामचारतः ।
न स सिद्धिमवाप्नोति, न सुखं न परां गतिम् ॥

જે શાસ્ત્રોક્ત વિધિને છોડીને સ્વેચ્છાએ ચાલે છે તે સિદ્ધિગતિને, સુખને અને ઉત્તમ ગતિને પામતો નથી.

**धर्मस्य मूलं हि दया दयायाः,**
**क्षमेति सञ्चिन्त्य भवन्ति सन्तः ।**
**कृतापराधेऽपि न कोपभाजः**
**क्षमा समाधानशमाभिरामाः ॥२०६॥**

ધર્મનું મૂલ જ દયા છે અને દયાનું મૂળ ક્ષમા છે. આમ વિચારીને સન્ત પુરુષો અપરાધી ઉપર પણ ક્રોધ કરતા નથી.

વંદન હો, તે સંતોને, જેઓ ક્ષમાના સ્વભાવની સહાય લઈને ચિત્તનું સમાધાન કરી લે છે, અને તેથી પરમ શાંતિ પામીને મનોહર જીવનના સ્વામી બને છે.

**दंसणसुद्धिनिमित्तं तिकालं देववंदणाइयं ।**

સમ્યગ્દર્શનની શુદ્ધિ નિમિત્તે ત્રિકાળ દેવવંદન, પૂજા વગેરે છે.

गुणा विना नो विनयं कदाचिद्-
अमार्दवे नो विनयप्रथेति ।
अनुन्नता निश्रितनिर्निदानाः
समाहिता मार्दवशालिनः स्युः ॥२०७॥

"વિનય વિના ગુણો નથી. અને મૃદુતા વિના ક્યારે ય વિનય પ્રાપ્ત થતો નથી."

એટલે જ સમાધિસ્થ મહાત્માઓ સદા નમ્ર, નિયાણા વિનાના જીવનની નિશ્રાવાળા અને મૃદુસ્વભાવી હોય છે.



कल्याणभागिन एव जिनवचनं भावतो भावयन्ति ।

કલ્યાણભાગી મનુષ્યો જ જિનવચનને ભાવથી વિચારે છે.

नानार्जवः शुद्ध्यति, नाप्यशुद्धो
धर्मे स्थिरौ, धर्ममृते न मोक्षः ।
सुखं न मोक्षाच्च विनेति साधुः
समाधिमानार्जवमभ्युपैति ॥२०८॥

સમાધિસ્થ મહાત્મા આટલા બધા સરળ શાથી હોતા હશે ? આ રહ્યો તેનો જવાબ.

તેઓ બરોબર જાણે છે કે ઋજુતા વિના આત્મશુદ્ધિ થતી નથી, અશુદ્ધ આત્મા ધર્મમાં સ્થિર થઈ શકતો નથી, ધર્મ વિના મોક્ષ નથી, અને મોક્ષ વિના સુખ નથી.



आज्ञाबाह्यशमस्य दुःख परिणामफलत्वाद् ।

જિનાજ્ઞાબાહ્ય શમ (શાંતિ) પરિણામે દુઃખમાં પરિણમે છે.

यद्द्रव्यदेहोपधिभक्तपाना-
धिकारकं शौचमशुद्धिहानात् ।
समाधिनीरेण कृतं तदेव,
पावित्र्यबीजं प्रयतात्मनां स्यात् ॥२०९॥

**પ્રશમરતિ**ગ્રન્થમાં દશવિધ યતિધર્મમાં શૌચની વાત કરતાં શુદ્ધ નિર્દોષ આહાર પાણી ઉપધિ વગેરેના ઉપયોગને શૌચ કહ્યું છે. આ ઉપયોગરૂપ શૌચ જો સમાધિના જલથી અશુદ્ધિના ત્યાગપૂર્વક કરવામાં આવે તો પ્રયત્નશીલ આત્માને પવિત્રતાનું મૂળબીજ બની જાય છે. એટલે નિર્દોષ પ્રવૃત્તિ પણ જો સમાધિ યુક્ત ન હોય તો તે નકામી છે, કર્મમળનું પ્રક્ષાલન કરનારી બની શકતી નથી.

न हि उत्तमाः स्वप्नेऽपि नीचजनवार्त्तां शृण्वन्ति कुर्वन्ति वा ।

ઉત્તમ પુરુષો સ્વપ્નામાં પણ નીચ મનુષ્યની વાત સાંભળતાં નથી કે કરતાં નથી.

त्यक्त्वाऽऽश्रवान् पञ्च निरूद्धय पञ्चे-
न्द्रियाणि हत्वा चतुरः कषायान् ।
दण्डत्रयीजित्सुसमाधिरेति
द्राक् संयमं सप्तदशप्रकारम् ॥२१०॥

સમાધિસ્થ મહાત્મા પાંચ આશ્રવોનો ત્યાગ કરે છે, પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરે છે, ચાર કષાયોને મૃતપ્રાયઃ કરે છે; ત્રણ દણ્ડ ઉપર વિજય મેળવે છે. આમ શીઘ્રમેવ સત્તર પ્રકારના દુષ્કર સંયમને પણ તે મહાત્મા પ્રાપ્ત કરે છે.

स्त्रीणां श्रीणां च ये वश्याः, तेऽवश्यं पुरुषाधमाः ।
स्त्रियः श्रियश्च वश्यास्ते, अवश्यं पुरूषोत्तमाः ॥

જે પુરુષો સ્ત્રીઓને અને લક્ષ્મીને આધીન (પરવશ) છે તે અવશ્ય અધમપુરુષો છે અને જે પુરુષોએ સ્ત્રીઓ અને લક્ષ્મીને પોતાને આધીન કરી છે તે ઉત્તમ પુરુષો છે, પુરુષ ઉપર સ્ત્રી અને શ્રીનો કાબુ ન જોઈએ. પરંતુ પુરુષનો સ્ત્રી અને શ્રી ઉપર કાબુ જોઈએ. સ્ત્રી, શ્રીની ગુલામીમાંથી મુક્ત બને તે જ સાચો પુરુષ કહેવાય.

समाहितो बन्धुधनाक्षशर्म-
त्यागात्परित्यक्तभयप्रवाहः ।
नित्यं परित्यक्ततनुश्च राग-
द्वेषौ त्यजेत्त्यागगुणान्महात्मा ॥२११॥

સકળ વિશ્વને પીડતા રાગ-દ્વેષના અધ્યવસાયો ઉપર સમાધિમાન્ મહાત્મા શી રીતે વિજય મેળવે છે તે જાણો છો ? સાંભળો.

ભાઈ, ધન, ઈન્દ્રિયો વગેરેના સુખોનો ત્યાગ કરી દઈને તેઓ સર્વથા ભયની ભયંકર પરંપરાથી મુક્ત થઈ જાય છે. વળી જે દેહ સાથે જ છે તેનો પણ ચિત્ત સાથેનો સંબંધ તોડી નાંખીને દેહપીડાઓથી અલિપ્ત બની જાય છે.

આમ ભોગસાધનોનો ત્યાગ કરી દઈને તેઓ રાગ ઉપર વિજય મેળવી જાય છે. સામગ્રી ત્યાગનો જે રાગી... તે સામગ્રીના રાગનો ય ત્યાગી.

गुणरागादवापैको बोधिबीजं न चापरः ।

ગુણના રાગથી એક ચોર બીજા ભવમાં બોધિબીજ પામ્યો અને બીજો ચોર ગુણદ્વેષથી બોધિબીજ ન પામ્યો.

**अजिह्मभावात्तनुचित्तवाचां,**
**सत्यं विसंवादविपर्ययाच्च ।**
**चतुर्विधं चारुसमाधियोगा-**
**श्चतुर्गतिच्छेदकृदाद्रियन्ते ॥२१२॥**

મન, વચન, અને કાયાના યોગોની નિર્મળ સરળતાના કારણે તથા કોઈ પણ પ્રકારની જીવનમાં વિસંવાદિતા ન હોવાના કારણે સમાધિસ્થ મુનિઓ સુંદર સમાધિના યોગથી ચાર ગતિઓનો છેદ કરતાં ચાર પ્રકારના સત્યો ઉપર ભારે આદરવાળા બને છે.



**अत एव जैनाभासैः सह प्रवचने साधर्मिकत्वाभावः ।**

એથી જ જૈનાભાસ સાથે પ્રવચનથી સાધર્મિકનો અભાવ છે. ભલે નામ માત્રથી જૈન કહેવાતા હોય પરંતુ જિનાજ્ઞાનો અભાવ હોવાથી તે જૈનાભાસો છે.

(નામ માત્રથી જ જૈન છે.)

आभ्यन्तरस्याभ्युदयाय बाह्य-
माभ्यन्तरं बाह्यविशुद्धये च ।
तपः प्रकुर्वन्ति मनःसमाधे-
र्धृत्वानुकूल्यं जिनशासनस्थाः ॥२१३॥

નિશ્ચય-વ્યવહારનયમય જિનશાસનના શરણે રહેલા મુનિઓ અભ્યન્તર તપના વિકાસ માટે બાહ્ય તપ કરે છે. અને બાહ્યતપની વિશુદ્ધિ માટે અભ્યન્તર તપનું આરાધન કરે છે.

આવી તપોની પરસ્પરની પૂરકતાને તેઓ જાણતા હોવાથી ચિતની સમાધિ દ્વારા બે ય તપ સતત કરતા રહેવાની અનુકૂળતાને તેઓ સારી રીતે સિદ્ધ કરી શકે છે.

तीर्थंकरनाम्नः सत्तायाः कारणं सामान्यतः तीर्था-राधनमेव ।

તીર્થંકર નામકર્મની સત્તાનું કારણ સામાન્યથી તીર્થની આરાધના જ છે.

ग्लानिर्न यत्रास्ति न चाक्षहानि-
यंत्रैधते ब्रह्म न रोषवार्ता ।
यस्मिन्जिनाज्ञैकवशंवदत्वं,
समाधिशुद्धं कथितं तपस्तत् ॥२१४॥

સમાધિથી શુદ્ધ તપ તો તે જ કહેવાય જેને વહન કરતાં :-

(૧) ચિત્તમાં ખેદ ન હોય.

(૨) ઇન્દ્રિયો વધુ ક્ષીણ થઈ જતી ન હોય.

(૩) પરમાત્માનું ધ્યાન પળે પળે લાગી જતું હોય.

(૪) આંખોમાં કે ચિત્તમાં ય ક્રોધની કોઈ વાદળી ફરફર પણ વરસતી ન હોય.

(૫) એક માત્ર જિનાજ્ઞાને જીવનપ્રાણ બનાવ્યો છે.

आज्ञाबाह्यमनुष्ठानं तुषखण्डनमृतमंडनादिकल्पम् ।

આજ્ઞાબાહ્ય અનુષ્ઠાન ફોતરાને ખાંડવા અને મડદાને શણગારવા બરાબર છે.

त्यजन्ति कामान् मुनयोऽत्र दिव्यान्,
औदारिकांश्च त्रिविधाँस्त्रिधा यत् ।
ब्रह्मैतदष्टादशभेदमुच्चैः
समाधिभाजः परिशीलयन्ति ॥२१५॥

દેવ સંબંધી અને મનુષ્ય સંબંધી ત્રણે ય પ્રકારના કામને મન, વચન અને કાયાથી મુનિઓ ત્યજે છે. અને અઢાર પ્રકારના બ્રહ્મચર્યને એના ઉત્કૃષ્ટ પ્રકારો વડે સમાધિસ્થ મહાત્માઓ સેવે છે.

आणाखंडकारी जइ वि तिकालं महाविभूईए ।
पुएइ वीयरागं, सव्वंपि णिरत्थयं तस्स ॥

(उपदेशपदवृत्तौ)

જિનાજ્ઞાનું ખંડન કરનારો ભલે ત્રિકાળ મોટી વિભૂતિથી જિનેશ્વરને પૂજે તો પણ તે સર્વ નિરર્થક છે. (જેની પૂજા કરવી છે તેની આજ્ઞાનું પાલન કરવું નથી તો તે પૂજા કેવી ? 'ચાકર તેરા, કહ્યા ન કરું' તેના જેવી વાત છે.

ग्रामे कुले वा नगरे च देशे,
न या मनागप्युपधौ च मूर्च्छा ।
हतारतिव्याधिसमाधिभाजां,
धर्मः परोऽकिञ्चनताऽभिधोऽयम् ॥२१६॥

સમાધિમાન્ મુનિરાજને ગામ, કુળ, નગર કે દેશમાં ક્યાં ય મમત્વ હોતું નથી. રે ! વસ્ત્રાદિ ઉપધિમાં પણ તે મૂર્ચ્છિત થતા નથી. એમના સમાધિભાવથી ચિત્તની અરતિઓ અને કાયાની વ્યાધિઓ પણ એવા ખતમ થઈ ગયા હોય છે કે એથી ઔષધાદિનો પણ પરિગ્રહ કરવાની જરૂર રહેતી નથી. અહો ! અકિંચનતા-ધર્મના કેવા ઉત્કૃષ્ટ નમૂનારૂપ એ મહાત્માઓ !

णाणं चरित्तहीणं लिंगग्गहणं च दंसणविहूणं ।
संजमहीणं च तवं, जो चरइ णिरत्थयं तस्स ॥

જ્ઞાન ચારિત્ર્યહીન, શ્રમણલિંગ સમ્યગ્દર્શન-હીન, તપ સંયમહીન-આ ત્રણે નિરર્થક છે.

समाधिसंशुद्धदशप्रकार-
धर्मावलम्बी परमार्थदर्शी ।
चरित्रदृग्ज्ञानतपःसमेतः
स्वाध्यायसद्ध्यानरतो महात्मा ॥२१७॥

મહાત્માઓ સમાધિથી શુદ્ધ બનેલા દસ પ્રકારના યતિ ધર્મોના આરાધક, પરમાર્થ સ્વરૂપ મોક્ષ ભાવના પ્રાગટ્ય તરફ એકી લક્ષે જોનારા; દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યની ત્રિપુટીના સ્વામી, સ્વાધ્યાય અને ધ્યાનમાં રમમાણ હોય છે.

केवलनाम्ना साम्यं च अकिञ्चित्करमेव । न हि तुल्यनाम्नो राजारङ्कयोः रङ्कोपि राज्याधिपति-र्भवितुमर्हति ।

કેવળ નામથી સામ્ય એ અકિંચિત્કર છે (કામનું નથી.) સમાન નામવાળા રાજા અને રંક હોવા મંત્રથી રંક રાજ્યાધિપતિ બનવા માટે યોગ્ય નથી.

लूक्षान्नपिण्डग्रहणेन यात्रा-
मात्राधिकारो नवकोटिशुद्ध्या ।
समग्रशीलाङ्गसहस्त्रधारी,
बन्धप्रमोक्षाय कृतप्रयत्नः ॥२१८॥

કર્મોના બંધનોથી વાજ આવીને ત્રાસી ઊઠેલા મુનિરાજ તેમાંથી છૂટી જવા માટે નવે ય કોટિથી શુદ્ધ સાવ રૂક્ષ ભોજન ગ્રહણ કરીને નિર્વિકાર બનવા દ્વારા-માત્ર વિશુદ્ધ સંયમની યાત્રા શક્ય બને, એટલા પ્રમાણમાં જ આહાર કરે છે અને ૧૮ હજાર શીલાંગરથના ઠોસ ધારક બને છે.

परतित्थिआणं पणमण उब्भावण थुणण भत्तीरागं च ।
सक्कारं सम्माणं दाणं विणयं च वज्जेइ ।

પરતિર્થિકોને પ્રણામ, પર સમક્ષ ગુણવર્ણન, તેની આગળ સ્તવના, વસ્ત્રાદિના સત્કાર, સન્માન, ભક્તિરાગ, દાન અને વિનયનો ત્યાગ કરવો.

(સમ્યગ્દષ્ટિ આત્માએ)

समाप्य सर्वं वचनस्य योग-
मसङ्गयोगं स्वरसेन कुर्वन् ।
आशून्यभावाच्च विकल्पहानेः
सुप्तत्व-जाग्रत्व-दशोर्ध्वगामी ॥२१९॥

સમાધિસ્થ આત્મા મુક્તિનું પ્રાગટ્ય પામવા માટે વાણીના સઘળા યોગોને જીવનમાં સમેટી લે છે; પોતાની જ અનોખી આત્મરણતાની શુચિના કારણે સઘળા જડપદાર્થો સાથેનો સંગ ત્યાગી દે છે; બહારના જગતમાં સર્વત્ર ચિત્તશૂન્યતાને સિદ્ધ કરીને સઘળા સંકલ્પ-વિકલ્પોથી પર બની જાય છે; અને પછી જાગરણદશાથી પણ ઉપરની ઉજાગરદશાની અતિ ધન્ય સ્થિતિને સ્પર્શે છે.

ज्योतिष्कपर्यन्तदेवेषु च जिनाज्ञाया अनाराधक-विराधकानामेवोत्पादात् ।

જ્યોતિષી દેવલોક પર્યંત દેવોમાં જિનાજ્ઞાના અનારાધક (જિનાજ્ઞાની આરાધના ન કરનાર) અને જિનાજ્ઞાની વિરાધના કરનારાઓનો જ ઉત્પાદ (ઉત્પત્તિ) હોય છે.

बुद्धः सुधीरेकविदेकरूपः,
संछिन्नशोकश्च सुसंयतश्च ।
आत्मप्रवादोपगतः सुगुप्तो
रम्यः सुसामायिकभृत्समित्या ॥२२०॥

જે મુનિરાજ પાંચ સમિતિ આદિ અષ્ટ પ્રવચન માતાઓના પાલક છે તે જ ખરા જ્ઞાની છે; સુંદર બુદ્ધિના સ્વામી છે; એક આત્માના જાણકાર છે; એકલા આત્મ-સ્વરૂપ છે. શોક-ઉદ્વેગથી તે મુક્ત છે, મહાસંયમી છે. આત્મજ્ઞાનના ઊંડા અભ્યાસી છે, ઈન્દ્રિયોના સફળ નિગ્રહી છે, સહુને માટે મનોહર બને છે.

જ્યાં સમિતિ આદિ નથી ત્યાં ગુણોના આવા સુવિશાળ રસથાળની લહેજત કદી મળતી નથી. ત્યાં પડેલી વિદ્વત્તા વગેરે તો ગંધાઈ ઊઠેલા મડદા જેવી છે; પાતકી છે; પતનકારી છે.

शुभभावसंयुक्तं जिनोक्तानुष्ठानं मोक्षकारणं ।

શુભભાવથી યુક્ત જિનોક્ત અનુષ્ઠાન મોક્ષનું સાધન છે.

धर्मार्थवृत्तिर्न च कीर्त्तिपूजा-
सत्कारलाभार्थितयाविलात्मा ।
अध्यात्मपूतो धूतपापकर्म्मा
धिया नियागप्रतिपत्तिमत्या ॥२२१॥

સમાધિમાન્ આત્માની વૃત્તિ-પ્રવૃત્તિ શુદ્ધ ધર્મ માટે જ હોય છે, કીર્તિ, પૂજા, સત્કાર, લાભ વગેરેની વાસનાથી એનો આત્મા કદી ખરડાતો નથી. અધ્યાત્મ-ભાવથી એ પવિત્ર હોય છે, અને મોક્ષને સ્વીકારતી બુદ્ધિ વડે એ આત્મા પાપકર્મોનો પ્રક્ષાલક હોય છે.

धर्मचिकीर्षुणा जिनाज्ञैव पर्यालोच्या, न पुनर्विशिष्ट-कष्टादिरूपं तपःसंयमाद्यनुष्ठानम् ।

ધર્મની ઈચ્છાવાળાએ જિનાજ્ઞાનો જ વિચાર કરવો, પરંતુ વિશિષ્ટ તપ-સંયમ વગેરે કષ્ટા-નુષ્ઠાનોનો માત્ર વિચાર કરવાનો નહિ.

विज्ञातभूयोभवसिन्धुदोषो
वैराग्यरङ्गामृतवासितात्मा ।
गाम्भीर्यसिन्धुर्जगतोऽपि बन्धु-
र्मुक्तः पराशाभिधनागपाशात् ॥२२२॥

સમાધિમાન્ મુનિએ સંસાર-સાગરના ભયંકર દોષોને વારંવાર આંખેઆંખ જોયા હોય છે, એથી જ એમનું અંતર વિરક્તિના અમૃતરંગે ઝબોળાઈને એકરસ થયું હોય છે.

ગંભીર સાગરશા એ મહાત્મા વિશ્વામિત્ર બને છે.

પરસ્પૃહાના નાગપાશથી તો એ સર્વદા અસ્પૃષ્ટ જ રહે છે.

मार्गानुयायिकृत्यं स्वभावेन भद्रकस्य-अल्पकषायोदस्यैव भवति ।

માર્ગાનુસારી કૃત્ય સ્વભાવથી ભદ્રક જીવને હોય. (અલ્પ કષાયના ઉદયવાળાને હોય.)

आसक्तिमानात्मगुणोद्यमेऽन्य-
कथाप्रसङ्गे बधिरान्धमूकः ।
क्रियासहस्त्राऽसुलभं लभेत
निर्ग्रन्थमुख्यं स्वदयाविलासम् ॥२२३॥

અહો ! જે મુનિરાજ આત્માના ગુણોની પ્રાપ્તિના ઉદ્યમમાં ગળાબૂડ ડૂબેલા રહે છે, પારકી વાતોના પ્રસંગમાં જે બહેરા, અંધા, અને મૂંગા બની જાય છે તે સમાધિસ્થ મુનિને હજારો પુરુષાર્થે પણ ન મળે તેવો નિગ્રન્થજીવનના સર્વસ્વ સમો સ્વદયાનો વિરાટ પ્રકાશ પ્રાપ્ત થઈ જાય છે.

यद्यपि जिनाज्ञारूचिः जैनप्रवचनेऽपि अल्पजनस्यैव भवति, कालानुभावात् ।

જો કે જિનાજ્ઞાની રુચિ જૈનપ્રવચનમાં પણ થોડાક જ મનુષ્યોને થાય છે. દુષમકાળના પ્રભાવથી.

विकल्पहीनां स्वदयां वदन्ति,
वैकल्पिकीमन्यदयां बुधास्ताम् ।
तत्रादिमोक्ता किल मोक्षहेतुः
परा पुनः स्वर्गसमृद्धिदात्री ॥२२४॥

સ્વદયા એકાન્તે હિત કરનારી છે; એના હિતમાં બીજો કોઈ વિકલ્પ નથી જ્યારે પરદયામાં હિતનો વિકલ્પ છે. પરદયાથી પરનું હિત થાય પણ ખરું અને ન પણ થાય.

પહેલી-સ્વદયા મોક્ષને અપાવનારી છે જ્યારે બીજી પરદયા તો સ્વર્ગાદિના અભ્યુદયને આપનારી છે.

સ્વદયા અખૂટ નિર્જરાકારિણી છે; પરદયા વિપુલ પુણ્યબંધકારિણી છે.

उत्सूत्रभाषिणो दर्शनमपि निषिद्धं ।

શાસ્ત્ર વિરુદ્ધ બોલનારને જોવાનો પણ નિષેધ છે; તો તેને મળવાનો અને તેની સાથે વાતચિત આદિનો તો સુતરાં નિષેધ જ છે.

रक्षामि जीवानिति हृद्विकल्पः
पुण्याय हन्मीति च पातकाय ।
तत्पुण्यपापद्वितयश्च भाति,
समाधिसिद्धौ स्फुटमेकरूपम् ॥२२५॥

'હું જીવોની રક્ષા કરું' એવો હૃદયનો વિકલ્પ પુણ્યબંધ કરાવે છે, 'હું જીવોને હણું' એ વિકલ્પ પાપ કર્મબંધ કરાવે છે.

પણ જ્યારે સમધિભાવ સિદ્ધ થાય છે. ત્યારે આ બે કર્મ સ્પષ્ટરૂપે માત્ર એકરૂપ થઈ જાય છે. બન્ને ય માત્ર પુદ્‌ગલરૂપે જણાય છે.

बहुपापपरित्यागमन्तरेण अल्पपापपरित्यागस्यायुक्तत्वात् ।

બહુ પાપનો ત્યાગ કર્યા વગર અલ્પ પાપનો ત્યાગ કરવો યુક્ત નથી. (દા.ત. માંસાહારનો ત્યાગ કર્યા વગર કંદમૂળનો ત્યાગ કરવો, દારૂનો ત્યાગ કર્યા વિના સ્વ-સ્ત્રીનો ત્યાગ કરવો.)

फलैकरूपे भुवि पुण्यपापे
न सङ्गिरन्ते व्यवहारमत्ताः ।
समाधिभाजस्तु तदेकभावं
जानन्ति हैमायसबन्धनीत्या ॥२२६॥

વ્યવહારનયમાં આસક્ત થએલા આ ધરતીના જીવો જીવને બાંધનારા હોવાથી ફલતઃ પુણ્ય અને પાપ એક જ સ્વરૂપ હોવા છતાં તેવું માનવાને તૈયાર થતાં નથી. જ્યારે સમાધિસ્થ મહાત્માઓ તો તે બન્ને ય કર્મોને બેડીના એક જ સ્વરૂપમાં જુએ છે. ભલે પછી તે બેડી સોનાની હોય કે લોખંડની હોય.

दोषहेतोर्गुणस्यापि दोषत्वेन भणनात् ।

પરિણામે દોષમાં પરિણમતો ગુણ પણ દોષરૂપ કહેવાય. (ગુણ પણ દોષનો હેતુ બનતો હોય તો તે ત્યાજ્ય છે.)

पुण्यस्य पापस्य च चिन्त्यमानो,
न पारतन्त्रस्य फलस्य भेदः ।
समाहिताः पुण्यभवे सुखेऽपि
दुःखत्वमेव प्रतियन्ति तेन ॥२२७॥

'પુણ્ય અને પાપ' એમ ભેદથી ભલે વિચાર કરાતો હોય. પણ સમાધિસ્થ આત્માને તો તેમાં કાંઈ ભેદ જણાતો નથી કેમકે બન્ને ય કર્મો જીવને બંધાઈને પરતન્ત્ર તો બનાવે જ છે. આમ આ પારતન્ત્ર્યનું ફળ તો બે ય આપે છે પછી બન્ને એક જ થઈ ગયા ને ! વળી કોઈ કહે કે "પાપનું ફળ દુઃખ છે, જ્યારે પુણ્યનું ફળ સુખ છે માટે ફળ ભેદથી ભેદ તો થયો જ ને ?" તો તે પુણ્ય પણ વસ્તુતઃ તો દુઃખ જ છે.

यो धर्मः परिणतावधर्मो भवति, स धर्म एव नोच्यते ।

જે ધર્મ પરિણતિમાં અધર્મ બનતો હોય તે ધર્મ જ ન કહેવાય.

रम्यं सुखं यद्विषयोपनीतं,
नरेन्द्रचक्रित्रिदशाधीपानाम् ।
समाहितास्तज्ज्वलदिन्द्रियाग्नि-
ज्वालाघृताहुत्युपमं विदन्ति ॥२२८॥

નરેન્દ્રો, ચક્રવર્તીઓ કે દેવેન્દ્રોનો ભોગવિષયોના સંગથી ઉત્પન્ન થતો જે રમ્ય ભોગસુખનો અનુભવ કહેવાય છે તે હકીકતમાં તો ભડકે બળતી ઈન્દ્રિયોની અગ્નિજવાળાઓમાં હોમાતા ઘી બરોબર છે. આ કથન સમાધિમાન્ મુનિરાજોનું છે.



उत्पत्तिः पुनर्युगपत् तीर्थस्य, विगमोऽपि युगपद् भवति ।

તીર્થની ઉત્પત્તિ પણ એક સાથે થાય છે અને નાશ પણ એક સાથે થાય છે.

समाहितस्वान्तमहात्मनां स्यात्,
सुखेऽप्यहो वैषयिके जिहासा ।
को वा विपश्चिन्ननु भोक्तुमिच्छे-
न्मिष्टान्नमप्युग्रविषेण युक्तम् ॥२२१॥

સમાધિસ્થ ચિત્તવાળા મુનિ ભગવંતોની ચિત્તસ્થિતિ તો જુઓ.

સુંદરમાં સુંદર દેખાતા વૈષયિક સુખોને પણ તેઓ તરછોડવાની જ સ્થિતિમાં સદા હોય છે.

વાત પણ કેટલી સાચી છે ? કેમકે તાલપુટ ઝેરથી મિશ્રિત કરેલાં સુંદરમાં સુંદર મિષ્ટાન્નને ખાવાની કોઈ પણ શાણો સજ્જન ઈચ્છા ન જ કરે.

'चाउव्वण्णो संघो तित्थं' तीर्थं तु दुष्प्रभाचार्य-पर्यन्तं ।

ચતુર્વિધ સંઘ તે તીર્થ. તીર્થ તો દુષ્પ્રભસૂરિ સુધી ટકવાનું છે.

किं काङ्क्षितैर्भोगसुखैरनित्यै-
भयाकुलैरस्ववशैश्च तुच्छैः ।
अदभ्रनित्यस्ववशाभयोद्य-
त्समाधिसौख्याय बुधा यतन्ते ॥२३०॥

જે કોઈ પણ સમજદાર માણસ છે તે કયા સુખને મેળવવા પ્રયત્ન કરે એ તો વિચારો.

ભોગસુખમાં તો એ શી રીતે પસંદગી બતાવે ? કેમકે એ તો વિનાશી છે. રક્ષણાદિમાં ભયભીત રાખનારા છે, પરાધીન છે- સ્વવશ નથી. સાવ હલકા-દમ વિનાના છે; બિભત્સ વગેરે છે.

એના કરતાં વિશિષ્ટ નિત્ય, પોતાના કબજાના, તથા સદા અભય રાખનારા સમાધિના સુખને જ પોતાનો મત કેમ ન આપવો ?

क्षेत्रादयश्च कर्म्मणो भवन्ति उदयादिकारणं ।

ક્ષેત્ર, કાળ આદિ કર્મના ઉદય, ક્ષયોપશમ આદિમાં કારણ બને છે.

अनेकयत्नैर्विषयाभिलाषो-
द्भवं सुखं यल्लभते सरागः ।
समाधिशाली तदनन्तकोटि-
गुणं स्वभावाल्लभते प्रशान्तः ॥२३१॥

એક સરાગી આત્મા લાખો પ્રયત્નો કરીને વિષય-વાસનાથી ઉત્પન્ન થએલું જે સુખ અનુભવે છે તેનાથી અનન્ત ગુણ સુખ તદન સહજ રીતે પ્રશાન્ત અને સમાધિસ્થ મહાત્મા મેળવી લે છે.

जे गुणे से आवट्टे ।

મનગમતા વિષયો જ તને સંસારમાં ભટકાવી રહ્યા છે. બીજા શબ્દોમાં કહું તો આ જ તારો સંસાર છે.

अनिष्टसंगेष्टवियोगदुःखं

सरागवन्नैति समाधिशाली ।

अङ्गीकृतैकान्तिकमुक्त्युपायः

प्रशान्तवेदारतिभीकषायः ॥२३२॥

હાય ! કેવા પીડાય છે સરાગી સંસારી લોકો દુઃખોથી ?

અનિષ્ટનો સંગ એ કારમું દુઃખ !

ઈષ્ટનો વિયોગ ! માથાનું શૂળ !

સમાધિમાન્ મુનિરાજને આવી પીડાઓ જીવનની કોઈપણ પળમાં અનુભવવાની નથી.

વાત પણ સાચી જ છે, કેમ કે એમના વેદના ઉદયો, અરતિ, ભયો અને કષાયો-બધા ય-શાન્ત-ઉપશાન્ત થઈ ગયા છે.

વળી મુક્તિના સુખને અચૂકપણે સાધી આપતી રત્નત્રયીની આરાધનાને તેઓએ જીવન સમર્પ્યું છે.

પછી તો પેલા સરાગીજનો જેવા હૈયાઝાળ દુઃખ તેમને શેના હોય ?

उपकार्य अपेक्षया उपकारी बलवान् ।

ઉપકાર્યની અપેક્ષાએ ઉપકારી બળવાન્ છે.

ज्ञानी तपस्वी परमक्रियावान्
सम्यक्त्ववानप्युपशान्तिहीनः ।
प्राप्नोति तं नैव गुणं कदापि
समाहितात्मा लभते शमी यम् ॥२३३॥

એક સમાધિસ્થ શમી આત્મા જે આંતર સૌન્દર્યને પામી શકે તે સૌન્દર્યને અસમાધિમાં ઊકળતો આત્મા કદી ન પામી શકે, પછી ભલેને તે ગમે તેવો મહાન્ જ્ઞાની હોય, ઉગ્ર તપસ્વી હોય, શુદ્ધ ક્રિયાનો કરનારો હોય અને સમ્યગ્દષ્ટિ હોય.

यावदपवादप्रयोजनं न पतति तावदुत्सर्ग एव बलवान् ।

જ્યાં સુધી અપવાદનું પ્રયોજન (કામ) પડતું નથી ત્યાં સુધી ઉત્સર્ગ જ બળવાન્ છે.

**सुरासुराणां मिलितानि यानि**
**सुखानि भूयो गुणकारभाञ्जि ।**
**समाधिभाजां समतासुखस्य,**
**तान्येकभागेऽपि न संपतन्ति ॥२३४॥**

ઓ, ભોગસુખના ઝાંઝવા જળે ભૂલા પડેલાઓ ! જરા સાંભળતા જાઓ. સઘળા દેવો અને અસુરોના સઘળા ય સુખોને ભેગા કરો. ચાહે તે આંકડાએથી તે સુખોનો ગુણાકાર કર્યા જ કરો.

હજી ગુણાકાર કર્યા જ કરો. ભલે ઘણો જંગી આંકડો આવે; ચિંતા નહિ. હવે જુઓ મજા.

પણ સમાધિસ્થ મહાત્મા સમતાનું જે સુખ અનુભવે છે એ હવે નજરમાં લાવો. આની પાસે તો પેલું ભોગસુખ એક અંશ જેટલું ય થતું નથી ! જોયા ને બેહાલ ભોગસુખોના !

કેવા વામણા લાગે છે યોગીના સુખ પાસે ?

**आयट्ठं ण जहेज्ज ।**

બીજું બધું જ છોડી દેજે, પણ આત્માર્થને ન છોડતો.

नूनं परोक्षं सुरसद्मसौख्यं,
मोक्षस्य चात्यन्तपरोक्षमेव ।
प्रत्यक्षमेकं समतासुखं तु,
समाधिसिद्धानुभवोदयानाम् ॥२३५॥

રે ! સ્વર્ગના વિમાનોના સુખની તો શું વાત કરવી? આંખે દેખાતાં જ નથી જ્યાં... અને મોક્ષના સુખની ય શી કથા હોંશે હોંશે માંડવી ? અત્યંત દૂર જઈને એ પડ્યા છે ત્યાં...

આ ધરતી ઉપર જ સાવ પ્રત્યક્ષ છે; સમતાનું સુખ. એની જ વાત કરો ને ?

સમાધિથી સિદ્ધ કરી ચૂકેલા અનુભવના જીવંત સ્વામીઓની પાસે જ તૈયાર છે. એ સમતા-સુખ.

न हि जैनप्रवचनबाह्यस्य जैनत्वं सम्भवति ।

જૈન પ્રવચનથી બહારમાં જૈનત્વ સંભવતું નથી.

वणिग् यथा रत्नपरीक्षया द्राक्,
परीक्ष्य रत्नं लभते प्रमोदम् ।
ज्ञानी तथाऽऽप्नोति समाधिशुद्ध्या
ब्रह्मानुभूयौपशमैकराज्यम् ॥२३६॥

જેમ કોઈ વણિગ્જન રત્નની પારખશક્તિ વડે રત્નનું સાચું મૂલ્ય કરી આપે ત્યારે કેવો આનંદ પામે ?

સમાધિમાન્ મુનિરાજ સમાધિભાવની શુદ્ધિથી ઉપશમના એક માત્ર સામ્રાજ્ય સ્વરૂપ 'બ્રહ્મ'નો અનુભવ કરીને તેવો જ અપૂર્વ આનંદ પ્રાપ્ત કરે છે.

दारिद्र्यं दोहग्गं कुजाइकुशरीर कुमइगइओ ।
अवमाणरोअसोआ न हुंति जिणबिंबकारीणं ॥

જિનબિંબ જે કરાવે (ભરાવે) તેને દારિદ્ર્ય, દૌર્ભાગ્ય, કુજાતિ, કુશરીર, કુમતિ, કુગતિ, અપમાન, રોગ, શોક થતાં નથી.

**प्राणप्रियप्रेमसुखं न भोगा-**
**स्वादं विना वेत्ति यथा कुमारी ।**
**समाधियोगानुभवं विनैवं**
**न वेत्ति लोकः शमशर्म साधोः ॥२३७॥**

એક કુમારિકા કન્યા પ્રાણથી પણ અધિક પ્રિય પ્રણય-સુખ ભોગવ્યા વિના તો સમજી શકતી નથી.

લોકો પણ સમાધિસ્થ મુનિના સમાધિયોગનો અનુભવ કર્યા વિના સમાધિના એ અનુપમ સુખને શી રીતે કલ્પી પણ શકે ?

એ તો જે પામે તે જ સમજે.

**आभिनिवेशमिथ्यात्वं हलाहलविषकल्पं, नियमादनन्त-संसारपरिभ्रमणहेतुः ।**

અભિનિવેશિક મિથ્યાત્વ હળાહળ ઝેર જેવું છે. તે નિયમા અનંતસંસારભ્રમણનો હેતુ છે.

निरुद्ध्य लोकोऽपि विकल्पवृत्तीः
परीक्षते चेच्छमशर्मसाधोः ।
शक्यं निराकर्तुमिदं तदा स्या-
न्माधुर्यवन्नाविषयोऽपि वाचाम् ॥२३८॥

હા જો સંસારીજન પણ પોતાની સઘળી વિકલ્પ વૃત્તિઓનો નિરોધ કરીને મુનિના સમાધિસુખનો અનુભવ કરવા માંગે તો જરૂર તે સુખનું નિર્વચન તે કરી શકે; કેમ કે સાકરની મીઠાશ આસ્વાદ્યા પછી તેનું વાણીથી વર્ણન થઈ શકે છે તેમ સમાધિસુખ પણ અનુભવીને વાણીનો અવિષય રહેતું નથી.

आभासस्य हि पूर्वभावि वास्तववस्तु प्रतीत्यैव प्रवर्त्तनात् ।

આભાસ પણ પૂર્વભાવિ વાસ્તવિક વસ્તુને આશ્રીને જ પ્રવર્તે છે. (રાતના અંધારામાં દોરડામાં સર્પનો આભાસ વાસ્તવિક સર્પ જેવી વસ્તુ જગતમાં છે તો જ થાય છે.)

ज्ञानं शिवं धर्मपदं समाधेः
शमोदयादेकमपि प्रदत्ते ।
भूयोऽपि नार्थप्रतिभासमात्रं
ज्ञानं हितं स्यादसमाहितानाम् ॥२३१॥

ચિત્તમાં સમતાનો ઉદય થઈ ગયા પછી તો એક જ શબ્દ પણ સમાધિના ધર્મસ્થાનમાં મોક્ષને આપી શકે છે.

અને જો એ સમતાનો ઉદય થયો નથી તો શાસ્ત્રોનાં શાસ્ત્રોનું જ્ઞાન મેળવી જાય તો ય એ જ્ઞાન માત્ર અર્થપ્રતિભાસ રૂપ બની જાય. એવું જ્ઞાન શિવપદ આપી શકે નહિ.

कारणं कार्यात्पूर्वभावि पश्चाद्भावि च कार्यम् ।

કારણ કાર્યની પૂર્વે હોય અને કાર્ય પછી હોય.

**स्त्रैणे तृणे ग्राव्णि च काञ्चने च,**
**शत्रौ च मित्रे भवने वने च ।**
**भवे च मोक्षे समतां श्रयन्तः**
**समाधिभाजः सुखिनो भवन्ति ॥२४०॥**

તરુણી અને તૃણમાં; પાષાણ અને સુવર્ણમાં; શત્રુ અને મિત્રમાં...રે ! સંસાર અને મોક્ષમાં પણ જે મહાત્માઓ સમત્વનું દર્શન કરે છે. (નથી સંસારેચ્છા, નથી મોક્ષેચ્છા) તે સમાધિસ્થ મહાત્માઓ આ સંસાર પર્યાયમાં પણ પરમસુખનો અનુભવ કરે છે.



**न हि जैनप्रवचने किमपि तदस्ति यत्कस्यापि निरास्पदं स्यात् ।**

જૈન પ્રવચનમાં એવું કંઈ પણ નથી કે કોઈને પણ નિંદાનું કારણ બને.

निरञ्जनाः शङ्खवदाश्रयन्तो-
ऽस्खलद्गतित्वं भुवि जीववच्च ।
वियद्वदालम्बनविप्रमुक्ताः
समीरवच्च प्रतिबन्धशून्याः ॥२४१॥

હે સમાધિસ્થ મુનિવરો !

આપ શંખની જેમ રાગદ્વેષના અંજન વિનાના છો, આ ધરતી ઉપર આપ જીવની જેમ અસ્ખલિત ગતિવાળા છો, આકાશની જેમ આપ આલંબન-મુક્ત છો, અને પવનની જેમ પ્રતિબંધ વિનાના છો.



**आज्ञा हि धर्मशरीरे जीवकल्पा ।**

આજ્ઞા ધર્મરૂપી શરીરમાં પ્રાણસમાન છે. (ધર્મનો પ્રાણ જિનાજ્ઞા છે.) જ્યાં જિનાજ્ઞા ત્યાં ધર્મ.

शरत्सरोनीरविशुद्धचित्ताः
लेपोज्झिताः पुष्करपत्रवच्च ।
गुप्तेन्द्रियाः कूर्मवदेकभाव-
मुपागताः खड्गिविषाणवच्च ॥२४२॥

હે, યતિવરો ! આપ શરદઋતુના સરોવરના જલ જેવા નિર્મળ ચિત્તવાળા છો, કમલપત્રની જેમ નિર્લેપ છો, કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય છો, ખડગીના એક શીંગડાની જેમ આપ અનેકની સાથે છતાં એકલવીર છો.



अवश्यभाविनो वस्तुनः स्थगितिर्बलवताऽपि कर्तु-मशक्या ।

અવશ્ય બનનારી વસ્તુને રોકવા બળવાન્ પણ સમર્થ નથી.

(ભાવિભાવને મિથ્યા કરવા કોણ સમર્થ છે ?)

सदा विहङ्गा इव विप्रमुक्ता
भारण्डपक्षीन्द्रवदप्रमत्ताः ।
शौण्डिर्यभाजो गजवच्च जात-
स्थामप्रकर्षा वृषभा इवोच्चैः ॥२४३॥

હે નિર્ગ્રન્થો ! આપ પંખીની જેમ સ્વૈરવિહારી છો, ભારડંપક્ષીની જેમ અપ્રમત્ત છો, હાથીની જેવા પરાક્રમી છો, બળદની જેમ ખૂબ અને જન્મજાંત ઉન્નત બળના સ્વામી છો.

**जैनधर्मं हि क्षायिकभाववर्तिन एवार्हन्त उपदिशन्ति । भिन्नप्ररूपणामूलयो रागद्वेषयोरभावात् ॥**

જૈનધર્મનો ઉપદેશ ક્ષાયિકભાવમાં વર્તતા તીર્થંકરો કરે છે. કેમ કે ભિન્નપ્રરૂપણા-મૂલક રાગદ્વેષનો તેમનામાં અભાવ છે. (જેઓમાં રાગદ્વેષ હોય તેની પ્રરૂપણામાં ફેરફાર આવે. પણ તીર્થંકરો તો આ બધા કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી જ ઉપદેશ આપતા હોવાથી બધા જ તીર્થંકરોનો ઉપદેશ એક સરખો હોય છે. (બધા જ સર્વજ્ઞોના કથનમાં એક વાક્યતા હોય છે.

दुर्धर्षतां सिंहवदब्धिवच्च
गम्भीरतां मन्दरवत्स्थिरत्वम् ।
प्राप्ताः सितांशूज्वलसौम्यलेश्याः
सूर्या इवात्यद्भुतदीप्तिमन्तः ॥२४४॥

હે ! શ્રમણો ! સિંહની જેમ આપ દુર્ધર્ષ છો, સાગરશા ગંભીર છો, મેરુ જેવા સ્થિર છો, ચન્દ્રશી સૌમ્યપ્રકૃતિના માલિક છો, સૂર્યશા અદ્‌ભુત તેજના ધણી છો.

**आणाए अवट्टंतं जो उववूहेइ मोहदोसेणं ।**
**सो आणा अणवच्छं मिच्छत्तविराहणं पावे ॥**

જે આજ્ઞામાં વર્તતો નથી તેની ઉપબૃંહણા (પ્રશંસા) મોહદોષથી કરે તો તે આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધનાના ફળને પામે છે.

સમજ્યા વગર જેની તેની પ્રશંસા કરનારાઓએ ઉપરની વાતનો ખૂબ જ વિચાર કરવા જેવો છે. પ્રશંસા કરવાલાયકની જ પ્રશંસા થાય. જિનાજ્ઞામાં રહેલા જ પ્રાયઃ પ્રશંસાને પાત્ર છે.

सुजातरूपास्तपनीयवच्च
भारक्षमा एव वसुन्धरावत् ।
ज्वलत्त्विषो वह्निवदुल्लसन्ति
समाधिसाम्योपगता मुनीन्द्राः ॥२४५॥

હે, ભિક્ષુઓ !

સુવર્ણ જેવું આપનું જન્મજાત તેજ છે, પૃથ્વીનો ભાર વહન કરવાની આપનામાં તાકાત છે, અગ્નિ જેવા તણખા ઝરતું આપનું ઉલ્લસિત સ્વરૂપ છે.

સમાધિના સામ્યના સ્વામીઓ ! હે મુનીન્દ્રો ! આપને લાખ લાખ વંદન...

अर्थाधिगमस्य प्रायः कुशलपरिणामकारकत्वात् ।

(સૂત્રોના) અર્થનો બોધ (જ્ઞાન) પ્રાયઃ કુશળ પરિણામને કરનારો છે. અર્થજ્ઞાન વિનાનું માત્ર સૂત્રજ્ઞાન ઝાઝો લાભ કરતું નથી. સૂત્ર ભણીને પણ અર્થજ્ઞાન તો મેળવવું જ જોઈએ.

गजाश्च सिंहा गरुडाश्च नागा,
व्याघ्राश्च गावश्च सुरसुराश्च ।
तिष्ठन्ति पार्श्वे मिलिताः समाधि-
साम्यस्पृशामुज्झितनित्यवैराः ॥२४६॥

જે સમાધિના સામ્યરસને પીને પચાવી શકે છે એમની એ પરમસમતાથી આંદોલિત થએલા વાયુ મંડળમાં આવી ગયેલા જનમના વૈરી કે હિંસક જીવો-હાથી, સિંહ, ગરુડ, વાઘ, ગાયો, દેવો અને દાનવો-એક બીજાની બાજુમાં ભારે પ્રેમથી બેસી જાય છે. એ વખતે હિંસા કે વૈર એ તો એમનું કોક ભવનું સોણલું બની જાય છે.

स्वाध्यापादयश्च निराबाधा गच्छवास एव ।

સ્વાધ્યાય, ધ્યાન, સંયમક્રિયા, તપ, ગુરુભક્તિ વગેરે ગચ્છમાં રહેવાથી જ નિરાબાધપણે થાય છે. (ગચ્છમાં રહેવાથી જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થાય છે.)

चरीकरीति प्रशमं समाधि-
साम्यस्पृशां दृग्लहरी जनानाम् ।
पान्थस्य किं पद्मसरः समीर-
स्तापं न निर्वापयितुं क्षमः स्यात् ॥२४७॥

જો કમળે ઢંકાએલા સરવરીઆને સ્પર્શીને જતો પવન પણ (માત્ર સરોવર નહિ) મુસાફરના થાકને દૂર કરી દેતો હોય તો સામ્યભાવને આત્મસાત્ કરી ચૂકેલા મહામાનવોના નિર્મળ નયનોની અમીઓની લહરીઓ જ્યાં પડે તે લોકોના ચિત્તમાં પ્રશમના ઉછાળા કેમ ન ઊભા કરી શકે !

सत्क्रियाऽनिवृत्तिरूपत्वाद् व्रतपरिणामस्य ।

વ્રતનો પરિણામ સત્ક્રિયાની અનિવૃત્તિ રૂપ છે. (વ્રતનો પરિણામ હૈયામાં હાજર હોય તો સત્ ક્રિયામાં પ્રવૃત્તિ કરાવે જ.) વ્રતનો પરિણામ અને અસત્ ક્રિયા વારિવૈશ્વાનલની માફક એક સાથે રહી શકતાં નથી.

जना मुदं यान्ति समाधिसाम्य-
जुषां मुनीनां मुखमेव दृष्ट्वा ।
चन्द्रेक्षणादेव चकोरबालाः
पीतामृतोद्गारपरा भवन्ति ॥२४८॥

સમાધિભાવમાં મસ્તાન રહેતાં મુનિવરોના મુખને જોતાં ય ભવ્યાત્માઓના ચિત્તમાં આનંદ આનંદ છાઈ જાય છે.

ચન્દ્રને જોવા માત્રથી ચકોરપક્ષીના બચ્ચાં કેવા આનંદવિભોર બની જાય છે ?

કેમ જાણે અમૃત પીધું હોય અને તેનો ઓડકાર ન આવી ગયો હોય ?

चारित्रिणो द्रव्याद्यापद्यपि न भावः परिवर्त्तते ।

દ્રવ્યાદિની આપત્તિમાં પણ ચારિત્રી આત્માનો ભાવ ફરતો નથી.

समाधिसाम्यादुदितान्मुनीनां
हर्षप्रकर्षो वचनाद् भवेद् यः ।
गुरुत्वमत्येति महानिधान-
लाभेन सार्धं तुलितोऽपि नायम् ॥२४१॥

સમાધિની સમતા ઉદય પામી જાય એવા મુનિના વચનશ્રવણથી મુનિઓના ચિત્તમાં જે હર્ષ ઊભરાઈ જાય છે તે એટલો બધો ભારેખમ હોય છે કે જગતના ઘણા મોટા નિધાનના લાભથી ઉત્પન્ન થતાં હર્ષ સાથે પણ જો એની તુલના કરવામાં આવે તો તેનાથી પણ વધુ ગુરુતાવાળો સાબિત થાય. મહામુનિનું વચન એટલે નિધાનનું પણ નિધાન...ક્યાંથી એ ઝટ મળે ?



स्वमतिप्रवृत्तेर्भवफलत्वेनोक्तत्वात् ।

સ્વમતિપૂર્વકની (શાસ્ત્રમતિ વગરની) પ્રવૃત્તિ ભવરૂપ ફળ આપનારી કહી છે. સ્વચ્છંદ પ્રવૃત્તિ સારી હોય તો પણ સંસારવૃદ્ધિ કરનારી છે.

स्थिरासनाऽशेषविकारशून्या,
समाधिसाम्याद्भुतरङ्गभाजाम् ।
मुद्रापि मुद्-राज्यसुधासमुद्रा-
ऽमुद्रामृतांशुद्युतिरङ्गभाजाम् ॥२५०॥

સમાધિરૂપ સામ્યભાવની સિદ્ધિથી પ્રાપ્ત થએલા અધ્યાત્મના અદ્ભુત રંગની જમાવટવાળા અને આનંદ રાજ્યરૂપ સુધા-સમુદ્રને વિકસિત કરનાર પ્રફુલ્લ (સમુદ્ર) ચન્દ્રની અસીમ દ્યુતિ'શા રંગ (સૌમ્ય)થી શોભતા મુનિઓની મુદ્રા પણ સ્થિરાસનવાળી અને સઘળા ય વિકારોથી શૂન્ય હોય છે.

संसारम्मि असारे,
नत्थि सुहं वाहिवेयणापउरे ।
जाणंतो इह जीवो,
न कुणइ जिणदेसियं धम्मं ॥

વ્યાધિ-વેદનાબહુલ એવા સંસારમાં સુખ નથી. આવું જાણવા છતાં જીવ જિનપ્રણીત ધર્મને આરાધતો નથી. (દુઃખ, દર્દ અને દોષોથી ભરેલી આ દુનિયામાં સુખની કલ્પના કરવી તે મૂર્ખાઈ છે.)

**अपेक्षितान्तःप्रतिपक्षपक्षैः**
**कर्माणि बद्धान्यपि जन्मलक्षैः ।**
**प्रभा तमांसीव रवेः क्षणेन**
**समाधिसिद्धा समता क्षिणोति ॥२५१॥**

અપેક્ષિત બની ગયો છે અંદરના શત્રુઓનો પક્ષ જેને એવા લાખો જન્મોથી બાંધેલા કર્મોને પણ સમાધિથી સિદ્ધ બનેલા મહાત્માઓની સમતા એક જ ધડાકે સાફ કરી નાંખે છે.

સૂર્યની પ્રભા એક જ ઝાટકે અંધકારના સમૂહને ખતમ કરી જ નાંખે છે ને ?



**धर्मार्थमुद्यतेन प्राणिना सर्वस्य जन्तोरप्रीतिर्न कार्या सर्वथा ।**

ધર્મ માટે ઉદ્યત (તત્પર) બનેલા પ્રાણીએ સર્વ જંતુને અપ્રીતિ થાય એવું સર્વથા ન કરવું.

**संसारिणो नैव निजं स्वरूपं**
**पश्यन्ति मोहावृतबोधनेत्राः ।**
**समाधिसिद्धा समतैव तेषां**
**दिव्यौषधं दोषहरं प्रसिद्धम् ॥२५२॥**

બિચારા સંસારી જીવો મોહદશાના પડળો આંખે ચડી જવાના કારણે પોતાનું અનોખું સ્વરૂપ કદી જોઈ શકતા નથી.

જ્યારે એ અનોખા સ્વરૂપને દેખાડી દેતું દોષહર દિવ્ય ઔષધ સમાધિમાન્ મહાત્માઓ પાસે છે. એનું નામ જ સમતા.

अशुभानुबन्धतोऽनन्तसंसारः ।

અશુભકર્મના અનુબંધથી અનંત સંસારની પ્રાપ્તિ થાય છે.

**बबन्ध पापं नरकैकवेद्यं**
**प्रसन्नचन्द्रो मनसाऽप्रशान्तः ।**
**तत्कालमेव प्रशमे तु लब्धे,**
**समाधिभृत्केवलमाससाद ॥२५३॥**

નારકના તીક્ષ્ણ દુઃખોથી જ ભોગવી શકાય એવું પાપકર્મ અપ્રશાન્ત બની જઈને પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ મનથી બાંધી નાંખ્યું.

પણ જ્યાં તેઓ પ્રશમભાવના શરણે ગયા કે તરત તે સમાધિસ્થ મહાત્માએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું.

કેવો અદ્ભુત છે; પ્રશમનો મહિમા.

**अशुभचिन्ता धर्मविरोधिनी ।**

અશુભ ચિંતા ધર્મની વિરોધી છે.

**गुरुलाघवं च विज्ञेयं धर्मे ।**

ધર્મમાં ગુરુલાઘવ જાણવું જોઈએ.

(પ્રત્યેક ધર્મપ્રવૃત્તિમાં ગુરુલાઘવનો વિચાર જોઈએ.)

षट्खण्डसाम्राज्यभुजोऽपि वश्या,
यत्केवलश्रीर्भरतस्य जज्ञे ।
न याति पारं वचसोऽनुपाधि-
समाधिसाम्यस्य विजृम्भितं तत् ॥२५४॥

ષટ્ખંડના સામ્રાજ્યના જે નાથ હતા તે ભરતને પણ કૈવલ્યલક્ષ્મી વશ થઈ ગઈ ! આ કેવી આશ્ચર્યજનક વાત છે ? સાધુજીવનના સ્વીકાર વિનાના આ રાજવી હતા, હોં !

પણ આ આશ્ચર્ય તે સમાધિની સમતાએ જ સર્જ્યું છે. કશી ય ઉપાધિ વિના સિદ્ધ થતાં સમતાના આશ્ચર્યો વચનથી અગોચર છે.



न हि क्लिष्टकर्मणां मार्गं प्रति माध्यस्थ्यमपि जायते ।

ક્લિષ્ટકર્મોવાળા જીવોને મોક્ષમાર્ગ પ્રત્યે માધ્યસ્થભાવ પણ જાગતો નથી.

अप्राप्तधर्माऽपि पुरादिमार्हन्
माता शिवं यद्भगवत्यवाप ।
समाधिसिद्धा समतैव हेतु-
स्तत्रापि बाह्यस्तु न कोऽपि योगः ॥२५५॥

પૂર્વે સમસ્ત ભવચક્રમાં કે તે ભવમાં પણ ચારિત્ર ધર્મ જેમણે પ્રાપ્ત કર્યો નથી એ પ્રથમ તીર્થંકરદેવના ભગવતી માતા મરુદેવાએ મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત કરી લીધી એમાં બાહ્ય કોઈ પણ ધર્મયોગ તો હતો જ નહિ. હા... આંતર સમતા એ જ આ સિદ્ધિમાં હેતુ છે.

पासत्थाइ वंदमाणस्स,
नेव कित्ती न निज्जरा होइ ।
जायइ कायकिलेसो,
बंधो कम्मस्स आणाइ ॥

પાસત્થા વગેરે કુસાધુઓને વંદન કરતાં કીર્તિ થતી નથી કે નિર્જરા થતી નથી, માત્ર કાયક્લેશ અને કર્મનો બંધ થાય છે.

समाधिसाम्यास्तवपुर्ममत्वाः,
मत्वा स्वभावं धृतशुद्धसत्त्वाः ।
न सेहिरेऽर्तिं किमु तीव्रयन्त्र-
निष्पीडिताः स्कन्दकसूरिशिष्याः ॥२५६॥

સમાધિની સમતાથી જેમણે શરીરની મમતાનો નાશ કરી નાંખ્યો, જેમણે સ્વ-ભાવને જ માન્ય કર્યો, જેમણે શુદ્ધ સત્ત્વને ધારણ કર્યું, તે સ્કન્દકસૂરિજીના પાંચસો શિષ્યો જ્યારે તીક્ષ્ણ યંત્રમાં પીલાયા ત્યારે તેમણે જે અતિ ભયંકર પીડાને સહન કરી તેમાં એકની એક સમતા જ કારણ ન હતી શું ? સમતાને સિદ્ધ કર્યા વિના આવી ઉગ્ર પીડા શે સહી શકાત ?

असंभाविनोऽपि वस्तुनः कथञ्चित्संभवो भवति ।

અસંભવિત વસ્તુનો પણ કોઈવાર સંભવ થાય છે.

**लोकोत्तरं चारुचरित्रमेतद्**
**मेतार्यसाधोः समतासमाधेः ।**
**हृदाप्यकुप्यन्न यदार्द्रचर्म-**
**बद्धेऽपि मूर्धन्ययमाप तापम् ॥२५७॥**

અહો ! તે સમતાસમાધિના સ્વામી મેતાર્યભગવંતનું કેવું લોકોત્તર ચરિત્ર કે માથા ઉપર બાંધેલું ભીનું ચામડું તાપથી તડતડી ઊઠીને ખોપરી તોડવા લાગ્યું તો ય હૈયામાં ય ક્યાં ય ક્રોધની ચીનગારી પણ ન પ્રજવળી.

**जम्म दुक्खं जरा दुक्खं,**
**रोगा च मरणाणि च ।**
**अहो दुक्खो हु संसारे,**
**जत्थ कीसंति जंतुणो ॥**

જ્યાં જન્મનું દુઃખ, જરાનું દુઃખ, રોગનું દુઃખ, મરણનું દુઃખ છે એવા દુઃખમય સંસારમાં પ્રાણીઓ કલેશ પામે છે.

स्त्रीभ्रूणगोब्राह्मणघातजात-
पापादधः पातकृताभिमुख्याः ।
दृढप्रहारिप्रमुखाः समाधि-
साम्यावलम्बात् पदमुच्चमापुः ॥२५८॥

સ્ત્રી, બાળક, ગાય અને બ્રાહ્મણની હત્યાના પાપો કરીને જેમણે અધઃપતનની ખાઈઓ તરફ પોતાનું મોં કરી દીધું એવા દઢપ્રહારી વગેરે પાપાત્માઓ પણ જો તે જ ભવમાં મુક્તિપદને પામી ગયા તો તેમાં એક જ કારણ હતું; સમતાનું ઉત્કૃષ્ટ આલંબન.

सूत्रग्रहणफलं हि यथावस्थितोत्सर्गापवादशुद्धहेयोपादेय पदार्थसार्थपरिज्ञानं तदनुसारेण चरणकरण प्रवृत्तिश्च ।

સૂત્ર ગ્રહણનું (શાસ્ત્ર ભણવાનું) ફળ યથાવ-સ્થિત ઉત્સર્ગ અપવાદ શુદ્ધ હેયોપાદેય પદાર્થના સમૂહનું જ્ઞાન થાય અને તેને અનુસાર ચરણકરણની પ્રવૃત્તિ થાય તે છે.

(ચરણકરણનું સાધક બને તે જ સાચું જ્ઞાન)

कर्मक्षये हेतुरितीष्टमेक-
मैकान्तिकं साधुसमाधिसाम्यम् ।
उदाहृतास्तीर्थकरैर्विचित्रा
दिग्दर्शनायास्य परे तु योगाः ॥२५९॥

સર્વકર્મોનો બુકડો બોલાવી દેવામાં જો કોઈ એક અને અમોઘ શસ્ત્ર હોય તો તે સાધુસમાધિ જ છે, આ શસ્ત્રોની ધારને તીક્ષ્ણ બનાવવા રૂપે જ તીર્થંકરદેવોએ બીજા ધર્મયોગો આરાધવાનું જણાવ્યું છે, એ બધા તો માત્ર સમાધિની દિશાના સૂચક જ છે.

श्रीशत्रुञ्जये स्वल्पमपि कृतं पुण्यं महाफलप्रदं भवति ।

શ્રી શત્રુંજય ઉપર થોડું પણ કરેલું પુણ્ય મહાફળને આપનારું થાય છે.

रक्षन् शशं मेघकुमारजीव-
द्विपो भवं यत्प्रतनूचकार ।
निर्दिष्टमव्यक्तसमाधिसाम्यं
तत्रापि मार्गाभिमुखत्वबीजम् ॥२६०॥

મેઘકુમારના પૂર્વભવમાં હાથીના જીવે સસલાની રક્ષા કરીને પોતાનો સંસાર ખૂબ ઘટાડી નાંખ્યો તેમાં તેની જે માર્ગાભિમુખતા થઈ તેના બીજરૂપે અવ્યક્ત-સમાધિ સામ્યને જ શાસ્ત્રકાર પરમર્ષિઓએ જણાવ્યું.

यच्च प्रतिनियत एव समये कश्चिन्मोक्षगमनयोग्यं पुण्यं कर्तुं शक्नोति नान्यथा, तदपेक्षया तु नियता ।

જે કોઈ પ્રતિનિયત સમયમાં મોક્ષગમન યોગ્ય પુણ્ય કરવા શક્તિમાન્ થાય તેની અપેક્ષાએ નિયત ભવસ્થિત હોય.

समाधिसाम्यक्रमतो हि योग-
क्रियाफलावञ्चकलाभभाजः ।
आसादितात्यद्भुतयोगदृष्टि-
स्फुरच्चिदानन्दसमृद्धयः स्युः ॥२६१॥

સમાધિરૂપ સામ્યના ક્રમથી યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક યોગની સિદ્ધિ થાય છે તેથી અદ્ભુત યોગદષ્ટિ પ્રાપ્ત કરનારા તે મહાત્માઓ દેદીપ્યમાન ચિંદાનન્દની સમૃદ્ધિના સ્વામી બને છે.



**केवली जीवोपक्रमादिस्वरूपं ज्ञात्वैव भाषते, नान्यथा ।**

કેવલી ભગવાન્ જીવના ઉપક્રમાદિ સ્વરૂપને જાણીને જ બોલે છે, અન્યથા નહિ.

समाधिमाहात्म्यमिदं जनानां
पुरःस्फुरद्रूपमतो विधित्सुः ।
वक्ष्ये विचित्रां रुचिरोपमानैः
कथां पवित्रामनुसुन्दरस्य ॥२६२॥

લોકોની સમક્ષ સમાધિનું આવું માહાત્મ્ય મારે સ્પષ્ટ રૂપમાં હવે મૂકવું છે એટલે અનુસુન્દર રાજાની એક પવિત્ર કથા હું કહીશ. આ કથા સુંદર ઉપમાનોથી વૈવિધ્ય ભરપૂર બની રહેશે.

गुरुकुलत्यागिनां बहुमानेन पक्षपातेन करणभूतेन उन्मार्गानुमोदना अनागमिकाचारानुमतिः, किं फला ? दुर्गतिप्रयोजना ।

ગુરુકુલ (ગુરુઆજ્ઞા-નિશ્રા)ના ત્યાગીઓનું બહુમાન કરવાથી ઉન્માર્ગની અનુમોદના થાય છે. (આગમ વિરુદ્ધ આચારની અનુમોદના થાય છે.) અને તેનું ફળ શું ? તો દુર્ગતિ.

ગુરુનિશ્રા છોડી સ્વચ્છંદપણે વિચરતા સાધુઓનું બહુમાન, ભક્તિ, પ્રશંસા કરવાથી ઉન્માર્ગને પોષણ મળે છે. અને તેથી અનવસ્થાની પરંપરા ચાલે છે.

कथा यदीया निजवाक्यभङ्गी-
पुण्ड्रेक्षुयन्त्रोपमिता मितार्था ।
रसं यदुत्थं भविका पिबन्ति,
विनाऽप्यपेक्षां खलु चर्वणायाः ॥२९३॥

અલ્પ અર્થોવાળી આ કથા પોતાના વાક્યોની વિવિધ રચનારૂપી શેરડી-યન્ત્રની ઉપમા પામી છે. જેમાંથી પ્રાપ્ત થએલો રસ જ્યારે ભવિક જનો પીશે ત્યારે તેમને રસ ઉત્પન્ન કરવા માટે ચગોળવાની જરૂર પણ નહિ રહે.



आचामाम्लादौ अतिशययत्नपरो भवेत् ।

આયંબિલ આદિના તપમાં અત્યંત પ્રયત્નવાળા બનવું.

धृत्वा तृणं याति सीता स्ववक्त्रे,
द्राक्षापि सा सङ्कुचति ह्रियेव ।
विधोः सुधा च क्षयमेति भीता,
मन्ये जिता यस्य कथारसेन ॥२६४॥

આ કથાના રસની તો શી વાત કરું ? આ કથા રસની મીઠાશને જોઈને તો સાકરની સેંતી બની અને જાણે પરાજય જાહેર કરતી લોકોના મોંમા તરણાંની જેમ બેસી ગઈ. અને પેલી દ્રાક્ષ તો આ કથારસની મીઠાશ પાસે પોતાની મીઠાશને કાંઈ વિસાતમાં ન જોઈને શરમથી સંકોચાઈ ગઈ !

અને ચાંદની સુધા તો બિચારી આ કથારસ પાસે હાર ખાઈને ભયભીત થઈને વારંવાર ક્ષીણ થઈ જવા લાગી.

आयुःक्षयादर्वाक् धर्मः कर्तव्य इति गुर्वाज्ञाऽस्ति ।

આયુષ્યના ક્ષય પૂર્વે ધર્મ કરવો જોઈએ એ પ્રમાણે ગુરુઆજ્ઞા છે.

**निजां कथां यः कथयन् सभायां,**
**निनाय सभ्यान् मणिदर्पणत्वम् ।**
**तेषु प्रपन्नाः प्रतिबिम्बभावं**
**भावाः समग्रा इति यत्कथोक्ताः ॥२६५॥**

જેણે પોતાની કથા સભામાં કહેતાં કહેતાં, સભાજનોને એવા તો મણિમયદર્પણ જેવા બનાવી દીધા કે કથામાં કહેલા સઘળા ભાવો તે દર્પણોમાં પ્રતિબિમ્બિત થઈ ગયા !

**णिअत्तग्गहदुक्खे ।**

કોઈ પણ દુઃખની ભીતરમાં જરા ડોકિયું કરીને જોજો. ત્યાં કોઈને કોઈ આગ્રહ દેખાશે. આગ્રહ એ જ દુઃખ છે. એને છોડી દો તો તમે સુખી પૂર્ણ સુખી.

**कथा यथार्थैव मता मुनीन्द्रै-**
**वैराग्यहेतुः किल कल्पिताऽपि ।**
**यत्पुण्डरीकाध्ययनं द्वितीये**
**प्रसिद्धमङ्गे परिकल्पितार्थम् ॥२६६॥**

વૈરાગ્યના રસની છોળો ઉડાડતી કથા કદાચ કલ્પિત હોય તો પણ તે યથાર્થ જ છે. એ વાત ગીતાર્થ મુનિવરોને સર્વથા માન્ય છે.

જુઓ ને, બીજા આચારાંગ નામના અંગમાં જે પુંડરીક અધ્યયન છે તે કલ્પિત અર્થવાળું જ છે ને ?



**विसं कामा ।**

કામના એટલે ઝેર હળાહળ ઝેર. જે રિબાવી રિબાવીને મારે છે ને ભવોભવ મારે છે.

**नेयं कथा गुणरथाध्वनि मत्कृतापि,**
**स्थूलापि यास्यति सतां किमनुग्रहेण ।**
**कर्पासजातिमपि किं न नृपोपभोग्यां,**
**कुर्यात्सुशिल्पिघटनापटनामदात्री ॥२६७॥**

મારી બનાવેલી; ઘણી સ્થૂળ એવી પણ કથા ઉપર જો સજ્જનોનો અનુગ્રહ ઉતરી જાય તો શું ગુણરથના માર્ગ ઉપર સડસડાટ કરતી નહિ ચાલી જાય ?

રે ! ઉત્કૃષ્ટ કોઈ દરજી પોતાની કારીગીરી દ્વારા જેને 'વસ્ત્ર' એવું નામ આપે છે તે મૂળમાં હલકી ગણાતી એવી પણ કપાસની જાતિ, રાજા-મહારાજાઓના ઉપભોગમાં આવતી નથી શું ?

**न च निरर्थकं वाक्यमुच्चारयन्ति सन्तः ।**
સજ્જનો નિરર્થક વાક્ય ઉચ્ચારતા નથી.

चरितमिह निजैर्गुणैश्च दोषै-
निखिलैर्जनैरनुभूयते यदन्तः ।
श्रवणपुटसुधायतां बुधानां
बहिरुपमानपदार्पितं तदेव ॥२६८॥

સઘળા ય સંસારીજનો પોતાના આંતરિક જીવનના ગુણો અને દોષોથી તૈયાર થએલા જે ચરિત્રને અનુભવે છે તે જ આંતર ચરિત્રને મેં બાહ્ય જગત્ના પદાર્થોની ઉપમાઓથી મઢીને આ કથામાં તૈયાર કર્યું છે. સજ્જનોના કર્ણરૂપી પુટમાં આ ચરિત્ર અમૃતસમું બની જાય એમ હું ઇચ્છું છું.

उत्पत्तिः पुनर्युगपत् तीर्थस्य, विगमोऽपि युगपद् भवति।

તીર્થની ઉત્પત્તિ પણ એક સાથે થાય છે અને નાશ પણ એક સાથે થાય છે.

**यो यो भावो जनयति मुदं वीक्ष्यमाणोऽतिरम्यो**
**बाह्यस्तं तं घटयति सुधीरन्तरङ्गोपमानैः ॥**
**मग्नस्येत्थं परमसमताक्षीरसिन्धौ यतीन्दोः ।**
**कण्ठाश्लेषं प्रणयति**
**घनोत्कण्ठया द्राग् यशःश्रीः ॥२६९॥**

જગત્માં જે જે અતિ સુંદર દેખાતો બાહ્યભાવ ચિત્તને આનંદ આપતો હોય તે તે બાહ્યભાવને અન્તરંગ ઉપમા દ્વારા બુદ્ધિમાન્ પુરુષો જીવંત બનાવે છે.

શ્રેષ્ઠ જે મુનિવરો આવા ઉપમિતિ-ચરિત્રોની રચના દ્વારા પરમ સમતાના ક્ષીરસાગરમાં મગ્ન થઈ જાય છે તેમને ભારે ઉત્કંઠાથી કંઠે આશ્લેષ આપવા માટે યશલક્ષ્મી આનંદવિભોર બની જાય છે.

**वीराय नित्यं नमः ।**

ઓ કરૂણાસાગર ! ઓ અનંતોપકારકારક ! દેવાધિદેવ ચરમતીર્થપતિ પ્રભુ મહાવીર ! મારા તને નિત્ય નમસ્કાર છે.

## પરિશિષ્ટ-૧

# સાધુ જીવનની સારમયતા

મુમુક્ષુ આત્માને વ્યક્તિગત કલ્યાણની સાધના પ્રધાન હોય છે, તેની સાચવણી-ખીલવણીને સાપેક્ષ રહીને સર્વ કાર્યો કરવાનાં હોય છે, માટે મુમુક્ષુ આત્મા અનંત પુણ્યરાશિના અતિપ્રકર્ષના પરિણામે મેળવેલ પ્રભુશાસનના લોકોત્તર સંયમની આરાધનાના અનુકૂળ સાધનોની સફલતા યથાયોગ્ય શી રીતે મેળવી શકાય તે અંગે શ્રી આચારાંગ આદિ શાસ્ત્રોમાં નાના પ્રકારનું વર્ણન છે, તે બધાના આધારે ઉપયોગી અભ્યાસક્રમ અહીં જણાવાય છે.

૧. પ્રથમ તો સાધુ-સાધ્વીએ દીક્ષાનો પરમાર્થ સમજી બાહ્ય જીવનમાંથી આંતરિક જીવન જીવવા માટેની પૂર્ણ તૈયારીવાળા જીવન જીવવા માટેની પોતાની જવાબદારી ધ્યાનમાં રાખીને, પરમ હિતકારક જ્ઞાની ભગવંતોના વચનોને પૂર્ણ વફાદાર રહેવું ઘટે, તે વચનો પણ પોતાની બુદ્ધિની તુચ્છતાના કારણે સંપૂર્ણ=યથાર્થ ન સમજાય તેવા પ્રસંગે પણ સાક્ષાત્ ઉપકારી પોતાના ગુરુભગવંતો પ્રતિ પૂર્ણ વિનયભાવે નમ્રતા દાખવી પોતાના આત્મિક વિકાસ માટે પૂર્ણ જાગૃત રહેવું ઘટે.

૨. દીક્ષા લીધા પછી રોજની ઉપયોગી ક્રિયાઓની શુદ્ધિ અને જયણાપૂર્વક પાલન થાય, તે માટે વિધિનું સંપૂર્ણ જ્ઞાન

મેળવી યથાશક્ય પ્રયત્ન કરી વિધિપૂર્વક પાલન માટે નિરંતર ધ્યાન રાખવું.

૩. આવશ્યક સૂત્રોના અર્થો, સામાચારીની નિર્મલતા, આવશ્યક ક્રિયાની સમયાદિવ્યવસ્થાપૂર્વક નિયત વ્યવસ્થા અને આચારપ્રધાન સાધુજીવન જીવવા આદિની તત્પરતા માટે શક્તિસંપન્ન આત્માએ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

૪. દીક્ષા લીધા પછી પહેલી તકે નીચે જણાવ્યા મુજબ પ્રાથમિક અભ્યાસ કરવો જરૂરી છે. જેનાથી આત્મા સંયમ વિવેકની મહત્તા સમજી વ્યક્તિગત આત્મિક કલ્યાણની સાધનાને સાધવા ઉદ્યત થઈ શકે.

**૧. આવશ્યકક્રિયાના સૂત્રો** (અર્થ સાથે)

શક્ય હોય તો સંહિતા, પદસંધિ, સંપદા અને ઉચ્ચાર-શુદ્ધિની યોગ્ય કેળવણી મેળવવી જરૂરી છે.

**૨. શ્રીદશવૈકાલિક સૂત્ર** (અર્થ સાથે)

સંસ્કૃત ન જાણનારે પણ ગુરુમુખે આખા ગ્રંથનો અર્થ ધારી, તેમાંથી ધ્યાન રાખવા લાયક નોંધ કરી, રોજ તે સંબંધી યોગ્ય ઉપયોગની જાગૃતિ રાખવા પ્રયત્ન સેવવો.

આખા દશવૈકાલિક સૂત્રનો યોગ ન બને તેમ હોય તો પણ **પહેલા પાંચ અધ્યયનો, આઠમું, દશમું** અને **છેલ્લી બે ચૂલિકાઓ** ખાસ ગુરુગમથી અર્થ સહિત ધારવી, તેમજ **દશવૈકાલિક સૂત્રના દશ અધ્યયનોની સજ્ઝાયો** ગુરુગમથી ધારવી અને બને તો ગોખવી.

૩. **શ્રીઓઘનિર્યુક્તિ** ગ્રન્થની વાચના ગુરુમુખે લેવી અને તેમાંથી વિહાર, ગોચરી, પડિલેહણ, સ્વાધ્યાય, સ્થંડિલભૂમિ, રોગ-ચિકિત્સા, પાત્રલેપ આદિ સંબંધી યોગ્ય જયણા આદિની નોંધ કરવી.

**૪. વૈરાગ્યવાહી ગ્રંથોનું વાંચન-મનનાદિ,**

જેમકે **શ્રી અધ્યાત્મકલ્પદ્રુમનો** બીજો, પાંચમો **આઠમો, નવમો**, અગિયારમો, **તેરમો**, અને **પંદરમો** અધિકાર, **શ્રીપ્રશમરતિ, શ્રીજ્ઞાનસાર, શ્રીઉપદેશમાલા, શ્રીશાંતસુધારસગ્રંથ**, શ્રી રત્નાકરપચ્ચીશી, શ્રીહૃદયપ્રદીપ છત્રીશી, શ્રીકુમારપાલ ભૂપાલ રચિત સાધારણજિન સ્તવન વગેરે ગ્રંથો.

**૫. દ્રવ્યાનુયોગનો પ્રાથમિક અભ્યાસ—**

ચારે અનુયોગમાં પ્રધાન ચરણકરણાનુયોગની મહત્તા-સફલતા દ્રવ્યાનુયોગની સાપેક્ષ વિચારણા પર અવલંબે છે, માટે પ્રાથમિક કક્ષામાં વર્ત્તતા બાલજીવોને માટે ચરણકરણાનુયોગ અમુક ક્રિયાઓના શુભ આસેવનના બલે આત્મિક સંસ્કારોના ઘડતરની ભૂમિકા તૈયાર કરે છે, પણ સાધુજીવનમાં તો તે ભૂમિકા ઉપર યોગ્ય સંસ્કારોનું મજબૂત મંડાણ કરવાનું હોય છે, તેથી દ્રવ્યાનુયોગની સાપેક્ષપ્રધાનતા (પોતાના માટે) જરૂરી છે. માટે **ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, ચાર કર્મગ્રંથ** (શક્તિ-ક્ષયોપશમ આદિની અનુકુળતા હોય તો **છ કર્મગ્રંથ**, નહિ તો ચારથી સામાન્યખ્યાલ આવી રહે છે)

**શ્રી તત્વાર્થ સૂત્ર, શ્રી નયકર્ણિકા, શ્રી પ્રયાણનય-તત્વાલોકાલંકાર અને શ્રી દ્રવ્યગુણપર્યાયનો રાસ** સમકિતના ૬૭ બોલની સજ્ઝાય યોગદષ્ટિની સજ્ઝાય વગેરે તાત્ત્વિક વિચારના પ્રાથમિક ગ્રંથોનું અધ્યયન જરૂરી છે.

આમાંના કેટલાક સંસ્કૃત ભાષા અને શાસ્ત્રીય જ્ઞાનની પ્રૌઢતા માગે તેવા છે, છતાં સંસ્કારરૂપે યત્કિંચિત્ અંશે પણ ગુરુગમથી બુદ્ધિનું પરિકર્મણ કરવા ઉપયોગી હોવાથી તેવા ગ્રંથો પણ આમાં જણાવ્યા છે.

૬. ઉપર મુજબનું પાયાનું તાત્ત્વિક-શિક્ષણ મળ્યા બાદ શક્તિસંપન્ન આત્માએ સ્વકલ્યાણની સાધનાને અનુકૂલ સર્વ સાધનોનો સંપૂર્ણ વ્યવસ્થિત ઉપયોગ જયણા પ્રધાન જીવન જીવવારૂપે કર્યા બાદ વધેલી શક્તિનો પરકલ્યાણમાં ઉપયોગી કરી કર્મનિર્જરાના માર્ગે જલ્દી આગળ વધી શકાય, તે માટે સંસ્કૃતભાષાનો અભ્યાસ કરવા પ્રયત્નશીલ થવું ઉચિત છે, નહિ તો દીક્ષા લીધી અને દીક્ષાના વાસ્તવિક ભાવાર્થને જીવનમાં ઉતારવારૂપે સ્વકલ્યાણને અનુકૂલ અધ્યવસાય-શુદ્ધિના સાધનો તાત્ત્વિક શિક્ષણ દ્વારા મેળવ્યા ન હોય અને પરકલ્યાણની ભાવનામાં તાત્ત્વિક અભ્યાસથી દૂર જવાય, તો જીવનમાં પડેલા અનાદિકાલના સંસ્કારો માન-અભિમાન, જનરંજન, બહિર્ભાવની વૃત્તિ આદિ સ્વરૂપે આત્માને સંયમના મૂલ ધ્યેયથી ખસેડી મૂકે તેમ પણ બનવા સંભવ છે.

આમ છતાં ઉપર જણાવેલ બાબતોમાં યોગ્ય ગીતાર્થ-

જ્ઞાની ગુરુ ઔચિત્યાનૌચિત્યનો વિચાર કરી યોગ્ય રીતે પ્રવર્ત્તી શકે છે, પણ સામાન્યતઃ સ્વેચ્છાથી પ્રવર્તનારા આત્માઓ શુભ ભાવના હોવા છતાં કેટલીક વાર વિપરીત અવસ્થામાં મૂકાઈ જાય છે.

માટે ઉપર જણાવ્યા મુજબ સાધુપણાના સારરૂપે સ્વ-કલ્યાણની સાથે અન્ય આત્માઓના હિતને સાધવારૂપનો લાભ મેળવવા પ્રાથમિક ઘડતર માટે ઉપયોગવંત થવાની જરૂર છે.

•

## પરિશિષ્ટ–૨

# સંયમપાલનની વિશિષ્ટ મર્યાદાઓ

૧. વિગઈ વાપરવી તે સાધુ માટે પાપ છે, કારણે ગુરુ મહારાજની અનુજ્ઞા મેળવીને પ્રમાણસર વાપરવા ઉપયોગ રાખવો.

૨. દિવસે ઉંઘવું તે સાધુ માટે દૂષણ છે.

૩. દોડવું કે જલદી ચાલવું તથા રસ્તે ચાલતાં હસવું કે વાતો કરવી સાધુ માટે ઉચિત નથી.

૪. ભૂલ થઈ જાય તો સરલ ભાવે ગુરુ મહારાજ આગળ નિખાલસ ઈકરાર કરવો જોઈએ.

૫. કપડાંનો કાપ બહુ મેલા થયા પહેલાં ન જ કાઢવો.

૬. વારંવાર વાપરવું કે વાસના પોષવા ખાતર વાપરવું ઉચિત નથી.

૭. સારી વસ્તુ આપણી પાસે આવી હોય તો બીજા સાધુની ભક્તિ કરવી જોઈએ.

૮. ગુરુ મહારાજ આવે ત્યારે "મત્થએણ વંદામિ" કહેતાં જ ઊભા થવું જોઈએ.

૯. પોતાની બુદ્ધિનો ઉપયોગ ગુરુ આજ્ઞા થયા પછી કદી પણ ન કરવો.

"બહુવેલ સંદિસાઉં" આદેશના મર્મને સમજવાની જરૂર છે.

૧૦. કોઈપણ ચીજ મંગાવવી હોય કે કંઈપણ કામ કરવું હોય તો ગુરુ મહારાજને પૂછવું જોઈએ.

૧૧. બંને ટંકનું પ્રતિક્રમણ મર્યાદા પૂર્વક શુદ્ધ ઉચ્ચાર સાથે એકાગ્રતા પૂર્વક કરવું જોઈએ.

૧૨. મુહપત્તીનો ઉપયોગ બરાબર જાળવવો.

૧૩. શ્રાવકો-ગૃહસ્થોને 'આવો જાઓ' 'આ કરો-તે કરો' એમ આદેશાત્મક વચન કહેવાય નહિ.

૧૪. રસ્તામાં ચાલતાં આડું અવળું જોવું નહિ, વાતો કરવી નહિ, ભણવું, ગોખવું કે આવૃત્તિ પુનરાવર્તનાદિ પણ ન કરવું.

૧૫. ઈર્યાસમિતિનો ઉપરોગ બરાબર જાળવવો.

૧૬. કોઈની પણ નિંદા સાંભળવી કે બોલવી નહિ.

૧૭. સ્ત્રીને જાણી-જોઈને આંખથી ધારી જોવી નહિં. (એ જ રીતે સાધ્વી માટે પુરુષનું સમજવું.)

૧૮. વાપરતાં પહેલાં પાતરામાં અને પડિલેહણ વખતે વસ્ત્રાદિમાં બરાબર દૃષ્ટિ પડિલેહણ કરવું જોઈએ.

૧૯. બીજા સાધુના પાતરાં તરફ નજર ન કરવી કે- 'એને શું આપ્યું ?' કે 'એણે શું વાપર્યું' આદિ.

૨૦. સાધુએ શરીરને અનુપયોગી ચીજો વાપરવાની ટેવ છોડવી જોઈએ.

૨૧. ઓછું, સાદું અને વૃત્તિ સંક્ષેપપૂર્વક વાપરવાથી સારી ભાવનાઓ આવે છે.

૨૨. કોઈપણ સાધુ કામ બતાવે તો હર્ષપૂર્વક તે કામ કરવા તૈયાર થવું જોઈએ.

૨૩. સંયમના ઉપકરણો સિવાયની ચીજોનો ઉપયોગ સાધુ માટે અનિષ્ટ છે.

૨૪. "સારી વસ્તુ બીજાઓને ભલે મલો ! મારે ગમે તે વસ્તુથી ચાલશે" આવી ભાવના હૈયામાં નિરંતર રાખવી.

૨૫. વાપરતાં પહેલાં ગુરુ મહારાજને પૂછવું જોઈએ કે 'આ ગોચરી...પાણી વાપરું ?

૨૬. બિમારી આદિ આગાઢ કારણ વિના નવકારશીનું પચ્ચ૦ સાધુ માટે ઉચિત નથી.

૨૭. સવારમાં ઉઠતાં જ શ્રી નવકારમહામંત્રનું સ્મરણ કરવું જોઈએ, અને ગુરુમહારાજના ચરણોમાં મસ્તક ઝુકાવી આત્મસમર્પણનો ભાવ કેળવવો જોઈએ.

૨૮. સવારમાં દશ વાગ્યા સુધી કંઈપણ નવું આગમિક, પ્રાકરણિક કે સૈદ્ધાન્તિક ગોખવું જોઈએ.

૨૯. સ્તવન સજ્ઝાય આદિ સવારના દશ વાગ્યા પહેલાં ન ગોખાય.

૩૦. ક્રિયાઓમાં લોચા કે અવિધિ કરવાથી વિરાધનાનું ભયંકર પાપ બંધાય છે.

૩૧. સવારે રાઈપ્રતિ૦ સૂર્યોદયથી બે ઘડી પહેલાંની મર્યાદાએ કરવું-પણ ચાર વાગ્યે ઉઠી તો જવું. અને ચાર લોગસ્સ૦નો કાઉ-કરી ચૈત્યવંદન અને ભરહેસરની સજ્ઝાય સુધી કરી મંદસ્વરે સ્વાધ્યાય અથવા વિવિધ કાઉસ્સગ્ગ કરવા.

૩૨. સવારે ચાર વાગ્યા પછી સંથારામાં પડી રહેવું સાધુને શોભે નહિ.

૩૩. સંયમના ઉપકરણો, ભણવાના પુસ્તકો આદિ સાચવીને વ્યવસ્થિત રાખવાં જોઈએ.

૩૪. સારાં કપડાં કે સારું વાપરવાનું મળે તેવો વિચાર પણ ન આવવા દેવો. સંયમોપયોગી શુદ્ધ યથાસમયે જેવા મળે તેવા વસ્ત્ર-આહારથી ચલાવી લેવાની વૃત્તિ કેળવવી.

૩૫. વાપરવું એ સંયમી માટે વેઠરૂપ છે, શરીરને નભાવવા માટે નછૂટકે કરવાની તે ક્રિયા છે, માટે તેમાં બે ઘડીથી ઉપરાંત સમય ન થવા દેવો જોઈએ.

૩૬. આયંબિલનો તપ સાધુ માટે અમૃતરૂપ છે. વિગઈવાળો આહાર ઝેરરૂપ છે. આ વાત ધ્યાનમાં રાખી વગર કારણે મિષ્ટ પદાર્થો કે વિગઈઓનો વધુ પડતો પરિભોગ સાધુએ

ન કરવો જોઈએ.

૩૭. સંયમના સઘળા ઉપકરણો અને પુસ્તકો વગેરેનું સવાર-સાંજે જયણાપૂર્વક પડિલેહણ કરવું જોઈએ. સાધુને કોઈપણ ચીજ પડિલેહણ કર્યા વિનાની વપરાય જ નહિ.

૩૮. સાધુની કોઈપણ ચીજ રસ્તામાં રખડતી કે જ્યાં ત્યાં પડી ન રહેવી જોઈએ. તેમ કરવાથી સંયમના ઉપકરણની અવહેલના-આરાધના તેમજ અયતના અધિકરણનો દોષ લાગે છે.

૩૯. રસ્તામાં સામેથી કોઈપણ સાધુ મળે તો વિનયપૂર્વક હાથ જોડી મુખ આગળ મુહપત્તિ રાખી 'મત્થએણ વંદામિ' કહેવું.

૪૦. સંયમની નાવમાં બેઠા પછી તેના કર્ણધાર-ખલાસીસમા ગુરુમહારાજની આજ્ઞાઅનુસાર વર્તન રખાય તો ભવસમુદ્રથી પાર પમાય, અન્યથા સંભવ નથી.

૪૧. સારું સારું વાપરવાથી, સારી ચીજોનો ઉપયોગ કરવાથી મારું પુણ્ય ખૂટે છે અને નવું પાપ બંધાય છે એમ વિચારવું.

૪૨. પાંચ તિથિએ ચૈત્યપરિપાટી જરૂર કરવી.

૪૩: પર્વ તિથિ અને વિશિષ્ટ દિવસોએ ચાલુ દિવસ કરતાં કંઈક વધુ તપ કરવો.

૪૪. સાધુએ દુનિયાની સઘળી પંચાત મૂકી દઈ આપણા જીવનની શુદ્ધિનો ખ્યાલ બરાબર કેળવવો.

૪૫. બ્રહ્મચર્ય સંયમનો હાથ છે. તે વિના સંયમ મુડદા જેવું છે માટે બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન બરાબર કરવા માટે

ઉપયોગવંત રહેવું.

૪૬. સાધુએ બોલવામાં કદી પણ 'જ' કારનો પ્રયોગ ન કરવો.

•

## પરિશિષ્ટ–૩

# સંયમની સાધનારૂપ : પગદંડીઓ

૧. ગુરુઆજ્ઞા એ સંયમસાધનાનો મુખ્ય પ્રાણ છે, તે વિના કદી પણ આત્મકલ્યાણના પંથે પ્રયાણ શક્ય જ નથી.

૨. ગુરુના ચરણોમાં આત્મસમર્પણ સંયમ સાધનાનું મુખ્ય અંગ છે.

૩. ગુરુ મહારાજનો ઉપકાર રોજ સ્મરણ કરવો જોઈએ કે મને ભવસમુદ્રમાં પડતો કેવો બચાવ્યો ? અને બચાવવા હજી પણ નિષ્કારણ કરુણા વરસાવી રહ્યા છે.

૪. ગુરુમહારાજ કાંઈ પણ કહે-આજ્ઞા કરે, ભૂલ થતાં તે સંબંધી ઠપકો આપે કે કદાચ કઠોર સ્વરે તર્જનાદિ પણ કરે, પણ આ બધું મારા આત્માના એકાંત હિતઅર્થે છે. મારા ભાવરોગને હઠાવવા તેની તીવ્રતા આદિની અપેક્ષાએ મૃદુ-મધ્ય-તીવ્ર કે કડવા ઔષધોના વિવિધ પ્રયોગોની પ્રક્રિયા પૂ. ગુરુદેવ અપનાવી રહ્યા છે !!! આ જાતની શુભ ચિંતના વિવેકબળે ટકાવવી જરૂરી છે.

૫. પૂજ્ય અને ઉપકારી ગુરુદેવ કે વડિલની સામે કદી પણ જેમ તેમ અસભ્ય ન બોલાય આ માટે પૂરતું ધ્યાન રાખવું.

૬. શરીરને જેટલું ઈચ્છાપૂર્વક કષ્ટ આપીએ તેટલી પાપોની વધુ નિર્જરા થાય છે.

૭. પાંચ મહાવ્રતોનું પાલન પોતાના વ્હાલા પ્રાણોની જેમ કરવું જોઈએ.

૮. કોઈપણ સાધુના દોષો આપણાથી જોવાય નહિ. બીજાના દોષો જોવાથી પોતાનો આત્મા દોષવાળો બને છે, કાળું જોવાથી મન કાળું બને છે, ઉજળું જોવાથી મન ઉજળું બને છે.

૯. બીજાના ગુણો જ આપણે જોવા જોઈએ.

૧૦. કોઈની પણ અદેખાઈ-ઈર્ષા સાધુથી ન કરાય.

૧૧. બીજાની ચઢતી જોઈને રાજી થવું જોઈએ.

૧૨. "દરેકનું ભલું થાઓ" આવી ભાવના નિરંતર રાખવી જોઈએ.

૧૩. પોતાના ઉપકારી ગુરુમહારાજના દોષો કે ભૂલો તરફ કદી પણ નજર ન જવા દેવી.

૧૪. શરીરની જ સંભાળ કરનાર **સંસારી** કહેવાય. આત્માની જ સંભાળ માટે સાવધ રહે તેનું નામ **સાધુ.**

૧૫. શું ખાઈશ ? કયારે ખાઈશ ? શું મળશે ? અમુક ચીજ નહિ મળે તો ? આદિ આદિ ક્ષુદ્ર વિચારણાઓ કરવી ઉચિત નથી.

૧૬. ગમે તેવો કડવો બોલ (શબ્દ) સહન કરે તે સાધુ.

૧૭. 'હું' અને 'મ્હારું' ભૂલે તે સાધુ.

૧૮. "સારી વસ્તુઓ બીજાઓને ભલે મલો ! મ્હારે ગમે તેવી વસ્તુથી ચાલશે" આવી ભાવના વારંવાર કેળવવી.

૧૯. હસવું તે સાધુ માટે પાપ છે.

૨૦. કોઈની પણ મશ્કરી સાધુથી કરાય જ નહિ.

૨૧. ગમે તેવી પણ કોઈની ખરાબ વાત સાંભળવી નહિ, કદાચ સંભળાઈ જાય તો પેટમાં જ રાખવી.

૨૨. કોઈની પણ નિંદા કરવી નહિ. તેમજ સાંભળવી પણ નહિ.

૨૩. સ્વભાવ શાંત રાખવો.

૨૪. **"સંસાર દુ:ખની ખાણ છે, અને સંયમ સુખની ખાણ છે"** આ વાત બરાબર યાદ રાખવી.

૨૫. કોઈ પણ વાતનો કદાગ્રહ ન રાખવો.

૨૬. હંમેશાં સામા માણસના દૃષ્ટિબિંદુને સમજવા પ્રયત્ન કરવો.

૨૭. કોઈપણ વાતમાં 'જ'કારનો પ્રયોગ ન કરવો.

૨૮. ગુરુ મહારાજ વાતમાં હોય કે કામમાં હોય ત્યારે કંઈ પૂછવું નહિ.

૨૯. ગુરુ મહારાજની અનુકૂળતાઓ સાચવવી એજ સંયમ શુદ્ધિ માટે જરૂરી ગુરુવિનયની પ્રાથમિક ભૂમિકા છે.

૩૦. આપણા હિતની વાત કડવી હોય તો પણ હસતે

મુખે સાંભળવી.

૩૧. ઓછી ચીજોથી ચલાવતાં શીખવું જોઈએ. જરૂરીયાતો ઘટાડવી એ સાધુતાની સફલતા છે.

૩૨. મરણ કયારે ? તેનું કંઈ ધોરણ નથી, માટે શુભ વિચારોને અમલી બનાવવામાં પ્રમાદી ન રહેવું.

૩૩. આપણી પ્રશંસા-વખાણ સાંભળી ફુલાઈ ન જવું. તેમજ નિંદા સાંભળી ક્રોધ ન કરવો.

૩૪. 'આત્મામાં અનંત શક્તિ છે' એ વિચારીને તેને બરાબર દૃઢ રીતે કેળવી સંયમ, જ્ઞાન, ધ્યાન અને તપની પ્રવૃત્તિમાં વીર્યોત્સાહપૂર્વક આગળ વધવા પ્રયત્નશીલ રહેવું.

૩૫. સંયમાનુકૂલ કોઈપણ પ્રવૃત્તિમાં કાયર કદી ન બનવું, કદાચ પરિસ્થિતિવશ આચારથી કાયરતા આવે તો પણ વિચારોથી કાયર કદી ન બનવું.

૩૬. આંખ, કાન, જીભ વગેરે ઈન્દ્રિયો ડાકૂ છે, તે આત્માનું બધું પુણ્યધન લુંટી લે છે, માટે ઈન્દ્રિયો કહે તેમ ન કરવું-પણ જ્ઞાનીઓ જેમ કહે તેમ કરવું.

૩૭. મધુર ખાવાની સારી ચીજો કે જોવા લાયક સુંદર પદાર્થો ખરેખર ઝેર છે, તેનાથી આત્માને અનંત જન્મ-મરણ કરવા પડે છે માટે ઈન્દ્રિયનિગ્રહ માટે સાવચેત રહેવું.

૩૮. પરસ્પૃહા એ મહાદુઃખ છે, તૃષ્ણાનો વિજય એ સુખની ચાવી છે, માટે જેમ બને તેમ મુનિએ નિઃસ્પૃહતા ખૂબ કેળવવી જોઈએ.

૩૯. વિનય વગરના મોટા તપની કે ભણવાની કંઈ

કિંમત નથી.

૪૦. સાધુ જો સંયમની પાલના આરાધક ભાવથી કરે તો મોક્ષની કે દેવલોકની પ્રાપ્તિ કરે છે-પણ વિરાધક ભાવથી સંયમ દૂષિત કરે તો નરક-તિર્યંચ આદિ દુર્ગતિ અવશ્ય મેળવે છે.

૪૧. ગુરુનો અવિનય કરનાર કદી કલ્યાણની સાધના કરી ન શકે.

૪૨. શરીરને સુકુમાલ ન બનાવવું: સંયમ-તપ અને સ્વાધ્યાદિ પ્રવૃત્તિઓમાં યથાયોગ્ય રીતે પ્રવર્ત્તી શરીરનો કસ કાઢવા લક્ષ્ય રાખે તે સાધુ.

૪૩. દીક્ષા લીધા પછી મા-બાપનો કે સગા-વહાલાંનો મોહ ન રખાય, તેમની સાથે ગુરુઆજ્ઞા વિના ધર્મની પણ વાત ન થાય.

૪૪. સાપ કાંચળી ઉતારે તેમ સંસારથી અળગા થયા પછી સંયમીએ તપેલા લોઢાના ગોળા જેવા તે ગૃહસ્થો સાથે નિરપેક્ષ રીતે કે સ્વચ્છંદ રીતે સંભાષણ, પરિચય કે પત્ર-વ્યવહારાદિ સર્વથા ન કરવું જોઈએ.

૪૫. સાચા સંયમી માટે ગૃહસ્થો સાથેનો પરિચય પાપ છે.

૪૬. પાપનો બાપ લોભ છે, અને પાપની માતા માયા છે.

૪૭. નકામી વાતો કરવી નહિ તેમજ સાંભળવી પણ નહિ.

૪૮. જ્ઞાન-દર્શન-ચારિત્રના પ્રયોજન વગરની કોઈ પણ પ્રવૃત્તિ સંયમીએ કરવી ન જોઈએ.

૪૯. વિચારોમાં ઉદારતા, સ્વાર્થરહિતપણું અને પરાર્થવૃત્તિ કેળવવાથી સંયમની આસેવના આત્માને ઉજ્જવલતર બનાવવામાં વધુ ચોક્કસ રીતે ફલવતી થાય છે.

૫૦. **"હું જીવ માત્રને અભયદાન આપવાની વિશદ પદવીવાળા સંયમનો અધિકારી છું."** આ જાતની જવાબદારી સતત જાગૃત રાખવી જોઈએ. જેથી હલકા વિચારો કે ક્ષુદ્ર સ્વાર્થમૂલક પ્રવૃત્તિઓ સ્વતઃ ક્ષીણ થઈ જાય છે.

૫૧. સાધુને ચિંતા હોય તો એક જ કે "ભવભ્રમણથી શી રીતે બચાય ?" અને તે માટે જરૂરી સંયમની પાલના ગુરુચરણે પૂર્ણપણે સમર્પિત થઈ જવાની તમન્ના સાધુના માનસમાં અહોનિશ જાગતી હોય છે. પરની દીનતા સાધુનું મોટામાં મોટું દૂષણ છે.

૫૨. મોટા બેરિસ્ટરો કે વકીલો ગિની-સોનામહોરોના હિસાબે મિનિટની કિંમત વાત કરનાર અસીલ સાથે આંકતાં હોય છે, તો તેના કરતાં પણ સંયમી જીવનનો એકેક ક્ષણ અમૂલ્ય છે તેથી નિષ્પ્રયોજન વાતો કે અનુપયોગી પ્રવૃત્તિઓમાં જરા પણ સમય વ્યર્થ ન ગુમાવવો જોઈએ.

૫૩. જે સાધુ ઇન્દ્રિયોના વિકારોને પોષવામાં કપડાં-શરીરની ટાપટીપ કે માનપાનમાં ફુલાઈ જાય છે તેનું જીવન અધોગામી જ બને છે.

૫૪. સાધુએ ખાસ કામ વિના આસનેથી ઊઠવું ન

જોઈએ. નિષ્પ્રયોજન જ્યાં ત્યાં ફરવાની ટેવ સાધુને છાજતી નથી.

૫૫. સાધુએ ચંચલતા છાંડી દરેક ક્રિયામાં સ્થિરતા કેળવવી.

૫૬. ભણતી વખતે કે લખતી વખતે ટટાર બેસવું જોઈએ જેથી શરીરમાં રોગ ન થાય.

૫૭. સવારમાં ચાર વાગ્યા પછી સૂવું ન જોઈએ, કેમકે તે વેલાએ મન ધર્મધ્યાનમાં જલ્દી વળી શકે છે.

૫૮. સ્વાધ્યાય કે ખાસ જરૂરી કામ સિવાય મૌન રહેવા પ્રયત્ન કરવો.

૫૯. સાધુની ભાષા મીઠી-મધુર, ન્યાયોપેત, નિરવદ્ય અને પ્રભુની આજ્ઞાનુસારી હોવી જોઈએ.

૬૦. ગુરુમહારાજનો ઠપકો મિષ્ટાન્ન કરતા પણ વધારે મીઠો લાગવો જોઈએ.

૬૧. સારું બ્રહ્મચર્ય પાળનાર પ્રાયઃ રોગી બનતો નથી.

૬૨. બ્રહ્મચર્ય-ભંગથી બાકીના ચાર મહાવ્રતોનો પણ ભંગ થઈ જાય છે.

૬૩. સાધુને શરીર કરતાં આત્માની ચિંતા વધારે હોય. આ લોક કરતા પરલોકની ચિંતા વધુ હોય છે.

૬૪. સાધુ-સાધુ વચ્ચે ખટપટો કરાવે કે નારદ-વિદ્યા કરી પોતાને હોશિયાર માને તે સાધુ ન કહેવાય.

૬૫. દરેક ધર્મ ક્રિયાઓ કરતાં ભગવાનને યાદ કરવા

જોઈએ કે—અહો નિષ્કારણ કરુણાલુ પરમાત્માએ ભવોદધિ-તારક કેવી સરસ ક્રિયાઓ નિર્દેશી છે ?

૬૬. સવારમાં રોજ ઉઠતાં જ વિચારણા કરવી ઘટે કે-"હું સાધુ છું ! મારે પાંચ મહાવ્રતો પાળવાનાં છે ! મારું કર્તવ્ય હું શું નથી કરતો ? મ્હેં કેટલી સંયમની સાધનામાં પ્રગતિ કરી ? તપમાં શક્તિ ગોપવું છું કે કેમ ?" આદિ.

૬૭. ગુરુમહારાજની ઇચ્છાને અનુકૂલ રહેવું તે સંયમીનું પ્રધાન કર્તવ્ય છે.

૬૮. ગુરુમહારાજની કોઈપણ આજ્ઞાને આત્મહિતકર માની હૃદયના ઉલ્લાસથી અમલી બનાવવા પ્રયત્ન કરવો.

૬૯. પોતાની મરજી મુજબ ચાલનાર સાધુ કદીપણ સંયમની મર્યાદાઓ જાળવી શકતો નથી.

૭૦. 'મને આમ લાગે છે માટે હું તો આમ જ કરીશ' એવો કદાગ્રહ ન રાખતાં પૂ. ગુરુદેવને જે યોગ્ય લાગે તે રીતે જ કામ કરવાનો આગ્રહ રાખવો.

૭૧. સ્ત્રી સાતે વાતચીત, બહુ કે વારંવાર વિગઈનો વપરાશ, શરીરની શોભા-ટાપટીપ, આ ત્રણે સાધુ માટે તાલપુટ ઝેર સમાન ભયંકર છે.

૭૨. સંસારને દુઃખથી અને પાપથી ભરેલો જાણી ત્યાગ કર્યો. હવે તે સંસારની ફુલામણીમાં ફરીથી ન ફુલાઈ જવાય તે માટે સાવધ રહેવું ઘટે.

૭૩. સાધુને જે સુખ સંયમના અનુભવથી મળે છે. તે દેવેન્દ્ર કે ચક્રવર્તીને પણ નથી મળતું.

૭૪. સંયમમાં દુ:ખ ઓછું, સુખ વધારે-સંસારમાં સુખ ઓછું, દુ:ખ વધારે-આ એક નક્કર હકીકત છે ! ભલે ! બાહ્યદષ્ટિથી આપણને વિપરીત લાગતું હોય કે-"સંયમમાં દુ:ખ વધારે છે અને સંસારમાં સુખ વધારે છે." ખરેખર આ ભ્રમાત્મક અનુભવ છે.

•

## પરિશિષ્ટ-૪

# સંયમીનું કાર્ય વ્યવસ્થાપત્રક

૧. સવારે કેટલા વાગે ઊઠ્યા ?
૨. કેટલો જાપ કર્યો ?
૩. કેટલા શ્લોક વાંચ્યા ?
૪. કેટલા શ્લોક કંઠસ્થ કર્યા ?
૫. કેટલો વખત જ્ઞાનગોષ્ઠી કરી ?
૬. કેટલો વખત મૌન રહ્યા ?
૭. કેટલો વખત વિકારી ભાવ ઉપજ્યા ?
૮. બીજાનું કામ પરમાર્થ વૃત્તિથી કર્યું કે નહિં ?
૯. કેટલી વાર અસત્ય ભાષણ ?
૧૦. કેટલી વાર માયા પ્રયોગ ?
૧૧. કેટલી વાર ક્રોધ થયો ?
૧૨. કેટલી વાર ચીડાણા ?
૧૩. કેટલો સમય ફોગટ ગુમાવ્યો ?

૧૪. શાસ્ત્રોનું વાંચન-શ્રવણ કર્યું ?

૧૫. આજે ખાસ રીતે કયા ગુણની કેળવણી કરી ?

૧૬. આજે કયા દોષને ટાળવાનો પ્રયત્ન કર્યો ?

૧૭. આજે કયી કુટેવને તજવા સક્રિયતા થઈ ?

૧૮. આજે કુટેવને વર્જવાના પ્રયત્નમાં સફળ કે નિષ્ફળ ?

૧૯. આજે કયી ઇન્દ્રિય સૌથી પ્રબળ ?

૨૦. આજે ગુરુવિનયમાં કયાં બેદરકારી ?

૨૧. ક્રિયાની શુદ્ધિમાં કયાં બેદરકારી ?

૨૨. પ્રતિ૰માં બોલ્યા ?

૨૩. વાંદણા ખમા૰ની મર્યાદા સાચવી ?

૨૪. દ્રવ્ય કેટલા વાપર્યા ?

૨૫. નિદ્રા પ્રમાદ થયો ?

૨૬. વિકથા કરી ?

૨૭. પચ્ચક્ખાણ શું ?

૨૮. સ્વાધ્યાય કેટલો ?

૨૯. મુહપત્તિનો ઉપયોગ રહ્યો ?

૩૦. ચાલવામાં ઈર્યાસમિતિ જળવાઈ ?

૩૧. ગૌચરીના ૪૨ દોષમાંથી કયા દોષ લાગ્યા ?

૩૨. માંડલીના પાંચ દોષમાંથી કયો દોષ ?

૩૩. પુંજવા-પ્રમાર્જવાનો બરાબર ઉપયોગ રહ્યો ?

૩૪. ગૃહસ્થ અધર્મ પામે તેવું વર્તન કર્યું ?

૩૫. અવિનય ઉદ્ધતાઈનો પ્રસંગ ?

આ રીતે વ્યક્તિગત ગુણદોષોના પ્રશ્ન ઊભા કરી તેના ઉપર સૂક્ષ્મ ચિંતન કરવાથી સંયમ માર્ગે સ્ફુર્તિનું બળ વધે છે.

•

## પરિશિષ્ટ–૫

# સાધુ જીવનની રૂપરેખા

૧. રાતના કેટલા કલાક નિદ્રા લીધી ?

૨. સવારે કેટલા વાગે ઊઠ્યા ?

૩. કેટલો જાપ કર્યો ?

૪. કેટલા શ્લોકનું વાંચન કર્યું ?

૫. કેટલા શ્લોક કંઠસ્થ કર્યા ?

૬. કેટલો વખત સત્સંગ કર્યો ?

૭. કેટલો વખત સદુપદેશ સાંભળ્યો ?

૮. કેટલો વખત મૌન રહ્યા ?

૯. કેટલો વખત માંડલીના કાર્યમાં ગાળ્યો ?

૧૦. પચ્ચક્ખાણ શું કર્યું ?

૧૧. કેટલી વાર અસત્ય બોલાયું ?

૧૨. કેટલી વાર ગુસ્સે થવાયું ?

૧૩. કેટલો વખત આત્મચિંતન કર્યું ?

૧૪. કેટલો વખત ધ્યાન કર્યું ?

૧૫. કેટલી વખત નવવાડનું ઉલ્લંઘન કર્યું ?

૧૬. કઈ ઈન્દ્રિયને આધીન થવાયું ?
૧૭. કેટલી વાર ક્રિયામાં પ્રમાદ કર્યો ?
૧૮. કયો ગુણ મેળવવાનો પ્રયત્ન કર્યો ?
૧૯. કયો દુર્ગુણ છોડવા પ્રયાસ કર્યો ?
૨૦. કેટલી વાર એક આસને બેઠા ?
૨૧. કેટલી વાર બીજાનું કામ કર્યું ?
૨૨. કેટલી વાર જ્ઞાનની ભક્તિ કરી ?
૨૩. કેટલો ટાઈમ વાતોમાં ગયો ?
૨૪. કેટલી વાર દેવવંદન કર્યું ?
૨૫. ગોચરી લાવવામાં કેટલા દોષ લાગ્યા ?
૨૬. ગોચરી વાપરવામાં કેટલા દોષ લાગ્યા ?
૨૭. ગોચરી આપવા લેવામાં કેટલી માયા કરી ?
૨૮. કેટલા દ્રવ્યનો સંક્ષેપ કર્યો ?
૨૯. આહાર-પાણીની કેટલી ઉણોદરી કરી ?
૩૦. કેટલી વિગઈ ત્યાગ કરી ?
૩૧. જરૂર વગરની કેટલી વિગઈ વાપરી ?
૩૨. દ્રવ્યાદિ અભિગ્રહો કયા લીધા ?
૩૩. જરૂરી વિગઈ વાપરતા કેટલો રાગ કર્યો ?
૩૪. વિગઈ વાપરતા વડીલોની આજ્ઞા લીધી કે નહિ ?
૩૫. પાત્રામાં આવ્યા પછી ભક્તિ કરી કે નહિ ?

આવી જાતની સદ્વિચારણાથી સાધુ જીવન ઉચ્ચકોટિનું બને છે.

(પરિશિષ્ટ-૧ થી ૫ પૂ. પાદ પં.પ્રવર શ્રી **અભયસાગરજી** ગણિવરકૃત 'મંગળ સ્વાધ્યાયમાંથી ઉધ્ધૃત)

## યુગપ્રધાન આચાર્યસમ પરમ શાસનપ્રભાવક
## પ.પૂ.પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબની
## તેજસ્વી તવારિખ

| | |
|---|---|
| મૂળ વતન | : રાધનપૂર |
| સંસારી નામ | : ઈન્દ્રવદન |
| સંસારી માતાનું નામ | : સુભદ્રાબેન |
| સંસારી પિતાનું નામ | : કાન્તિભાઈ |
| જન્મ તિથિ અને સ્થળ | : સં. ૧૯૯૦ ફાગણ સુદ ૫ મુંબઈ (અંધેરી) |
| વ્યવહારિક અભ્યાસ | : કોલેજ પહલું વર્ષ |
| દીક્ષા તિથિ અને સ્થળ | : સંવત ૨૦૦૮ વૈશાખ વદ ૬ મુંબઈ (ભાયખલા) |
| દિક્ષીત નામ | : મુનિરાજ શ્રી ચંદ્રશેખર વિજયજી મ. સાહેબ |
| ગુરુદેવશ્રીનું નામ | : સિદ્ધાન્તમહોદધિ પં.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબ |
| ગ્રહણ અને આસેવન | |
| શિક્ષાદાતા ગુરુદેવ | : આ.ભ.શ્રીમદ્વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. |
| વિદ્યાદાતા ગુરુદેવ | : આ.ભ.શ્રીમદ્વિજય ગુણાનંદસૂરીશ્વરજી મ.સા. |
| વિદ્યાદાતા પંડિતવર્ય | : ઈશ્વરચંદ્રજી પંડિત-દુર્ગાનાથજી ઝા-પ્રભુદાસભાઈ પારેખ |
| પંન્યાસપદ પ્રદાનતિથિ | : માગસર સુદ-૧૦, તપોવન નવસારી ૨૦૪૧ |
| સ્વર્ગવાસ તિથિ | : શ્રાવણ સુદ-૧૦, તા. ૮-૮-૨૦૧૧ સોમવાર |
| સ્વર્ગવાસ સ્થળ | : આંબાવાડી જૈન ઉપાશ્રય |
| અગ્નિસંસ્કાર | : શ્રાવણ સુદ-૧૧ મંગળવાર તા. ૯-૮-૨૦૧૧ |
| અગ્નિસંસ્કાર સ્થળ | : તપોવન અમીયાપુર |
| ઉંમર | : ૭૭ વર્ષ પાંચ માસ પાંચ દિવસ |
| દીક્ષા પર્યાય | : ૫૯ વર્ષ |

જેણે મુનિ-જીવનનો કઠોર-કાંટાળો પંથ સ્વીકાર્યો છે એમના માટે તો આ સ્તબક ખરેખર ભોમીઆની ગરજ સારે છે. વાત્સલ્યની હુંફના ભૂખ્યા માટે એ ખરી મા નું સ્થાન લે છે. અકળાએલા કોક અભાગી માટે એ સાચો મિત્ર બની રહે છે. આ સ્તબકમાં મુખ્યત્વે જે ત્રણ પદાર્થોને સંકલિત કર્યા છે; તે છે; વિરાગ, ભક્તિ અને સમાધિ.

વિરાગની વેલડીના અસ્તિત્વને ભયમુક્ત કરી દેવું હોય તો તમે ભક્તિનો માર્ગ પકડો ભક્તિ એટલે જિનભક્તિ. આ ઈશભક્તિ એક એવી છે કે જે તમારા વિરાગની ધરતીથી ધ્રૂજી ઊઠેલી કલ્પલતાને 'અભય વચન' જાહેર કરી શકે.

યુગપ્રધાન આચાર્ય સમ પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ પ્રેરિત
કમલ પ્રકાશન ટ્રસ્ટ

પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો: ૯૮૨૫૦ ૨૪૨૦૪